કલા, કારીગરી અને કૌશલ્યને ઉજાગર કરતું માસિક • ૧૦, ફેબ્રુઆરી–૨૦૨૨ | ₹ ૩૦

# વિશ્વકર્મા વિશ્વ




## વિશ્વકર્મા જયંતી વિશેષાંક






**: શુભેચ્છક :**

**સુનિલ ગજ્જર - ૯૮૨૪૨ ૧૦૯૧૦**

**જીજ્ઞેશ સંચાણિયા - ૯૮૯૮૦ ૧૦૯૧૦**

INNOVATIVE
mould works

**H.O. :** Plot No. 72/2, Nr. Old tall Plaza, NH-8B Gondal Highway, Kothariya, Rajkot-04
**Plant :** Plot No. 1 to 4, Survey No. 35/2/7, Behind Shri Raj Casting, Pipaliya Gundasara Road, Pipaliya, Rajkot-360311

# YAMUNA®




HÖFLER HELIX



## MAXIMUM FLEXIBILITY WITH GEAR GRINDING

### YAMUNA GEARS PVT. LTD.

Plot No. : 138/141, Survey No.: 43/1, B/h Jackgon Co., 150 Feet Ring Road, Vavdi, Rajkot - 360 004. (Gujarat) INDIA. Mo. : +91 99798 49922 | 99798 49933
Email : info@yamunagears.com | sales@yamunagears.com
Website : www.yamunagears.com

વિશ્વકર્મા જયંતીની સૌને હાર્દિક શુભેચ્છા...




**Jagubhai Bharadia**
Managing Director
Mob.: 98250 74693

**Ankit J. Bharadia**
M.Tech. In UK
Director (Technical)
Mob.: 93289 99942

SINCE 1981

# SIFCO ENGINEERING PVT. LTD.

- Specialist in major kiln repair/maintenance, brick lining, commissioning, erection, system retrofit, fabrication & machining
- Service provider to major cement & chemical plants across North-West-Central India & Overseas (Africa & UAE)

SIFCO sealing solutions

## SIFCO ENTERPRISE

- Authorised Distributors of DICHTA Switzerland made oil seals

DICHTA®

**Corporate Office :** 16,17 & 32 Ankur Comm. Centre, Opp. Swaminarayan Gurukul, Gondal Road, Rajkot-360 002.Tele. : (O) 0281-2381464 E-mail : sif567@yahoo.com

TÜV ISO/TS 16949

**ISO 14001:2004, OHSAS 18001:2007 and ISO/TS 16949:2009 Certified**

**Branch Office**

| | | | |
|---|---|---|---|
| Porbander | Kodinar (Ambuja) | Beawer (Raj.) | Dubai (UAE) |
| Jafrabad | Raipur (M.P.) | Pune (MH.) | Nairobi-Kenya (Africa) |

# ELGON CEMENT LTD.

BRAND Hi-Bond CEMENT

**Manufacturers And Supplier Of 43/53 OPC & PPC Grade Cement**

Factory Add. : UASIN GISHU ELDORET
At. Turbo East / Leseru Block 7 (Leseru)/581
P.O. Box 8589,Eldoret-30100 - Kenya. (Africa)
Mob.: +254-797 260991,
E-mail: info@epilkenya.com

Corporate Office : 10, Mogotyo Road,
P.O. Box 43414-00100 Nairobi - Kenya.(Africa)
P.O. Box 8589,Eldoret-30100 - Kenya.(Africa)
E-mail: info@epilkenya.com

VISHWAKARMA VISHAWA
(GUJARATI-MONTHLY)
RNI REGD. NO.GUJGUJ/2013/49269




Volume No.-11, Issue No.1
Date : 10-02-2022

Page : 52
Retail Price Rs.30/-
Annual Subscription Rs. 300/-

**Editor :** Pravin Dayaljibhai Gajjar (Bhadeshia)

**Graphic Design :** Amit Vaghela

**Web Editor :** Parth Gajjar

**Marketing :** Rameshbhai Vaghasana

**Office :** Vishwakarma Vishwa, Ramy Publication, 320, Heera Panna Complex, Dr. Yagnik Road, Rajkot-360001. Ph. 0281-2461858

**Editor-Publisher-Owner & Printer**: Pravin Dayaljibhai Gajjar (Bhadeshia), Printed & Published at Ramy Printers, 'Meghavi', R.M.C. Nagar, Near Jain Boarding, Airport Road, Rajkot-360007, (Gujarat)

**E-mail:** vishwakarmavishwa@yahoo.com
**Web:** vishwakarmavishwa.com
www.fb.com/vishwakarmavishwa

**‘વિશ્વકર્મા વિશ્વ’માં પ્રકાશિત થતી વાંચન સામગ્રીમાં વ્યક્ત થતા વિચારો જે-તે લેખકના છે. એની સાથે તંત્રી/સંપાદક હંમેશા સંમત જ છે તેમ માનવું નહીં. કાનૂની ક્ષેત્ર રાજકોટ રહેશે.**

## તંત્રી સ્થાનેથી...

# ‘વિશ્વકર્મા વિશ્વ’ના ૧૯માં વર્ષના મંગલ પ્રારંભે સુખદ સંભારણું...

‘વિશ્વકર્મા વિશ્વ’ના ૧૯માં વર્ષના મંગલ પ્રારંભે સુખદ સંભારણું તાજું થાય છે. ગુલાલ ખિસ્સામાં ની ભરી રખાય પણ સૌની વચ્ચે ઉડાડાય, અને ‘વિશ્વકર્મા વિશ્વ’ સમાજની પ્રગતિ અર્થે ગુલાલ ઉડાડયો છે.

કલા, કારીગરી અને કૌશલ્યને ઉજાગર કરતા વિશ્વકર્મા પરિવારના મુખપત્ર ‘વિશ્વકર્મા વિશ્વ’નું પૂ. મોરારીબાપુના હસ્તે વિમોચન થયું હતું. ઉપરાંત આજે પર્યંત પૂ. અપૂર્વમુનિએ, ગુજરાત રાજયના પૂર્વ મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણીએ અને અન્ય મહાનુભાવોએ ‘વિશ્વકર્મા વિશ્વ’ના દિવાળી તથા વિશ્વકર્મા જયંતીના વિશેષાંકોનું પણ વિમોચન કર્યું હતું.

‘વિશ્વકર્મા વિશ્વ’ને વિશ્વકર્મા પ્રભુની કૃપાથી દેશભરમાંથી જ નહીં પરંતુ વિદેશમાંથી પણ આવકાર મળતો રહયો છે, જે આનંદની વાત છે. અમે ફરી ખાતરી આપીએ છીએ કે ‘વિશ્વકર્મા વિશ્વ’ સદાય હકારાત્મક ભૂમિકા ભજવીને પરિવારજનોના હિતને હૈયે રાખીનેજે આગળ વધતું રહયું છે અને હજુ પણ આપ સૌના સાથ-સહકારથી આગળ વધશે.

આપણો સમાજ વધુ સંગઠિત બનાવવા. વધુ સુશિક્ષિત બનાવવા વધુને વધુ પારિવારિક ભાવના કેળવીને આપણો વિશ્વકર્મા સમાજ ઉન્નત મસ્તકે પ્રગતિ સાધશે અને તે માટેની ‘શ્રી વિશ્વકર્મા પ્રભુજીની કૃપા આપણા ઉપર સદૈવ વરસ્યા કરશે તેવી વિશ્વકર્મા જયંતીના પાવન અવસરે વિશ્વકર્મા પ્રભુજીને પ્રાર્થના કરું છું.

આ ધન્યક્ષણે કોઇ ઔપચારિકતા વ્યકત કરતો નથી, પણ ‘વિશ્વકર્મા વિશ્વ’ને પ્રારંભથી આજપર્યંત તન-મન-ધનથી સહયોગ આપનાર વિજ્ઞાનપદાન, વ્હાલા વાંચકો, શુભેચ્છકોનો હૃદયથી આભાર વ્યકત કરી રાજીપો અનુભવું છું.

પુનઃ વિશ્વકર્મા પ્રભુને પ્રાર્થના કરું છું કે આવનારા દિવસોમાં દાદા આપણાને સૌને નિરોગી રાખે પ્રસન્ન રાખે અને સુખ-સમૃદ્ધિ અને શાંતિ અર્પે.

જય વિશ્વકર્મા

PDGajjar
◆ પ્રવિણ ગજ્જર

**નોંધ :** વિશ્વકર્મા વિશ્વમાં પ્રસિદ્ધ થતી વાંચનસામગ્રીનો અમારી પરવાનગી વગર ઉપયોગ કરવો નહીં નહીંતર કાયદેસરના પગલા લેવાશે તેની નોંધ લેવી. - **તંત્રી**

# શ્રી વિશ્વકર્મા પ્રભુની ઉપાસના

બચુભાઈ વડગામા

બ્રહમાજી અને વિશ્વકર્માને વેદ, પુરાણોમાં પ્રજાપતિ કહયા છે, તેમજ વિશ્વકર્માને દેવતાઓના શિલ્પી પણ કહયા છે. કારણ કે વિશ્વકર્મા શિલ્પ તથા વાસ્તુશાસ્ત્રના પ્રચારક અને આચાર્ય છે. તેવા દેવશિલ્પી વિશ્વકર્માની જીવન ઝાંખી જ્ઞાન–વિજ્ઞાનના અનેક રહસ્યો ખોલનારી છે. દેવતાઓ, મનુષ્યો તથા દૈત્યો, નાગજાતિ, યક્ષો કિન્નરો સર્વના સુખ માટેનું વિશ્વકર્માનું બહુ જ મોટું પ્રદાન છે. વિશ્વના દરેક નિર્માણ કાર્યના અધિષ્ઠા દેવ તે છે. પુરાણોના આધારે કહીએ તો સ્વયં પરબ્રહમ પરમાત્મા વિશ્વકર્માના રૂપમાં શિલ્પનાં કાર્યમાં તત્પર રહે છે. વાસ્તુશાસ્ત્ર અને પુરાણોમાં લખ્યુ છે વિશ્વકર્મા પ્રસન્ન થાય તો શિલ્પ નિર્માણના કાર્યો કોઈ પણ વિઘ્ન આવ્યા વિના પુાર થાય છે. સમય આવ્યે બ્રહમાજી, વિષ્ણુ, રુદ્ર, ઈન્દ્ર, વાયુ, વરુણ, અર્યમાં વિશ્વદેવ સર્વ વિશ્વકર્માના ચાહક છે તેની તન, મન અને ધનથી સેવા કરે છે. વિશ્વકર્માનો ધ્યય, સ્વર્ગ, પાતાળ અને પૃથ્વીના સર્વ લોકોને સુખો, શાંતિ અને નિર્ભય બનાવાનો છે.



જયારે આખી પૃથ્વી ઉપર વૃત્રાસુરનું સામ્રાજય ફેલાયું હતું ત્યારે તેમણે પૃથ્વીને જળહીન કરી દિધી, પૃથ્વી ઉપર આવતું સર્વજળ. તેણે રોકી લીધું. વૃત્રાસુરે વર્ષા બંધ કરી દીધી. દુઃખી થયેલા મનુષ્યોએ દેવતાઓને પ્રાર્થના કરી પણ ઈન્દ્ર, વૃત્રાસુર પાસે શકિતહીન હતો. ત્યારે પૃથ્વીવાસીઓને આકાશવાણીએ વિશ્વકર્માની પ્રાર્થના કરવા કહ્યું.

તમો બધા ત્વષ્ટા (વિશ્વકર્મા)ની પ્રાર્થના કરો, કારણ કે સ્વર્ગની સર્વશકિત વિશ્વકર્મા થકી છે, ઈન્દ્ર વિશ્વકર્મા થકી બધા સુખો ભોગવે છે.

આકાશવાણી સાંભળી સર્વ મનુષ્યો તથા દેવતાઓએ વૃત્રાસુરનાં ત્રાસથી છુટવા ભગવાન વિશ્વકર્માની એકસો આઠ નામની પ્રાર્થના કરવા લાગ્યાં. તે વિશ્વકર્માના નામનો જપ કરવાથી સઘળી કામનાઓ પુરી થાય છે. અહીં તેમના નામના અર્થ સાથે પ્રાર્થના રજુ કરું છું. કાર્ય સિદ્ધિ કરનાર નામ સાધકને ભોગ તથા મોક્ષ આપનાર તથા મનની શાંતિ આપનાર નામો સૂતજીએ આ પ્રમાણે કહ્યાં છે.

(૧) અજ–જન્મ થતો નથી અજન્મા (૨) અતુલ–જેની કોઈ સાથે તુલના ન થાય તેવા (૩) અધિક માર્મિક – બીજાએ કરેલા કાર્યનું નિરીક્ષણ કરનાર (૪) અધિનાયક – સર્વાધિકાર સંપન્ન (૫) અધિષ્ઠાતા – બીજા પાસે કાર્યો કરાવવાની ક્ષમતાવાળા (૬) અધિશ્વર – સર્વોચ્ચ સત્તાવાળા નેતા (૭) અભિધેય – વર્ણન કરવાને લાયક (૮) અભિનંદા – વંદન કરવા લાયક (૯) અભિક્ષક – રક્ષણ કરવામાં સતત રહેવાવાળા (૧૦) અભ્યુદયકારી – બધાનું કલ્યાણ કરવાવાળા (૧૧) અમંદ – પોતાના કાર્યમાં આળસુ નહીં. (૧૨) અર્ચનીય – બધાને પુજવાને યોગ્ય. (૧૩) આઢયંકર – અત્યંત ધનવાન બનાવી આપનાર (૧૪) અદિકર – સૃષ્ટિનો આરંભ કરવાવાળા (૧૫) આનંત્ય – કોયપારન પામી શકે તેવા (૧૬) આનંદન – પોતાના ગુણ કર્મ અને પ્રભાવથી બધાને આનંદ આપનાર (૧૭) આનંદન – પોતાના ગુણ કર્મ અને પ્રભાવથી બધાને આનંદ આપનાર (૧૭) આયઃશૂલિક – કાર્ય કુશળ આળસ વગરના (૧૮) આરાધનીય – પુજા કરવાને યોગ્ય. (૧૯) ઈરેશ – લોકોના અધિપતિ (૨૦) ઈક્ષક – સમદર્શી પુરૂષ (૨૧) ઈશ્વર – ઐશ્વર્યવાન બધાના સ્વામી (૨૨) ઉચ્ચ્રડ – ઉંચા સ્વરવાળા (૨૩) ઉત્તમ શ્લોક – બધાથી મોટા કિર્તીવાળા (૨૪) ઉત્પાદક – ઉત્પાદન કરવાવાળા (૨૫) ઉદ્યમી – સર્વ પ્રકારના ઉદ્યમો કરનાર (૨૬) એકાક્ષ – ૐ સ્વરૂપ પરમાત્મા (૨૭) એકાન્ત – એક વસ્તુમાં લક્ષ રાખવાવાળા (૨૮) એકાત્મ્ય – પરમાત્મા તૂલ્ય (૨૯) ઐશ્વર્યવંત – વૈભવશાળી મહાપુરૂષ (૩૦) ઓજસ્વિ – અત્યંત શકિતશાળી વીર્યવાન (૩૧) ઔપમિક – ઉપમા આપવી પડે તેવા વિશિષ્ટ (૩૨) ક. આ બહુ જ વ્યાપક શબ્દ છે અર્થ થાય છે રચના કરનાર વિશ્વકર્મા, બ્રહમા, વિષ્ણુ, યમ, વાયુ, અગ્નિ, ક્રમદેવ (૩૩) કષ્ટક – વિશોધક – સર્વ કષ્ટ અને વિઘ્નો દુર કરવાવાળા (૩૪) કલ્યાણક – કલ્યાણ કરવાવાળા

(૩૫) કાર્મુક – સમય પ્રમાણે કામ કરવાવાળા (૩૬) કાલાધ્યક્ષ – કાળના સ્વામી (૩૭) કાલજ્ઞ – સમય પ્રમાણે કામ કરવાવાળા (૩૮) કીર્તિકીય – કિર્તન ભજન કરવાને યોગ્ય (૩૯) કુશાગ્રબુદ્ધિ – ઉત્તમ સુઝબુઝવાળા (૪૦) કૃતકાય – કાર્યો પુરા કરવામાં સમર્થ (૪૧) કૃતાગમ – કાર્યકુશળ (૪૨) કૃતાભરણ – બધા પ્રકારના આભૂષણો ધારણ કરવાવાળા (૪૩) કૃતાયાસ – બધા કાર્યોમાં સફળ (૪૪) કૃતધી – સ્થિર બુદ્ધિવાળા (૪૫) કૃતપ્રતિજ્ઞ – ગુણોથી પ્રસિદ્ધ (૪૭) કૃતસંકલ્પ – પોતાના વિચારથી ડગે નહીં તેવા (૪૮) કૃતહસ્ત – કલાઓમાં નિપુણ (૪૯) કૃતિ – બધા કાર્યો કરવામાં ચતુર (૫૦) કૃત્નુ – કાર્યો કરવામાં સમર્થ (૫૧) કૃપાલુ – ઉદાર હૃદયવાળા (૫૨) કેતક – ગામ, પુર, ભવન, બધાનું નિર્માણ કરવાવાળા (૫૩) કોલેમુખ – કાર્યો કરતી વખતે પ્રસન્ન મુખવાળા (૫૪) કૌતકપ્રિય – વિશ્વનું નિર્માણ કાર્ય પ્રસંશાથી ફરવાવાળા (૫૫) ક્રતપ્રિય – યજ્ઞ કરવાવાળા (૫૬) ક્તુપતિ – યજ્ઞના સ્વામી (૫૭) ક્રિયાપટ – વિશ્વના સર્વ કાર્યોમાં ચતુર (૫૮) કવાચિત્ક – દુર્લભ પ્રયત્નો પછી મળે તેવા. (૫૯) ક્ષન્તા – શાંત સ્વભાવવવાળા (૬૦) ક્ષિપ્રકારી – જલદી કાર્ય કરનાર (૬૧) ખ્યાતિપ્રાપ્ત – અત્યંત પ્રસિદ્ધ (૬૨) ગણિતજ્ઞ – સર્વ પ્રકારના ગણિત જાણનાર (૬૩) ગંડકદન – બધી અડચળો હટાવવવાળા (૬૪) ગમનીય – યોગ્ય સમાવે તેવા (૬૫) ગુણી – બધા ગુણોવાળા (૬૬) ચક્રવર્તી – બધાના સ્વામી (૬૭) ચકી – મદારીની જેમ ગુણી (૬૮) ચંચુર – ચતુર (૬૯) ચંડ – ઉગ્ર કર્મ કરવાવાળા (૭૦) ચંડવિક્રમ – બહુ જ પરાક્રમવાળા (૭૧) ચારક – ચાલક (૭૨) ચિત્રકાર – વિશ્વ દર્શનના ચિતારા (૭૩) ચિન્મય – જ્ઞાન સ્વરૂપ પરમાત્મા (૭૪) છત્વરક – બગીચા મંડપો ભવનોના નિર્માતા (૭૫) જગદીશ્વર – સંસારના સ્વામી (૭૬) જગત્સ્ત્રષ્ઠા – વિશ્વના રચયિતા (૭૭) જનાશ્રય – આશ્રયસ્થાન (૭૮) જાગરુક – સદાય સાવધાન રહેવાવાળા (૭૯) જીષ્ણુ – સદાજીત મેળવવાવાળા (૮૦) તક્ષક – સુત્રધાર સુતાર (૮૧) તિતિક્ષ – સહનશીલ દયાળુ (૮૨) તક્ષ્ણિકમી – અત્યંત કર્મશીલ (૮૩) ત્યાગી – કોઈપણ જાતની આશા રાખ્યા વગર કામ કરનાર (૮૪) ત્રિકાલવિદ – ત્રણ કાળ ભૂત ભવિષ્ય વર્તમાન જાણવાવાળા (૮૫) ત્વષ્ટા – દેવતાઓના કૈલાસ વૈકુંઠ, બ્રહ્મપુરી અમરાવતી સ્વર્ગ વગેરે લોકનું નિર્માણ કરનાર (૮૬) દક્ષ – દરેક કાર્યના જાણકાર (૮૭) દાતા – સર્વ વસ્તુ આપવાવાળા (૮૮) દિવ્ય – સ્વર્ગમાં નિવાસ કરવાવાળા (૮૯) દિષ્ણુ – દાતાર આપવાવાળા (૯૦) દુપ્ત – જ્યોતિમાન (૯૧) દેવવર્ધક – દેવતાઓ માટે વૃદ્ધિ કરનાર (૯૨) દેવશિલ્પી – દેવતાઓના શિલ્પી (૯૩) ધૃતાત્મા – દઢ સંકલ્પિ (૯૪) નંદક – બધાને પ્રસન્ન રાખનાર (૯૫) નમસ્ય – નમસ્કાર કરવાને યોગ્ય (૯૬) નિત્ય – અવિનાશી અમર (૯૮) નિયામક – બધાને નિયમમાં રાખવાવાળા (૯૯) નિરજ – કાર્ય કરવામાં સદા પ્રસન્ન રહેવાવાળા (૧૦૦) પટ્ – કાર્યમાં ચતુર (૧૦૧) પરાવર – દુર અને પાસે રહેવાવાળા ગમનશીલ. (૧૦૨) પારંગત – સફળ વિદ્યાઆઓમાં વિશેષ પારંગત (૧૦૩) પૃથ – બધે ફેલાયેલા (૧૦૪) બ્રહ્મવત્ – પરમાત્મા સમાન શકિતશાળી (૧૦૫) વિશ્વાત્મા – બધા પ્રાણીઓના આત્મા (૧૦૬) વિશ્વકર્મા – સમસ્ત જગતની રચના કરવાવાળા (૧૦૭) સર્વેશ્વર – સર્વમાન્ય દેવતા (૧૦૮) સૃષ્ટિકર્તા – સૃષ્ટિનં નિર્માણ કાર્ય કરનાર.

સૂતજીએ કહ્યું, મહર્ષિઓ ! તમોને વિશ્વકર્માના એકસો આઠ નામો કહ્યાં, નામનો અર્થ સમજાવ્યો, વિશ્વકર્માના આ નામનો ઉચ્ચાર કરવાથી સુખો મળે છે. ભયમાંથી મુકિત મળે છે, શત્રુ તથા દરિદ્રતાનો નાશ થાય છે. જેને ઘરનું (પોતાનું) ઘર ન હોય. આ એકસો આઠ નામનો નિત્ય જાપ કરવાથી પોતાના ઘરની પ્રાપ્તિ થાય છે. વેપાર, નોકરી વગેરે કાર્યમાં ઉન્નતિ થાય છે. જે મનુષ્ય યંત્રો બનાવે છે તેમણે અવશ્ય વિશ્વકર્માના નામનો જપ કરવો. તેમની મૂર્તિની ચંદન, પુષ્પ, ગંધ વગેરેથી પુજન કરવાથી ઉદ્યોગમાં સફળતા મળે છે. લોહ કામ કરનાર, કાષ્ટમાંથી કામ કરનાર, તાંબા પિત્તળના ધાતુમાંથી કામ કરનાર, સોના ચાંદીના આભૂષણ બનાવનાર તથા મંદિરો વગેરેનું શિલ્પ કાર્ય કરનાર વિશ્વકર્મા નામનો જપ કરે તો અજોડ શકિત તથા તેજદાર બુદ્ધિ પ્રાપ્ત થાય છે.

શ્રી વિશ્વકર્મા પરબ્રહ્મ પરમાત્માથી જરાપણ ભિંન નથી, તેવો સમસ્ત નિગમાગમ શાસ્ત્રોનો મત છે. સંસારમાં કરોડો બ્રહ્માડો છે. બધાના સ્વામી રક્ષક અંત કરતા એક માત્ર પરમાત્મા છે. પરમાત્મા બ્રહ્માજીના રૂપથી સર્જન કરે છે, શ્રી વિષ્ણુ સ્વરૂપથી રક્ષણ તથા પોષણ કરે છે. રૂદ્રરૂપથી સંહાર કરે છે. તેમજ વિશ્વકર્મા રૂપથી સમસ્ત બ્રહ્માંડનું ક્ષણ માત્રમાં નિર્માણ રચના કરે છે. વિશ્વના કર્તા હોવાથી સહુ તેને વિશ્વકર્મા કહે છે.

પરબ્રહ્મ પરમાત્મા જ્યારે સૃષ્ટિની રચના કરવાની ઈચ્છા કરે છે ત્યારે સંકલ્પ કરે છે હું એકમાંથી અનેક બની જાવ. ઈચ્છાની સાથે પેલા વિશ્વકર્મા રૂપ પ્રકટ કરે છે. ત્યારે વિશ્વકર્તા પરમાત્માનું નામ વિશ્વકર્મા હોય છે. વિશ્વકર્મા રૂપ પરમાત્માનું જગતની રચના માટેનું 'રચનાકાર' રૂપ છે.

બ્રહ્મા તથા વિશ્વકર્માના શરીર જુદા છે તત્વ એક છે તેથી જ બોલાય છે પરમાત્માની લીલાને કોઈ જાણી શકયું નથી. વિશ્વકર્મા બ્રહ્માની અંતરગત છે, બ્રહ્મા વિશ્વકર્માની અંતરગત છે. બન્ને બ્રહ્મ છે, પરમાત્માના લીલા કાર્યમાં બંને લાગેલા રહે છે બ્રહ્મા સર્જન કરે છે વિશ્વકર્મા રચના કરે છે.


છોટુભાઈ દામજીભાઈ વાલંભિયા
૯૭૧૪૭ ૮૮૮૫૭
મહેશભાઈ વાલંભિયા
૯૮૨૫૨ ૮૮૮૫૭
મુકેશ વાલંભિયા
૯૭૧૨૯ ૮૮૮૫૭
ભાવેશ વાલંભિયા
૯૮૨૫૭ ૮૮૮૫૭
VB
વાલંભિયા
બોડી બિલ્ડર્સ
દરેક જાતના ટ્રક બોડી, કેબીન
TATA S, TATA L.P.,
લેલન્ડ, ડમ્પરના સ્પેશ્યાલીસ્ટ

જકાતનાકા સામે, દેવાભાઈના ગેરેજની બાજુમાં,
વીરાણી અઘાટ, ઢેબર રોડ(સાઉથ), રાજકોટ.
ફોન : (ઓ.) ૨૩૭૧૦૭૯
ભુલો ભલે બીજું બધું પણ મા-બાપને ભુલશો નહી

# સૃષ્ટિના સર્જકઃ ભગવાન વિશ્વકર્મા

કેશવ સુથાર

વિશ્વ+કર્મ=વિશ્વકર્મા. વિશ્વનું કર્મ–સર્જન કરનાર પરમાત્મા એ જ વિશ્વકર્મા પ્રભુ. 'દેવોના શિલ્પી', 'આર્કિટેક્ચર', 'એન્જિનેર' તરીકે પૂજનીય. મહા સુદ તેરસના દિવસને 'વિશ્વકર્મા જયંતી' તરીકે ઉજવવામાં આવે છે. વિશ્વકર્મા પુરાણનો આધાર લઈ ભગવાન વિશ્વકર્મા વિશે લખવાનો પ્રયાસ કરું છું; ક્યાંય કોઈ ક્ષતિ જણાય તો માફ કરશો, સુધારીને વાંચશો, ધ્યાન દોરશો.

'સ્કંદપુરાણ' અનુસાર વિશ્વકર્મા સૃષ્ટિનું સર્જન કરનાર, બ્રહ્મા–વિષ્ણુ–મહેશ આદિ દેવોનું સર્જન કરી ફરીથી બ્રહ્મકુળમાં અવતાર લઈ શિલ્પશાસ્ત્રનું જ્ઞાન પ્રાપ્ત કર્યું. વિશ્વકર્માપુરાણમાં પણ આ બાબતનો ઉલ્લેખ જોવા મળે છે કે, બ્રહ્માંડનું સર્જન કરનાર જ ભગવાન વિશ્વકર્મા છે. બ્રહ્માના અવતાર પણ માનવામાં આવે છે. વૃદ્ધકાય દેખાતા ભગવાન વિશ્વકર્મા અવિવાહિત હતા અને તેઓના માતા–પિતા પણ નથી. તેઓ સ્વયં નારાયણ પ્રભુનો અવતાર છે. સાક્ષાત પરમાત્મા છે. સંસારની રચના કરનાર છે, એવું શાસ્ત્રોક્ત વર્ણન છે. 'સમરાંગણ સૂત્રધાર' અનુસાર પ્રભાસ ઋષિના પુત્ર અને અંગીરા ઋષિના જ્યેષ્ઠ પુત્ર અને દેવગુરૂ બૃહસ્પતિના ભાણેજ હતા. યજુર્વેદમાં વિશ્વકર્માને સમસ્ત જગતનું નિર્માણ કરનાર કહ્યા છે. યજુર્વેદના સોળ મંત્રોમાં પરમાત્માને વિશ્વકર્મા કહેવામાં આવ્યા છે. ઉપનિષદોમાં જણાવ્યા મુજબ સંસારના બધા જ પદાર્થોનું નિર્માણ વિશ્વકર્માએ જ કર્યું છે. તેથી તેઓનું નામ 'વિશ્વકર્મા' છે. 'વિશ્વકર્મા' નામ પણ વેદોમાંથી જ લેવામાં આવ્યું છે. સૃષ્ટિમાં વિજ્ઞાન અને શિલ્પના પ્રથમ આચાર્ય ભગવાન વિશ્વકર્મા મહર્ષિ ભુવનના પુત્ર હતા. વશિષ્ઠપુરાણમાં ભગવાન વિશ્વકર્માને પરબ્રહ્મ પરમેશ્વર અને વિશ્વ આધાર કહ્યા છે. રાજવલ્લભના વાસ્તુશાસ્ત્રમાં જણાવ્યું છે કે, સૂર્યની માનવજીવનને નુકસાન કરતી જ્વાળાઓનો સંહાર પણ વિશ્વકર્માએ કર્યો હતો. આમ, વેદોમાં, ઉપનિષદોમાં, શાસ્ત્રો–પુરાણોમાં અને ધાર્મિકગ્રંથોમાં વિશ્વકર્માને સૃષ્ટિના સર્જક કહ્યા છે.



વિશ્વકર્મા ભગવાન વૃદ્ધકાય છે. પાંચ મુખ અને દસ હાથ છે. સાક્ષાત આદિનારાયણ પરમાત્મા છે. જલપાત્ર, કંબાસૂત્ર, જ્ઞાનસૂત્ર અને પુસ્તક ધારણ કરનાર છે. હંસ ઉપર બિરાજીત, શુભ મુકુટધારી છે. હિંદુ ધર્મગ્રંથો અનુસાર વિરાટ, વિશ્વસ્વરૂપ, ભૌવન, કશ્યપ, વાચસ્પતિ, પ્રજાપતિ, શિવ, વિષ્ણુ, ત્વષ્ટા, હિરણ્યગર્ભ, નારાયણ અને શિલ્પાચાર્ય કહીને ભગવાન વિશ્વકર્માની પ્રાર્થના કરવામાં આવી છે. 'વિષ્ણુસૂક્ત' અનુસાર પ્રભુ વિરાટ વિશ્વકર્મામાંથી બ્રહ્મા, વિષ્ણુ, મહેશ તથા દેવતાગણનો અવતાર થયો. ભગવાન બ્રહ્માના મુખથી સ્વંય મનુ, બાહુથી ખારોચિષ, પેટથી રેવત અને ચરણથી તામસ પેદા થયા. મનુનાપુત્રો– બ્રાહ્મણ, ખારોચિષના પુત્રો ક્ષત્રિયો, રેવતના પુત્રો વૈશ્યો અને તામસના પુત્રો શુદ્રો તરીકે પેદા થયા.

શ્રી વિશ્વકર્મા પ્રભુનું વાહન હંસ છે. સૃષ્ટિના રચયિતા બ્રહ્માજી અને માતા સરસ્વતીનું વાહન પણ હંસ છે. હંસને વિદ્યા અને બુદ્ધિનું પ્રતીક માનવામાં આવે છે. આમ, સમગ્ર બ્રહ્માંડના રચયિતા ભગવાન શ્રી વિશ્વકર્માએ દેવોના મહેલો, ભવનો, મંદિરોનું નિર્માણ કર્યું હતું. સ્વર્ગલોક, પાતાળલોક અને પૃથ્વીલોક પર અનેક નિર્માણો કર્યાં છે. દેવો માટે સ્વર્ગ, રાવણનું પુષ્પક વિમાન, શિવનું કૈલાશધામ, ઈન્દ્રનું ઈન્દ્રાસન, અર્જુનનું ગાંડીવ અને સ્વર્ગમાંથી લાવી પૃથ્વી પર આંબો વાવવો વગેરે જેવાં દૈવીકાર્યો ભગવાન વિશ્વકર્માએ કર્યાં છે. આજે પણ નવાં મકાનો, બિલ્ડીંગ્સમાં પ્રવેશ વખતે વાસ્તુપૂજન કરવામાં આવે છે, વાસ્તુ એ ભગવાન વિશ્વકર્માનો પુત્ર છે એવું માનવામાં આવે છે.

વિશ્વકર્માના પાંચ પુત્રોઃ (૧) મનુ– લુહાર(પંચાલ), લોખંડનો વ્યવસાય કરનાર, (૨) મય– સુથાર, સૂત્રધાર– કાષ્ઠકલાના જાણકાર, (૩) ત્વષ્ટા– કંસારા, તાંબાના વ્યવસાય સાથે સંકળાયેલા, (૪) શિલ્પી– કડીયા–સોમપુરા– શિલ્પકલાના જાણકાર(પથ્થરનું કામકાજ) અને (૫) દેવજ્ઞ–સોની, સોના–ચાંદીનું કામકાજ કરનાર.

પ્રભુ વિશ્વકર્માના પાંચ પુત્રોમાં કાષ્ઠશિલ્પી મય ઋષિના સંતાનો 'સૂત્રધાર' એટલે કે 'સુથાર' તરીકે ઓળખવામાં આવે છે. સૂત્ર+ધાર=સૂત્રધાર એટલે કે સૂત્ર–યજ્ઞોપવિત(જનોઈ) ધારણ કરનાર એ સુથાર છે. આ સિવાય સાત સૂત્રોનો ઉપયોગ કરતા હોવાથી સૂત્રધાર કહેવામાં આવે છે. આ સાત સૂત્રોઃ (૧) દ્રષ્ટિ, (૨) ગજ, માપ–૨૪ ઈંચ/આંગળ, (૩) દોરી, (૪) ઓળમ્બો– ઓલંબ, (૫) કાટખુણો(૯૦ઓ), (૬) રેવલ(લેવલનળી કે લેવલ), (૭) કુતુબનુમા(હોકાયંત્ર)– દિશા જાણવા માટેનું યંત્ર વગેરે સાત સૂત્રોનો ઉપયોગ કરનાર 'સૂત્રધાર' કે 'સુથાર' તરીકે ઓળખાય છે.

વિશ્વસૃષ્ટિનું સર્જન કરનાર ભગવાન વિશ્વકર્માની જન્મજયંતીની સૌને હાર્દિક શુભેચ્છાઓ.



CRYSTAL INDUSTRIES
Nilay Gajjar 98258 47199
Amit Gajjar 94272 56659
Crystal
Quality
Springs
FACTORY : PLOT NO. 370, G.I.D.C.-II, DARED, JAMNAGAR- 361 004 Telefax : +91 - 288 - 2730196
e : crystalindjam@yahoo.com

SARASWATI®

SEW

# SARASWATI ENGINEERING WORKS

(since 1969)

(Jam-khambhaliya)

"SARASWATI" Brand wood working machinery manufacturer

## NOW SHIFTED TO AHMEDABAD.

**Ahmedabad**

**SARASWATI ENGINEERING WORKS**
mfgr. of Saraswati Brand woodworking machinery, Shed No. 187, Tulsi Estate, Opp. Bhagyoday Hotel, Canal Road, Bagodara Highway, Changodar,
Ahmedabad - 382213 (Gujarat) India
Contact :- **Ravi Sureliya** +91 99250 30767
Email: saraswati@live.in







**Jamnagar**

**SARASWATI CORPORATION**
(mfgr. of wood working machinery)
Plot No. 3964, "U" Road, Phase-III, GIDC,
Dared, Jamnagar-361004 (Gujarat)
**Contact :- Shantilal Sureliya**
+91 98252 10767



# દાદા

નટુભાઈ ગજ્જર

''દાદા આજે હું નિશાળે નહીં જાઉં''નાનો દીપુ તેના દાદાને કહી રહ્યો હતો.

''કેમ બેટા શું કામ નિશાળે નહીં જાય?''

દીપુને એના દાદા રમેશભાઈએ પૂછ્યું.

''જુઓને આજે કેટલી બધી ઠંડી છે''. દીપુએ ફરિયાદ કરી.

''ઠંડી છે તેથી શું નિશાળે નહીં જવાનું ?

મને યાદ છે તું એક દિવસ કહેતો હતો કે તમારા વર્ગમાં એક શંકર નામનો છોકરો છે તે ઝૂંપડામાં રહે છે .વિચાર તો કર આખી રાત આવી ઠંડીમાં ઝૂંપડામાં રહ્યા પછી પણ તે નિયમિત નિશાળે આવે છે ને? આમ ઠંડીથી ગભરાઈને નિશાળે ન જઈએ તે કેમ ચાલે?''



''હા, દાદા પરંતુ મને એ સમજાતું નથી કે આપણે આવડા મોટા ઘરમાં રહીએ છીએ અને તે ઝૂંપડામાં કેમ રહેતો હશે ?''દીપુ એ પ્રશ્ન કર્યો.

''વાત બહુ લાંબી છે બેટા. વર્ષો પહેલાં બધા જ માણસો જંગલમાં રહેતા હતા. ઝાડ નીચે સુતા હતા. જંગલી પ્રાણીઓના ભયથી બચવા માટે રાત્રે ઝાડ પર જ સુઈ જતા.

એક દિવસ માણસને વિચાર આવ્યો કે જેણે આ જગત બનાવ્યું છે તે બીજું શું ના કરી શકે તેથી તેણે જગતનિયંતાને પ્રાર્થના કરી કે મને થોડી સગવડ કરી આપો તો સારું . જગતનિયંતાએ તેમના એક પુત્રને માણસ પાસે મોકલ્યો માણસે તેને પોતાની તકલીફ કહી બતાવી. આ પુત્રએ માણસ પાસે આવીને કહ્યું કે અત્યારે તને જે આશરો આપે છે તે ઝાડ છે અને આ ઝાડ જ તારી સુખ-શાંતિ નું મુખ્ય સાધન છે.''

માણસે કહ્યું,''એ કઈ રીતે ?''

પેલા આગંતુકે કહ્યું,'' આ ઝાડના લાકડામાંથી તારી જરૂરિયાતની બધી જ વસ્તુ બની શકે છે. આદી માનવે પોતાની આસપાસ લાકડાં ગોઠવી તેની વચ્ચે રહેવાનું શરૂ કર્યું તેની સુરક્ષા વધી. પછી આગંતુકે તેને લાકડામાંથી દીવાલ કરી આપી આપણે જેને કેબિન કહીએ છીએ એવી ઝાડમાંથી બનેલી એક ઝૂંપડી. માણસે આગંતુકને વધુ ને વધુ સગવડ કરી આપવા કહ્યું અને તેણે સુવા માટે ખાટલો બનાવ્યો. ત્યારબાદ એની બધી જરૂરિયાત લાકડા આધારિત થઈ. લાકડામાંથી જાતજાતનાં સાધનો અને હથિયાર બનવા લાગ્યાં. માણસ તે આગંતુકને સુથાર કહી બોલાવવા લાગ્યો.

એક દિવસ માણસ જે લાકડાની ઝૂંપડીમાં રહેતો હતો તેમાં આગ લાગી. માણસ ફરી હતાશ થઈ ગયો. તેણે જગત નિયંતાને ફરી વિનંતી કરી ''મને કોઈ પાકી સુવિધા મળે તેમ કરોને ''

જગતનિયંતાએ પોતાના બીજા પુત્રને મોકલ્યો. તેણે પથ્થર, માટી અને ઇંટમાંથી ઝૂંપડું બનાવી આપ્યું . માણસે તેનું નામ ઘર આપ્યું. હવે માણસ ઘરમાં રહેતો થયો. ઘર બનાવી આપનાર આ બીજા આગંતુકને માણસ કડિયા તરીકે ઓળખવા લાગ્યો.

માણસને વિચાર આવ્યો કે આમ વારંવાર જગતનિયંતાને બોલાવવા પડે તે યોગ્ય નથી. મારે તો વારંવાર એમની જરૂર પડે છે તેથી તેણે જગત નિયંતાને વિનંતી કરી અને કહ્યું ''તમે મારે ઘેર જ રહી જાવ. ''તેમણે કહ્યું ,ના બેટા એ શક્ય નથી.''

''તો પછી મારે તમારી જરૂર પડે ત્યારે શું કરવાનું ?'' માણસે પૂછ્યું.

જગતનિયંતાએ પોતાના ત્રીજા પુત્રને મોકલ્યો અને કહ્યું ,''તારી જરૂરિયાત મારો આ પુત્ર પુરી કરશે. મારા આ દીકરાને પથ્થરમાંથી ભાતભાતની કોતરણી કરવાનું જ્ઞાન છે તે તને મારી મૂર્તિ બનાવી આપશે. તું મારું જ સ્વરૂપ માની તેની પૂજા કરજે. જરૂરિયાત ઉભી થાય ત્યારે તું તેની આગળ તારી રજૂઆત કરજે. તારાં કામ થઈ જશે.''

''દાદા આટલી બધી સગવડ પછી તો માણસને સંતોષ થયો હશેને?''દીપુએ પૂછ્યું.

''ના, બેટા ના માણસને સંતોષ ક્યાં થાય છે.''

''તો પછી શું થયું ?''

પછી તો માણસની ઈચ્છાઓ વધતી ચાલી અને તેને મૂર્તિને શણગારવાની ઈચ્છા થઈ. શણગારેલી મૂર્તિને જોઈને તેને પોતાની જાતને શણગારવાની લાલચ થઈ . તેણે ફરી એકવાર જગતનિયંતાને પ્રાર્થના કરી અને કહ્યું , મારે તમારી મૂર્તિ શણગારવી છે. માણસની આ જરૂરિયાત પૂરી કરવા જગત નિયંતાએ પોતાના ચોથા દીકરાને મોકલ્યો.આ દીકરાએ પેલી મૂર્તિને સોના ચાંદીના દાગીના વડે

શણગારી. શણગારેલી મૂર્તિ જોઈ માણસ વધુ લલચાયો અને તેણે પોતાના માટે પણ દાગીના બનાવવા વિનંતી કરી. પેલા પુત્રએ તે કામ પણ કર્યું.માણસ તેને સોની તરીકે ઓળખવા લાગ્યો.

''દાદા મને તે જગતનિયંતાનું નામ તો કહો.'' દીપુ એ ફરી એક સવાલ કર્યો.

દાદાએ કહ્યું ,''તે જગતનિયંતાનું નામ છે વિશ્વકર્મા અને તે આપણા સૌના દાદા છે .''

''દાદા વિશ્વકર્મા દાદાએ માણસ ઉપરાંત બીજા કોઈનાં કામ પણ કર્યાં છે?''

''હા બેટા ,સ્વર્ગના રાજા ઈન્દ્રનું નામ તો તેં સાંભળ્યું હશે દાદાએ તેમના માટે ઈન્દ્રાસન બનાવેલું અને ભગવાન કૃષ્ણને જ્યારે નવી નગરી બનાવવાની ઈચ્છા થઈ ત્યારે તેમણે તેમને માટે સોનાની દ્વારકા પણ બનાવેલી.''

''દાદા મારા પ્રશ્નનો જવાબ તો હજી નથી આવ્યો.'' દિપુએ કહ્યું.

પછી માણસને વિચાર આવ્યો કે સર્જનહારે મને આટલી બધી વસ્તુ અને સગવડ આપી છે તો લાવ ને હું પણ કંઈક કરૂં અને તેણે ધાતુના સિક્કા બનાવ્યા અને તેને જે કંઈ વસ્તુની જરૂર પડે તે લેવા માટે આ સિક્કાનો ઉપયોગ કરવા લાગ્યો તેણે તેને નામ આપ્યું રૂપિયો. આ રૂપિયાથી બધી વસ્તુઓ ખરીદી શકાય. પછી તો આ સિક્કાનો સંગ્રહ થવા માંડયો.

કોઈની પાસે વધુ તો કોઈની પાસે ઓછા સિક્કા ભેગા થવા લાગ્યા. જેની પાસે વધારે સિક્કા થયા તે મોટા ઘરમાં રહેવા લાગ્યા તેથી વધારે થયા તે બંગલામાં રહેવા લાગ્યા અને ઓછા સિક્કા હોય તે ઝૂંપડામાં રહેવા લાગ્યા. આમ તારા મિત્રના બાપા પાસે ઓછા સિક્કા હોવાથી તે ઝૂંપડામાં રહેવા લાગ્યા.''

''દાદા મને એક વાત સમજાતી નથી કે તમે જે જગતનિયંતાની વાત કરી તેમને દાદા કેમ કહેવામાં આવે છે?''

''બેટા જેમ મનુષ્યનું રક્ષણ હનુમાનજી કરે છે, શુભ કાર્યો માટે ગણેશજી મદદ કરે છે તે રીતે સમાજની સુખાકારીના મૂળમાં વિશ્વકર્મા છે. જે જવાબદારી ઉઠાવે છે તેને દાદા કહેવાય છે. હનુમાનજી , ગણેશજી અને વિશ્વકર્માજી દાદા કહેવાય છે.''

''દાદા તમે અમારા બધાની જવાબદારી ઉઠાવો છો તેથી અમે તમને દાદા કહીએ છીએ ?''

''બેટા એ પ્રશ્ન તો તારે તારા બાપાને પૂછવાનો મને નહીં.''

# આજનું ભણતર

**પરમ જોલાપરા ( ગજ્જર)**

માન ભર્યું જીવન જીવવા માટે જીવન માં અભ્યાસ આવશ્યક છે. સમાજ માં માન પ્રતિષ્ઠા મેળવવા માટે ભણતર જરૂરી છે. અને ભણવું એક બાળક નો જન્મસિદ્ધ અધિકાર છે. દરેક વ્યક્તિ ભણવું જોઈએ.

પણ અત્યાર ની જે ભણતર પદ્ધતિ છે તે વિદ્યાર્થી પર ભાર રૂપ બને છે બોજ રૂપ બને છે. જેમ જેમ તે સ્કૂલમાં ભણવામાં આગળ વધતા જાય તેમ ભાર વધતો જાય છે.

અત્યારે ઘણી વાર અમુક માતા – પિતા તરફથી પણ વિદ્યાર્થી પર ભણવા બાબતે વધારે પ્રેશર હોય છે. માતા – પિતા ની કુલ ચાર આંખના સપના પોતાના સંતાન ની બે આખ પર હોય છે પાછા પોતાના સંતાન પણ કોઈક સપના હસે તો કોઈ વિચારતું જ નથી .અમુક માતા – પીતા એવા પણ જોયા છે કે જે અઢી ત્રણ વર્ષના બાળકને સ્કૂલે મોકલવા માટે એડમિશનની લાઈનમાં ઊભા છે શાળાના સંચાલક પાસે જાત જાતની ઓળખાણ લઈ ને આવે છે આજીજી કરે છે અને એડમિશન મેળવે છે. પણ વિચાર કરો કે જો તમે બાળકને અઢી ત્રણ સુધી જ ઘરે રાખો તો ઈ તમને કેટલા વર્ષ સુધી ઘરે રાખે . સ્કૂલ માં એડમીશન થયા પછી બાળક છે તે પોતાનું નથી રહેતું તે સ્કૂલ ના ટાઈમ ટેબલ પ્રમાણે ગોઠવાઈ જાય છે .

અત્યારે બધી જગ્યા પર સ્પર્ધાત્મક વાતાવરણ હોય છે. જે વાતાવરણ શાળામાં પણ જોવા મળે છે. અમુક માતા – પિતા બીજા માર્ક જોઈને પોતાના દીકરાને વધારે માં વધારે માર્ક માટે ટોકતા હોય છે કે પેલા વ્યકિત કરતા તારે વધારે માર્ક આવવા જોઈએ. અમુક વાર એકજ બિલ્ડિંગ માં અલગ અલગ પરિવાર ઉપર નીચે રહેતા હોય અને બનેં પરિવાર માં એક એક છોકરો એક જ ધોરણમાં એક સ્કૂલમાં ભણતા હોય તો બંને વચ્ચે સ્પર્ધા થાય. હવે સ્પર્ધા ક્યારે થાય જ્યારે બે વ્યક્તિ સમંત હોય ત્યારે હું એમ નથી કહેતો માતા – પિતા એ પોતાના સંતાનને ભણવા બાબતે કંઈ કહેવું ન જોઈએ પણ પણ પોતાના સંતાન ને એ સ્પર્ધા માં જોડાવા શું કામ દેવા જોઈએ. હવે ઉપર નીચે અલગ અલગ પરિવાર માં એક ૭૦% વાળો વિદ્યાર્થી અમુક વાર માતા – પિતાના પ્રેશર ને કારણે પોતાની જાતને ખેંચી ને ૮૭% ટકા લાવે છે છતાં માતા – પિતા ના ચેહરા પર ખુશીનો ભાવ નથી હોતો. એમને એમ હોય છે કે કોક પૂછશે તો જવાબ હું શું આપીશ. અને પાછા પૂછવા વાળા પણ તૈયાર બેઠા હોય છે. ૮૭% વાળા વિદ્યાર્થીની માતા તો ત્રણ ચાર દિવસ તો બાલ્કનીમાં નો દેખાય. પણ ક્યારેક તો જાય ને અને જ્યારે જાય ઉપર વાળા પૂછે કે કેટલા આવ્યા તો માતા નિરાશા સાથે કહે કે ૮૭% તો ઉપર વાળા કે બસ ૮૭% ટકા તો તો કઈ નહિ થાય. બહેન તુ ઉપલા માળે રહે છે ઉપર વાળી નથી તુ આનું ભવિષ્ય ભાખી લઈશ.

અત્યારે તો ટેકનોલોજી નો યુગ છે અત્યારે બધા k.g થી પોતાના સંતાનને english મીડયમ માં બેસાડે છે. જેનાથી એટલું ડુપ્લીકેશન વધે છે કારણ કે વિદ્યાર્થી સ્કૂલે જુદી ભાષા બોલે સાંભળે છે. શાળાના મેદાન માં બીજી ભાષા બોલે છે. ઘરે ત્રીજી ભાષા બોલે છે. જેથી તે અંદર ને અંદર ગોટવાઈ છે અને પોતાના વિચારને સારી રીતે રજૂ નથી કરી શકતો. કવિ તુષાર શુકલના મતે પ્રાથમિક શિક્ષણ તો માતૃ ભાષામાં જ લેવુ જોઈએ .

# નકારાત્મક બનતા ખુદને રોકો, દુ:ખના બાઉન્સર પર મારો ચોગ્ગો

ડો. વિષ્ણુ પ્રજાપતિ, કડી

આપણે હકારાત્મક વિચારો, ઉર્જાસભર જિંદગી અને રચનાત્મક જીવન પદ્ધતિ વિશે અવારનવાર વાંચીએ છીએ અને સાંભળીએ છીએ. હકારાત્મક વિચારોની તન, મન અને જીવન પર થતી અસરો જાણીએ છીએ અને અનુભવીએ છીએ. આજે વ્હોટસએપ કે ટચુકડા મોબાઈલના માધ્યમથી ઈચ્છીએ તેવા જ્ઞાનની ગંગા રોજ આંગળીના ટેરવે સ્પર્શીને જાય છે. સુવિચારો, વાર્તાઓ કે કથાઓની ભરમાર અનેકગણી વધી છે. પણ શું આ જ્ઞાનથી આપણી જિંદગી પર કોઈ અસર પડે છે ખરી ? ફિલ્મ જોઈને કે કોઈની દુ:ખભરી કહાની સાંભળીને ગળગળા થનારા કે આંસુ સારનારા આપણે શું જીવંત જીવનમાં સંવેદનશીલ રહીએ છીએ ખરાં ? ગરીબોના બેલી કે મદદ કરનારની વિડિયો કે ફોટાઓને લાઈક કરનારા કે તેના પ્રત્યે ટીકા કરનારા આપણે શું કોઈવાર પોતાની અંદર ઝાંખીને જોઈએ છીએ કે આપણી અંદર કેવો વ્યક્તિ રહેલો છે ?






હમણાં જ મારા મિત્રના આવા જ એક સોશિયલ મિડિયા પર જુદા જુદા મિત્રોની રકઝક ચાલી. કોઈક મિત્રએ સમાજસેવાનું કામ કરીને તેના ફોટા પોસ્ટ કર્યા.. અને તરત જુદી જુદી કોમેન્ટસ આવવા લાગી. કોઈકે કામને બિરદાવ્યું તો કોઈકે, 'અલ્યાં એમા દેખાડો કરવાની શી જરૂર છે?' એમ પણ કહ્યું. બધા પોતપોતાના સ્વતંત્ર વિચારોનું પ્રદર્શન કરવા લાગ્યા હતા.

મને તેમની રકઝક કરતા લોકોની વિચારસરણી અને તેનું પ્રદર્શન કરવાની રીત પર વિશ્લેષણ કરવાની તક મળી. દરેક લોકોને તેમના વિચારો, વર્તન અને વ્યવહાર પ્રગટ કરવાની એક આગવી આદત હોય છે. આ આદત હકારાત્મક હોય છે અથવા નકારાત્મક...! પણ આ વર્તન પ્રગટ થવા પાછળ તેમની અંદર અદભૂત સાયકોલોજીકલ પ્રોસેસ થતી હોય છે. આ પ્રોસેસ કોઈ પેરામીટરથી માપી શકાતી નથી. એ તો તેના બાહ્ય વર્તન થયા બાદ જ ખબર પડે છે કે તેની અંદર શું ચાલી રહ્યું છે. બધા કહે છે કે હકારાત્મક બનવું જોઈએ, પણ હકારાત્મક વલણ દાખવવું તે કંઈ આસાન કામ નથી. તેના માટે સતત પ્રયત્નો કરવા પડે છે. વિચાર અને વાણીને ગાળી ગાળીને આરોગવા પડે છે અને જરૂર પડ્યે ત્યારે સમજી વિચારીને પીરસવા પડે છે. એક નાનો સરખો વિચાર જ ધીરેધીરે આપણું વ્યક્તિત્વ બની જતો હોય છે. યાદ રાખો કે તમારા વારંવાર બોલાયેલા કે અનુભવેલા શબ્દોમાંથી તમારો એક સ્થાયી વિચાર બને છે, તમારા વિચારો એકપ્રવાહમાં વહીને તે તમારા શરીર પાસે ભૌતિક કે લૌકિક કાર્ય કરાવે છે. તમારા આ વિચારોમાંથી ઉદભવેલું કાર્ય જ તમારી આદત બને છે અને તમારી આદતો જ ધીરે ધીરે તમારા ચારિત્ર્યનું નિર્માણ કરે છે. અર્થાત આજે તમે જેવા છો તેવા બનવા માટે તમારી અંદર ઘણા સમયથી પ્રક્રિયા ચાલી રહી છે. આ પ્રક્રિયામાં તમે તમારા ઘુંટાયેલા શબ્દો, વારંવાર તમારી અંદર ફરતા કરેલા તમારા વિચારો, જીવનના ખાટાં મીઠા અનુભવો બધાનો નિચોડ બનાવી એક વ્યક્તિત્વ બનાવો છો. આ વ્યક્તિત્વ ધીરે ધીરે એકધારી ગતિ શરૂ કરે છે. પ્રસંગો ભલે ગમે તે હોય પણ તેના અંતિમ રીએક્શન તો તમે તૈયાર કરેલું તમારું વ્યક્તિત્વ જ નક્કી કરે છે. પુરુષ કે સ્ત્રીનું નિર્માણ ગર્ભમાંથી જ નક્કી થાય છે પણ ભવિષ્યમાં તે હકારાત્મક કે નકારાત્મક વ્યક્તિ બનશે તેવું નક્કી થતા તો આખી જિંદગી નીકળી જાય છે. કેવું વ્યક્તિત્વ બનાવવું તે વ્યક્તિ સ્વયંના હાથમાં છે. કોઈ અન્ય વ્યક્તિ તમને મદદ કરી શકે અથવા રાહ ચિંધી શકે પણ તે રસ્તે જવું કે કેવું બનવું તે તો વ્યક્તિ જાતે જ નક્કી કરતો હોય છે.

એક જ રસ્તેથી પસાર થયેલા જુદાં જુદાં મુસાફરોને તેની સફર વિશે પૂછો તો કોઈ તૂટેલો રસ્તો અને સૂકાયેલા ખેતરોની

જ વાત કરશે, આખી સફર પીડાદાયક હતી એવું જણાવશે... જ્યારે બીજો વ્યક્તિ તે જ સફરને તેને કેટલો રસ્તો સારો મળ્યો અને ક્યાં હરીયાળી હતી તેના વિશે જણાવશે. વસ્તુતઃ બન્ને સાચા છે પણ જીવનને જીવવાનો અને જોવાનો નજરીયો તદ્દન ભિન્ન છે. ભગવાને જેટલા કલાક અજવાળું આપ્યું છે તેટલો અંધકાર પણ આપ્યો છે. શું ફક્ત પ્રકાશ કે એકલા અંધકારમાં સુખભરી જિંદગી મળે ખરી ? સુખ રૂપી અજવાળું અને દુઃખ સ્વરૂપ અંધકાર બન્નેની જીવનમાં એટલી જ જરૂર છે... ફર્ક એટલો જ છે કે અજવાળું થાય એટલે શરીરમાં સ્ફૂર્તિ અને ચેતન આવે છે જ્યારે અંધકાર થાય એટલે શરીર થાકવા લાગે છે અને મન આરામ ભણી દોડવા લાગે છે. આ પ્રક્રિયા ક્રમબધ્ધ ચાલ્યા કરે છે. અંધકાર એ કોઇ નકારાત્મકતાનું પ્રતિક નથી પણ વધુ સકારાત્મક કે ઊર્જાસભર બનવાનું વિરામસ્થળ છે.



જીવનના દરેક નકારાત્મક પાસાઓ પાછળ કોઇને કોઇ અદ્રશ્ય અજવાળું છુપાયેલું હોય છે. મોટા ભાગના લોકોની સમસ્યા એ છે કે આ નકારાત્મક અંધકારમાં અટવાયા પછી તેમાંથી જલ્દી બહાર નીકળી શકતા જ નથી. આ અંધકાર જ તેમના જીવનની દ્રશ્યમાન હકીકત લાગે છે. તેઓ નિરાશાની ટોચ પર લટકી પડ્યાં છે અને દુઃખોની મઝધારમાં અટકી પડ્યાં છે છતાં પણ બદલવાનો સહેજ સરખો પ્રયત્ન કરતા નથી. સતત નકારાત્મક લાગણીઓ, નકારાત્મક આદતો અને નકારાત્મક વર્તન જ તેમની જિંદગીનો ભાગ બની જાય છે. પોતાના મનની શાંતિ, શરીરનું આરોગ્ય કે અન્ય સાથેના તેમના સંબંધો બધું જ પ્રતિકૂળ બની ગયું હોય છે છતાં પણ તે પોતાને બદલી શકતા નથી.સૃષ્ટીનો અંધકાર કે જીવનનું દુઃખ સ્વયં કોઇ પદાર્થ નથી. જીવનને આ દ્રષ્ટીકોણથી વિચારીએ તો આસાનીથી સમજી શકાય કે જીવનમાં હકારાત્મકતાની ઓટ આવે એટલે નકારાત્મક મોજાઓની ભરતી શરૂ થાય અને જો હકારાત્મકતા વધવા લાગે તો નકારાત્મકતા અદ્રશ્ય થવા લાગે. જ્યારે જ્યારે પ્રેમ ઘટે ત્યારે ત્યારે જ અવિશ્વાસ વધે છે. સુખ ઘટે એટલે આપોઆપ દુઃખનો પડછાયો મોટો થવા લાગે છે. પ્રકાશ અને અંધકાર જેમ એકસાથે રહી ન શકે તેમ પોઝીટીવીટી અને નેગેટીવીટી બન્ને પણ એકસાથે રહી ન શકે. પ્રકાશ અને અંધકારને જોડતી પૂર્વમાં ઉગતી ઊર્જાવાન સવાર હોય કે પશ્ચિમમાં ઢળતી સાંજ હોય બન્ને કાયમ મનમોહક લાગે છે. તે રીતે હકારાત્મકતા અને નકારાત્મકાતાના ધન અને ઋણ છેડાને બરાબર જોડીને જીવન જીવવાની સરકીટ બનાવી લેવાય તો બન્નેના સંયોજનથી જીવનનો બલ્બ તરત જ પ્રકાશ આપવા લાગે છે.

એક મિત્રને સતત લાગ્યા કરે છે કે મને કોઇ સારો દોસ્ત મળતો જ નથી... કોઇ મને સમજવા તૈયાર જ નથી... જેટલા પણ મિત્રો આવે છે તે થોડા સમયમાં મારાથી દૂર થઇ જાય છે... તે સતત એવું માને છે કે મારા બધા જ મિત્રોમાં કોઇને કોઇ ખામી હોય જ છે એટલે જ તેઓ મારી સાથે સંબંધ રાખતા નથી. ખરેખર હકીકત તો કંઇક જુદી જ હોય છે... સારા મિત્રો કે સ્નેહીજનો જીવનમાં ક્યારેય સામેથી મળતાં જ નથી સારા મિત્ર કે ગમતા વ્યક્તિ બનવાની તો આપણે શરૂઆત કરવાની હોય છે. બદલવાની પોતાને જરૂર છે બીજા કોઇને નહી. સમયની સાથે વાણી, વર્તન અને વ્યવહારમાં બદલાવની તૈયારીઓ દાખવવી પડે છે. જો પોતાની અંદરથી પ્રગટ થતાં ભાવ નિર્મળ અને નિર્દોષ હશે તો બાહ્ય જગત તમને નિષ્કલંકિત જ દેખાશે... પણ જો અંદરથી દોષદ્રષ્ટી બહાર નીકળતી હશે તો ક્યાંય સુખ કે શાંતિના તમને દર્શન નહી થાય.

યાદ રાખો કે જો તમારી દ્રષ્ટી હકારાત્મક હશે તો તમે દુનિયાને પ્રેમ કરશો અને જો તમારી જીભ હકારાત્મક હશે તો દુનિયા તમને પ્રેમ કરશે.

યાદ રાખો કે,

- કોઇપણ દુઃખ કે નિરાશાની ઘડી કાયમી નથી.તેનો પણ એક અંત નિશ્ચિત છે.
- મને પડેલી તકલીફ મને શું શીખવવા આવી હતી તેના પર ધ્યાન આપજો.
- નકારાત્મકતાને વધુ લાંબી ખેંચશો નહી. લાંબી રાતો જલ્દી પસાર થતી નથી.
- અંધકાર એટલે આરામ કરવાનો અને શાંત ચિત્તે વિચારવાનો સમય છે.
- દરેક દુઃખનો અંત છે અને સુખનો ફરી સૂર્યોદય પણ ચોક્કસથી થવાનો જ છે.
- પોતાની અંદરની નકારાત્મકતાને જલ્દી ઓગાળી દો.
- તમે જ્યારે પણ કોઇ પ્રતિક્રિયા આપો છો ત્યારે વિચારો કે તેનાથી નેગેટીવ ઇમેજ ખડી થાય છે ?
- ક્રોધ, ઇર્ષા, લાલચ, કોઇનું અપમાન જેવા માનસિક વિકારો પર જીત મેળવતા રહો.
- જીવનમાં સુખની ગુગલીઓ પણ આવશે અને દુઃખોના બાઉન્સર પણ આવશે. આ સમયે પાવરફૂલ શોટ મારવા તમારે નેટ પ્રેક્ટિસ કરવી જ પડશે.
- જીવનમાં નકારાત્મક લાગણીઓ કે વિચારોને દરેકની સામે ખોલશો નહી.
- વારંવાર ફરીયાદો, દુઃખના રોંદણાં કે બીજાની ખામીઓ કાઢવાની આદત જલ્દીથી સુધારી લો.
- પરિસ્થિતિ કાયમ આપને અનુકુળ નથી હોવાની તે સત્ય સ્વીકારી લો.

શુભેચ્છા સહ...

Shree VISHWAKARMA ENG. WORKS

# શ્રી રામજીભાઇ નાનજીભાઇ તલસાણીયા પરિવાર

| મુકેશભાઇ | નીતિનભાઇ | હસુભાઇ |
|---|---|---|
| ૯૮૨૪૮ ૫૧૬૭૭ | ૯૮૨૪૮ ૫૧૬૭૯ | ૯૮૨૪૮ ૫૧૬૭૮ |

# શ્રી વિશ્વકર્મા એન્જીનીયરીંગ વર્કસ

૩૭૫, આજીવસાહત, રાજકોટ
ફોન.૨૩૮૭૮૫૯, ૨૩૮૭૧૧૬
vewrajkot@yahoo.com


Authorized Dealer
JANATICS
Pneumatic
Authorized Dealer
Uflow™
Solenoid Valve
NOVA VALVES
All Type of Pneumatics Fittings, Hydraulic Hose & Fittings
Fitwell Hydraulics
Mfg.: High Pressure Flexible Hose Pipe for Oil,
Gas & Steam JCB Machine, Hydraulic Hose Pipe Etc.
Mansata Chowk, Opp. Poojara Telecom, Gondal Road, RAJKOT-360004. (Guj.) INDIA.
Tel.Fax : 0281-236 40 42 E-mail : fitwellhydraulics@yahoo.com
Contact : Yogesh Bhalodia - 99241 32332, 94997 55803


Mukesh Bhadeshiya - Mo. 98250 23890
Hiten Bhadeshiya - Mo. 97129 23890
Heat Treated plant With ISPM-15 Certificate
Vishwakarma
WOODEN WORKS
All Kind of Plywood & Wooden Merchant &
Mfg. of Plywood & Wooden Box & Pellets
Plot No. 40/41, Kishan Gate, Saffron Ind Area,
Ahead of Digvijay Engineering, Vill. Pardi (Shapar),
Rajkot.-360024.

# સંસ્કાર(વાર્તા)

હસમુખ બોરાણિયા

'કોઈ સાંભળો છો?' નટુભાઈ માંડ માંડ બોલી શક્યા. એક તો ઉંમર ને વળી અઠવાડિયાની માંદગીના લીધે આવી ગયેલી અશક્તિ. પથારીવશ નટુભાઇએ બૂમ પાડવા પ્રયત્ન કર્યો. પણ અવાજ ગળામાં અટવાઈ ગયો! બોલવા માંગતા હતા, 'કહું છું મને તરસ લાગી છે. પાણી આપી જાવ ને. હે ભગવાન! કોઈ તો સાંભળો.' નટુભાઈ સ્વર્ગસ્થ પત્નીના ફોટા સામે લાચાર નજર કરી મનમાં બબડ્યા પણ ખરા, 'ક્રોધ આવે છે, પણ કોનાં ઉપર ઠાલવવો ? તને હું કેટલી હેરાન કરતો નહિ ?' આંખમાં આવેલાં પાણી લૂછીને બોલ્યા, 'શોભાના, બેટા! તમે ક્યાં છો ? બેટા, મને પાણી આપી જાવ ને!'



પાણીનો ગ્લાસ લઈને કોઈ હમણાં આવશે એમ ધારીને બારણાં તરફ નજર માંડી. આશ્ચર્ય વચ્ચે ઓરડામાં પાણીનો ગ્લાસ લઈને આવનાર આ કોણ? અરે! આ તો મારો જૂનો મિત્ર નવનીત! નવનીતભાઈએ નટુભાઈને પાણીનો ગ્લાસ આપ્યો.પાણી પીતાં પીતાં નટુભાઈ બોલ્યા,'અલ્યા તું ક્યારે આવ્યો અને પાણી ભરીને તું કેમ આવ્યો?' નવનીતભાઈ કહે,'હું હમણાં જ આવ્યો. ઓરડા સુધી પહોંચ્યો હતો ત્યારે તું પાણી માંગતો હતો તે મેં સાંભળ્યું, ઘરમાં કોઈ નથી. બાળકો નીચે રમી રહ્યાં છે એટલે હું તારા માટે પાણી ભરીને લાવ્યો. તારી હાલત વિષે સાંભળ્યું હતું. આજે તારી હાલત નજરે જોઈને આઘાત લાગ્યો ! દોસ્ત, હું તને અહીંથી છોડાવીશ. તારી હાલત જોવાતી નથી.'

પાણી પીધાં બાદ અને નવનીતની સાંત્વના બાદ થોડી શાતા વળતાં નટુભાઈએ પ્રશ્ન કર્યો , 'ક્યાં લઈ જઈશ ? મારા મિત્ર .' નવનીતભાઈનો જવાબ , 'છોકરા સારી નોકરી કરે છે. ખૂબ સુખી છે. મને અતિશય વહાલથી રાખે છે . પુત્રવધૂ તો દીકરી જેટલા પ્રેમથી મને રાખે છે . મનગમતી સેવા પ્રવૃત્તિઓ કરૂં છું. વૃદ્ધોના વિસામા નામના વૃદ્ધાશ્રમમાં પણ સેવા કરૂ છુ. હું તને ત્યાં લઈ જઈશ. અહીં ના રહેવાય .'

નટુભાઈએ કહ્યું, 'મને પણ અહીં ગમતું નથી. પણ મારે અમિતને વાત કરવી પડે. સીધે સીધા એમ નીકળી ના જવાય ને ?'

નવનીતભાઈએ કહ્યું , 'સારુ, હું સાંજે આવીશ. અમિત અને શોભનાને સમજાવીશ. નહિ સમજે તો તને સાથે લઈ જઈશ.'

સાંજે નવનીતભાઈ આવ્યા, અમિત અને શોભનાને સમજાવ્યાં. સવારના બનાવની વાત કરી. અમિત કશું બોલે તે પહેલાં શોભાના તાડૂકી, 'મારે ઘરકામ હોય કે નહિ ? કે આખો દિવસ એમની સેવામાં જ લાગી રહું? રહી વાત પીવાનાં પાણીની, તો ત્યાં જગ ભરીને મૂક્યો જ હોય છે. જગ ખાલી થઈ જાય તો હું શું કરૂં? એમણે ઉંમર પ્રમાણે પાણી ઓછું પીવું જોઈએ. વારંવાર બાથરૂમ જવું પડે છે. ક્યાંક પડી જશે ને ફ્રેક્ચર થશે ત્યારે સેવા કોણ કરશે ? મારો....' બાપ શબ્દ શોભાના ગુસ્સા સાથે ગળી ગઈ.

નવનીતભાઈ અવાર નવાર આવતા એટલે હકથી બોલ્યા, 'પણ બેટા...' ત્યાં તો શોભાના બોલી , 'કાકા, બહુ શિખામણ આપવાની જરૂર નથી. બધે તમારી વાત ના ચાલે, અહીં ઘર ભૂલ્યા છો. બહુ પેટમાં બળતું હોય તો તમારા મિત્રને લઈ જાઓ સાથે.'

અમિત લાચારી ઓઢીને સાંભળતો રહ્યો, તમાશો જોતો હતો. ને નવનીતભાઈ પોતાના દોસ્તને લઈને નીકળી ગયા.

એકાદ બે દિવસ મિત્રને પોતાને ઘેર રાખ્યા. પછી વૃદ્ધાશ્રમમાં માનભેર દાખલ કર્યા. નવનીતભાઈ દરરોજ મળવા આવે, બંને ભાઈબંધ વાતો કરે. નટુભાઈને અહીં ફાવી ગયું.

એક દિવસ બગીચામાં બેસીને બંને વાતો કરતા હતા. નટુભાઈ કહે, 'નવનીત, તું સાચો ને હું જુઠ્ઠો. આપણે શિક્ષકની નોકરીએ લાગ્યા. તેં ગામડું પસંદ કર્યું. ગામડાંના બાળકોને ભણાવ્યાં. જિંદગી ખર્ચી નાખી. મફતમાં ટ્યુશન આપ્યું. તારાં સંતાનોને સંસ્કાર આપ્યા. જ્યારે મેં શહેરમાં રહીને, અપ – ડાઉન કરીને, ટ્યુશન કર્યા, સાઇડ બિઝનેસ કર્યો. પૈસાને મહત્વ આપ્યું.'



નટુભાઈ આગળ બોલ્યા, 'મેં બેંક બેલેન્સમાં ધ્યાન આપ્યું. નવનીત, તેં સંબંધોનું બેલેન્સ વધાર્યું. સારું છે, તેં એક મિત્ર તરીકે મને જાળવી રાખ્યો.'

નવનીત કહે, 'હવે એવી વાત કરીને દુઃખી થવા કરતાં અહીં સુખેથી રહે.' બંને ભાઈ બંધની વાત ચાલતી હતી ત્યાં જમવા જવાની બેલ સંભળાઈ. નવનીત કહે, 'ચાલ, તું જમવા જા. હું પણ ઘેર પહોંચું. બધાં રાહ જોતાં હશે.' બંને ચાલતા થયા ત્યાં નવનીતને યાદ આવ્યું ,'અરે! નટુ, તને વાત કરવાનું તો ભૂલી જ ગયો. હેમાએ કહેવડાવ્યું છે. નટુકાકાને કહેજો, દિવાળી ઉપર આઠ– દસ દિવસ આપણા મહેમાન બને.'

નટુભાઈ રાજી થયા ને બોલ્યા, 'દીકરી યાદ કરે તો આવવું જ પડશે ને? આમેય મને મારી પુત્રવધૂ...' નટુભાઈ આગળ બોલે તે પહેલાં નવનીતભાઈ બોલ્યા, 'પાછો યાદ કરીને દુઃખી થાય છે? જમવા જા, મૂંગો, મૂંગો.' ને બંને અલગ પાડ્યા.

દીવાળીના તહેવારોમાં હેમા ખુદ ગાડી ચલાવીને નવનીતભાઈ સાથે વૃદ્ધાશ્રમ આવી. ત્યાંથી રજા લઈને નટુકાકાને દિવાળી કરવા તેડી ગઈ.

બંને મિત્રો આનંદથી રહેવા લાગ્યા. બગીચામાં બેઠા હતા ત્યાં નટુભાઈ અતીતમાં ખોવાઈ ગયા. નોકરી, સાઈડ બિઝનેસની દોડાદોડીમાં જમવાનું મોડું થતું. રસોઈ ઠંડી થઇ ગઇ હોય. એક દિવસ જમતા જમતા બોલેલા, 'આવી ઠંડી રસોઈ ભાવે ? નવનીતને ત્યાં જો, તેને ગરમા – ગરમ રસોઈ જમાડે છે ભાભી.'

નટુભાઈને યાદ આવ્યું, 'સવિતા એક શબ્દ બોલી નહોતી. બીજા દિવસે ગરમા ગરમ રસોઈ પીરસી. પોતે જમવા બેઠો. વ્યસનના લીધે તીખું કે ગરમ જમી શકાતું નહીં. એક કોળિયો ભરીને તાડૂક્યો, 'ખાધું છે કોઈ દિવસ ગરમ ગરમ તે ભાવે કંઈ ?' ને પોતે જમ્યા વગર ઉભો થઈ ગયો હતો.

પછી તો રોજનો ક્રમ હતો, ધર્મપત્ની પર ગુસ્સો કરવો સામાન્ય બાબત બની ગઈ હતી. એક દિવસ હા, એક દિવસ પોતે પાણી માંગ્યું. સહેજ મોડું થયું ત્યાં મગજ ફાટી ગયો હતો. સવિતાએ પાણીનો ગ્લાસ આપ્યો ને સીધો ઘા કરેલો, નથી પીવું પાણી જા...

નવનીતભાઈ અચાનક બોલ્યા , 'અલ્યા, શું વિચારે ચડ્યો?'

નટુભાઈએ વાત કરીને કહ્યું, 'મેં તારાં ભાભીનું બહુ અપમાન કર્યું, પાણી આપે તો ગ્લાસ ફેંકી દેતો સવિતા સહનશક્તિની મૂર્તિ હતી.'

નવનીતભાઈએ સધિયારો આપ્યો. પછી બંને કેરમ રમવામાં મશગૂલ બન્યા.

દિવાળી પછી વૃદ્ધાશ્રમમાં પરત ફર્યા. ધર્મપત્નીના ફોટા સાથે વાતો કરતા કરતા બોલી ઉઠ્યા, 'મેં તને પજવી પણ તેં મને હંમેશા સાથ આપ્યો. મને માફ કરજે . હું એકલો પડી ગયો, કોઈ નથી મારું, મારી પાસે કશું ન રહ્યું, સવિતા...સવિતા...'

નટુભાઈએ અનુભવ્યું સવિતા જાણે ફોટામાંથી બોલતી ન હોય, 'તમે નાહક દુઃખી ન થાઓ. હશે, તમારો સ્વભાવ ગુસ્સા વાળો હતો. મેં સહન કર્યું ને ? અને કોણે કહ્યું તમારી પાસે કશું નથી? પેન્શન તો આવે છે ને? અને નવનીતભાઈ જેવો મિત્ર તો છે. પછી જોઈએ શું ?'

નટુભાઈને આટલા સંવાદ પછી જાણે સમાધાન મળી ગયું હોય એમ શાંતિનો અનુભવ થયો પોતાનું પાકીટ ખોલી, તેમાં જ્યાં હંમેશા એકાદ – બે એટીએમ કાર્ડ પડી રહેતાં તે જગ્યાથી નવનીતભાઈનો ફોટો કાઢીને જોયા જ કર્યો, જોયા જ કર્યો.

## વિશ્વકર્મા વિશ્વ

**આદરણીય જ્ઞાતિજનો,**
**આપ સૌને જય વિશ્વકર્મા, વંદન.**

**સાંપ્રત સમયમાં એમીક્રોન, ડેલ્ટા અને કોરોનાનું સંક્રમણ સમગ્ર વિશ્વમાં ફેલાઈ ગયું છે. હું પણ કોરોના પોઝીટીવ થયો હતો. નિયમિત સારવાર મળી ગઇ અને વિશ્વકર્મા પ્રભુની કૃપાથી અને આપ સૌના આશિષથી સારું થયું છે પણ નબળાઇ બહુ છે. ઘરે આરામ કરી રહયો છું. દવા અને દુઆની અનુભૂતિ કરું છું.**

**વિશ્વકર્મા જયંતી વિશેષાંક દર વર્ષે દળદાળ બનાવવામાં આવે છે, પરંતુ છેલ્લા ૨૦ દિવસથી નાંદુરસ્ત તબિયતને કારણે આ અંક દળદાળ ન બનાવી શકયાનો રંજ છે.**

**આપણે સૌ વિશ્વકર્મા પ્રભુજીને પ્રાર્થના કરીએ કે સમગ્ર વિશ્વને એમિક્રોન, ડેલ્ટા અને કોરોનાની મહામારીમાંથી જલ્દી મુકત કરે.**

**હૃદયથી આપસૌનો આભાર, જય વિશ્વકર્મા**

**- પ્રવીણ ગજ્જર**

# તમને શંકા છે ?

અનિલ ખારેચા

ઈડિયટની અટારીએથી

લમણે વાગેલા છુટા વેલણના ઘા માથે હાથ ફેરવતા મારા મિત્ર ગીધાએ કહ્યુ શંકા વિઘ્ન વિનાશીની એમજ નહી કહેવાયુ હોય યાર આ મારી પત્ની વાત વાતમા શંકાઓ કરે કયાં જાવ છો? શુ કરો છો? કોનો ફોન છે ? યાર આજે બધા નારી સ્વતંત્રતાની વાતો કરે છે મારે ત્યાં તો વીસ વર્ષથી તે અમલમાં છે બોસ ! સોફા પર બેસતા મે કહ્યું પણ થયુ શું તે તો કહે ? મને કહે આ મોદી સાહેબે ડીઝીટલ ઈન્ડિયા કરી કેટલાયે ઘરમા ઝઘડા કરાવ્યા છે તેને તો ઠીક છે ઘરે કોઈ કેવાવાળુ નથી, અમારો તો વિચાર કરવો જોઈએ ને ? મે કહ્યું વિગતે કહે તે કહે કાલે ઓફીસેથી આવતા એક સ્ત્રી કર્મચારીને બસ ન મળતા સ્કૂટર પર બેસાડી લીફટ આપેલ હવે ઉતાવળે ખ્યાલ ન રહ્યો ને સ્કૂટર થોડુ રોંગસાઈડમાં ચલાવી નાખ્યુ ત્યાં તો સાલાઓએ આજે આ મેમો મોકલી આપ્યો, અરે તેનો પણ વાંધો નથી પણ આ સગલા ફોટા સાથે પ્રુફ આપવાની શી જરૂર છે ? અમે કદી સર્જિકલ સ્ટ્રાઈકના પુરાવા માંગ્યા મોદીજી પાસે ? આ તેની જ બબાલ છે તારી ભાભી સવારની શબ્દોના બદલે વેલણથી એ જ પુછે છે કે આ પાછળ ફોટામાં છે તે સગલી કોન હતી ? હવે તો છાતી ચીરીને બતાવુ તો થાય, ગુનેગારને જામીન પર છોડાવતા હોય તે અદામા મે કહ્યુ ભાભી આતો નોર્મલ વાત છે સહકર્મચારીને લિફ્ટ આપવી તે ગુનો થોડો છે, ને માંડ તેના જામીન મંજૂર થયા હોય તેમ તેને ત્યાંથી હુ બહાર લઈ ગયો ને આશ્વાસન આપતા કહ્યુ તારે તો યાર ફક્ત ફોટોજ આવ્યો ? હું તો દરિયા કિનારે એક સ્ત્રી મિત્ર સાથે એમજ એક પુસ્તક વિશે ડીસ્કસ કરતો હતો ને ખબર નહોતી ત્યાં અમારી આગળ એક ન્યુઝ ચેનલવાળી માઈક રાખીને બોલવાજ લાગી કે ઘણા દિવસો પછી લોકડાઉન પૂર્ણ થતા આજે સમુદ્ર કિનારે ઘણા કપલ બહાર ફરવા નીકળ્યા છે ચાલો તેનેજ પુછીએ ખુલ્લી હવામા કેવુ ફીલ થાય છે? મે કહ્યુ સારુ લાગે છે પણ મેડમ અમે કપલ નથી પણ ચેનલ વાળાએ અમે કપલ નથી તે વાક્ય કાપી નાખીને સમાચારમાં બતાવ્યુ સારુ થયુ તે ન્યુઝ મારા ધર્મપત્નીએ ન જોયા નહીંતર મહાભારત નક્કી જ હતુ, પણ લોચો એ થયેલો પેલીના પતિએ તે ન્યુઝ જોયેલા ! તે મને ખબર પછી પડી જયારે મને બસસ્ટેન્ડ પર આવીને ચાર પાંચ ગુંડાઓએ ધમકાવ્યોને પુછ્યુ હવે કેવુ ફીલ થાયછે !



જોકે આ શંકાએતો કેટલીય સેલિબ્રિટીના જીવન છિન્નભિન્ન કરી નાખ્યા છે તેમા બચ્ચન સાહેબ પણ કયા બાકાત છે ? હવે તો મેલા બાબુ કયા કર રહા હે કહી ઘરવાળીઓ ગમે ત્યારે ફોનથી લોકેશન પુછે છે ને શંકા જતા કહે કારમાં છો તો હોર્ન વગાડો બાબુ, ને સાયલંટ ઝોનમાં પણ હોર્ન મારીને સાબિત કરવુ પડે કે બાબુ ગાડીમાંજ ગુડાણો છે! વધુ શંકા જન્મે તો વિડિયો કોલ વાહ ટેકનોલોજી કમાલ છે ને! પણ ઘણા ખોટા સીક્કાઓ અલગ નામથી મિત્રોના નંબર સેવા કરે છે. મેં કહ્યુ ગીધા વિશ્વાસ હોય ત્યાં નાની વાતે શંકા કરીને ગૃહજીવનને નાહકનું બરબાદ ન કરવુ જોઈએ મને કહે પણ ઘરવાળીને ગળા સુધી વિશ્વાસ હોય કે આ અડવીતરો જ છે તો પછી ગમે તેવા સારા બનીને પણ શુ ફાયદો ? તોય શંકા તો કરશે જ ! જોજો શંકાની લહેર કોરોના કરતા પણ ખતરનાક હોયછે જીવનને બરબાદ કરી શકેછે.

# ખરેખર જરૂરિયાત કેટલી?

કોમલ ડી. બકરાણિયા

## કલર્સ ઓફ લાઇફ

આજકાલ માર્કેટમાં જોવા મળતી ઘણી બધી મલ્ટી નેશનલ કંપનીનો એજન્ડા એક જ હોય છે કે જાહેરાત દ્વારા માણસના મનમાં અસંતોષની ભાવના પેદા કરવી જેથી તે માણસ બિનજરૂરી ખરીદી કરવા માટે પ્રેરાય છે. અને આવી કંપનીઓનો મેન ટાર્ગેટ હોય છે લોઅર કલાસ પબ્લિક અને મીડલ કલાસ પબ્લિક. માણસને જરૂરિયાત ન હોવા છતાં જાહેરાતના મારા દ્વારા એવી લઘુતાગ્રંથિ ફીલ કરાવામાં આવે છે કે તમે આ વસ્તુઓ વગર અધૂરા છો. અલગ અલગ રીતે લોકોને ટાર્ગેટ કરવામાં આવે છે પછી તે બાળક હોય કે સ્ત્રી પુરૂષો અને વડીલો હોય. તમારી પાસે જે ફોન છે તે તો આઉટ ઓફ ડેટ છે તેનું નવું વર્ઝન વધારે સારુ છે, તમારી પાસે જે શૂઝ કે કપડા છે તેનો ટ્રેન્ડ તો જતો રહ્યો છે, તમે જે પરફ્યુમ વાપરો છો તેનાથી બેસ્ટ સ્મેલ વાળો પરફ્યુમ તો આ છે.....આવી વાતો ને જાહેરાતના મારા દ્વારા સતત તમારા મગજમાં ટોર્ચર કરીને નાખવામાં આવે છે.



અરે રે દુનિયા ક્યાં ની ક્યાં જતી રહી હું એક જ દુનિયા મા પાછળ રહી ગયો, FOMO ( fear of missing out) આ કન્સેપ્ટથી તો આપ સૌ વાકેફ છીએ જ. આ વાત નો ફાયદો ઉઠાવે છે આવી કંપની કે જેને આખો અલગ થી એક વિભાગ ઊભો કેરેલો હોય છે આ માર્કેટિંગ સ્ટ્રેટેજી માટે અને અમુક કંપની તો તેના ટર્નઓવરના ૨૫ %તો આની પાછળ જ ખર્ચાતી હોય છે. ઘણી વખત લોકો જાહેરાતમાં આવતા સેલિબ્રિટીથી પ્રેરાયને તો ક્યારેક તમારી આસપાસના લોકોથી પ્રેરાયને ખરીદી કરતાં હોય છે પરંતુ અહીં કેવાનો તાત્પર્ય એ જ છે કે ખરેખર જરૂરિયાત છે એ વસ્તુની ? તમે દસ રૂપિયાના બ્રેડ બટર ખાયને પણ પેટ ભરી શકો છો અને ફાઇવ સ્ટાર હોટેલ દસહજારની ડીશ ખાયને પણ પેટ ભરી શકો છો, નક્કી તમારે કરવાનું છે કે તમારી ખરીદશક્તિ કઈ છે.. કેમકે જરૂરીયાત તો બન્ને પૂરી કરે જ છે. દરેક વસ્તુની ખરીદીમા ઓપ્શન ઇ છે જ અવેલેબલ પણ આપણી ખરીદશક્તિ પ્રમાણે જ આપણે ઓપ્શન પસંદ કરવો જોઈએ, કેમકે આવી કંપનીઓ નું તો કામ જ તમારા મનમાં અસંતુષ્ટિની ભાવના ઉત્પન્ન કરવાનું છે જેથી તમે વધુ ને વધુ ખરીદી કરો. જે કંપની કારનું એક મોડલ બાર બનાવે ત્યારે કહે છે કે આ બેસ્ટ છે પરંતુ થોડા જ દિવસો પછી તેનું નવું મોડલ લોન્ચ કરીને કહે છે કે પેલા મોડલ કરતા આ નવા મોડલમાં આટલા ફીચર વધારે છે.

આ દેખાદેખીમાં કરેલી ખરીદી ઘણી વખત મિડલ કલાસ માણસોની આર્થિક બરબાદીનું કારણ બને છે, અને પછી એ જ માર્કેટ તમને સરળ હપ્તે લોન પુરી પાડે છે, અને પેલી કહેવત પ્રમાણે ‘‘હપ્તે મળે તો હાથી પણ લઈ લે’’ એ પ્રમાણે વસ્તુની કુલ કિંમતના ૫% જ ઘરમા હોય તો પણ એવી મોંઘીદાટ વસ્તુ હપ્તે લઈ ને વસાવે છે. જેમની પાસે છે તે ભલેને ખર્ચે પૈસા પરંતુ ખરીદશક્તિનો હોવા છતાં પણ જાહેરાતથી પ્રેરાય ને કે બીજાની દેખાદેખી કરવામાં બિનજરૂરી ખર્ચ કરતી વખતે વિચારજો કે ખરેખર આની જરૂરીયાત કેટલી?

Mukesh D. Surelia
Cell : +91 98252 32476
+91 94287 29781






# Dinesh INDUSTRIES

Mfg. **Wood Working Machinery**

Char Rasta, Jamkhambhalia - 361 305
Dist. Dev Bhoomi Dwarka (Gujarat) INDIA
Ph. : +91-02833-232476
E-mail : dineshind87@yahoo.in

## With Best Compliments...



Dinesh D. Surelia
*Proprietor*

# *Laxmi Industries*

Manufacturing of Wood Working Machinery

Porbandar Road, JAM KHAMBHALIA-361305 (Dist : Dev Bhoomi Dwarka)
Email : laxmiind98@live.com, Phone : (0) : (02833)232204 (R) : (02833)235018 (M) : 94264-58904

Since 1988

www.accumenspindle.com

ACCUMEN SPINDLE

100% Best Quality

**MANUFACTURE OF**
Internal Grinding Spindles,
CNC Turning Spindles,
VMC Spindles, SPM Spindles, Components for
Cincinnati Machine (USA) & Bocca (Italy).



Manufactured by :
**ACCUMEN ENTERPRISE**
Atlas Industrial Area, Plot No. 11/16,
Opp. Krishna Park Hotel, NH-8B,
Rajkot-Gondal Highway, Nr. Railway Crossing,
Khothariya (Rajkot-4.) | 0281-2782090 / 091 / 089
accumenentp@gmail.com / info@accumenspindle.com
**+91 98255 06140 | +91 98242 98522 | +91 99245 55542**

We Support
Digital India

**Fit Well Engineers offer Traub Collets, Button Collets, Diamond Collets, CNC Collet Chuck & Accessories**

Fit Well
Collets & Accessories





**AVAILABLE COLLETS & ACCESSORIES :**

- **TRAUB COLLETS (DL TYPE)**
  Model A-5, A-10, A-15, A-20, A-25
  A-30, A-32, A-42, A-60
- **OTHER COLLETS (DBX TYPE)**
  Model A-3, A-4, 1/4", 1/2", 3/4", 1"
- **TRAUB ACCESSORIES**
  Master Sleeve, Nose Cap, Finger Sleeve Roller etc...
- **CNC COLLET & ACCESSORIES**
  Chuck : A-25, A-42, A-60
  Bar Puller : 2.00 to 35.00 (Range)
  Baby Collet Chuck : ER-16, ER-20, ER-25

**Jamanadas G. Sinroja**
**Bhupendra J. Sinroja**
**Manoj J. Sinroja**

**Tel.** : +91 281 2367412
**Cell** : +91 94272 06889
+91 98251 96077
**E-Mail** : info@fitwellcollets.com
**Web** : www.fitwellcollets.com

Mfg.: Fit Well ENGINEERS

# ભાઇની બહેની લાડકી

ભાવિન કથ્રેચા

પુરૂષના જીવનમાં ચાર સ્ત્રીઓનું વિશેષ મહત્વ રહેલું હોય છે. મૃત્યુની ગોદમાં સુઇને જન્મ દેનારી જનની, એક જ માતાના ગર્ભમાં ઉછરીને આવેલી બહેન. જીવનના દુઃખ–સુખમાં સાથ નિભાવનાર પત્ની અને પિતાનું હરતુ–ફરતુ હૃદય એવી દિકરી. ચારેય સ્ત્રીઓ સાથે પુરુષનું વિશિષ્ટ ંધન જોડાયેલું હોય છે. ભાઇ–બહેનના અપાર પ્રેમ–હેતનો એક અમર કિસ્સો છે. ઘટના આશરે પાંચસો વર્ષ પહેલાની છે. ભાવનગર જીલ્લાના વલ્લભીપુરથી પંદર કિલોમીટર દુર રંઘોળી નદીના કિનારે વસેલુ પીપરાળી ગામ. ગામમાં હિંદુ અને મુસલમાન બંને કોમના લોકો હળીમળીને રહે. ત્યાં મુસ્લિમ સમાજના ભાઇ–બહેન રહેતા. ભાઇ–બહેન કરતા પાંચેક વર્ષ મોટો છે. બહેનના જન્મ પછી થોડાક જ વર્ષોમાં તેમણે અમી–અબ્બુ ખુદાને પ્યારા થઇ ગયા. એટલે મોટાભાઇ પોતાની નાની બહેનને અમી અબ્બુ અને મોટાભાઇની ત્રેવડી ભુમિકા લાડ લડાવે.



બંનેના સાચા નામની તો કોઇને ખબર નથી પરંતુ દુધ જેવા ઉજળા દેખાવાને કારણે ગામલોકો તેમણે ગોરામિયા અને ગોરબાનું કહીને બોલાવતા. પછી તો બંને જણા એ જ નામથી ઓળખાવા લાગ્યા. સૈયદ ગોરમિયા ઓલીયા ફકીર જેવા, સ્વભાવમાં જરાય છલકપટ નહીં. બહેન માટે મોટાભાઇનો બોલ એટલે કુરાનની આયતો. સવાર પડતા જ ભાઇ–બહેનના માથે હેતથી હાથ મુકી ઉઠાડે. બેનબા જોઓ તો ખરા સુરજદાદા ઉગી નીકળ્યા, હવે જાગવું નથી ? બહેનના જાગ્યા પછી દાતણ, શીરામણ, બહેન સખીઓ સાથે રમીલે એટલે બપોરનું ભોજનથી લઇ રાત્રે જમાડી સુવડાવવા સુધીની બધી કાળજી ગોરામિયા બરાબર રાખે. બહેનને કયારેય પણ કોઇ વાતની કમી ન આવે તેની પુરતી સાવધાની રાખે. ગામલોકોમાં મા–બાપ વગરના ભાઇબહેનના આવા હેત જોઇ ખુશ થતા અને કહેતા બંનેના શરીર અલગ છે પરંતુ આત્મા તો એક જ છે. શિયાળો, ઉનાળો  હોય કે ચોમાસુ ઋતુઓ દલાતી રહે પરંતુ ભાઇ–બહેનના હેત તો એવાને એવા જ. સમયનું ચક્ર અવિરત વહેતુ રહે છે. જોતજોતામાં ગોરામિયા વીસ વર્ષના યવાન થઇ ગયા. મજબુત બાંધો, કાળી ભમ્મર મુંછો અને દાઢી કુટીયા બાદા મામા–મામીને પોતાના લાડકા ભાણેજને ઘોડીએ ચડાવવાના અભરકા ઉપડયા. પરંતુ ગોરામિયા કહે હજુ ઘોડી ચડવાને વાર છે ઘણી સમજાવટ પછી ગોરામિયા શાદી કરવા માટે સહમત થયા. મામા–મામીએ ગોરામિયાની શાદી નકકી કરી નાખી.

વાજતે ગાજતે ઘોડી ચડીને ગોરામિયા શાદી કરી ઘરે આવ્યા, આવનાર સૈયદાણીના કાને વાત તો ઉડતી આવતી હતી કે પોતાના શૌહરને એક નાની બહેન છે. બહેન ભાઇમાં ખુબ લાડપ્રેમ છે. બંને જણા એકબીજાને પોતાના પ્રાણ કરતા પણ અધિક હેત કરે છે. બહેન ભાઇના હેત તો તેમણે ઘરે આવ્યા ત્યારે જ જોયા, મિલનની પ્રથમ રાત્રી છે. દુલ્હન પોતાના શૌહરની ઓરડામાં પ્રવેશવાની આતુરતાથી રાહ જુએ છે. ગોરામિયા અંદર પ્રવેશ્યા અને બેગમને કહ્યું કે મારી બહેનને અંધારાથી બહુ બીક લાગે છે અમે કોઇ દિવસ અલગ ઓરડામાં સુતા નથી તેણે અડધીરાતે પાણીની તરસ લાગે તો ? જોવો ખરા કેવી કડકડતી ઠંડી છે બહેનની સાલ નીચે પડી જાય તો, બહેનને કેવી ટાઢ લાગે ? હું બહેનના ઓરડામાં જઇ નીચે જ પથારી કરી લઉં. પોતાના શૌહર સાથે પ્રથમરાત્રીની મધુર મિલનની કલ્પનામાં રાચતી સૈયદાણીના બધા સ્વપ્નાઓ ચુર થઇ ગયા પછી તો રોજ રાત્રીનો આ જ ક્રમ ગોરામિયા રોજ રાત્રે આમ જ ચાલ્યા જાય. અષાઢ, શ્રાવણ માસની વરસાદી રાતોમાં ઓરડામાં સુતેલી સૈયદાણી રાતભર પડખા ફેરવતી રહે.

એકવાર ગોરબાનું સહેલીઓ સાથે બપોરે ફળીયામાં રમતા હતા. ગોરામિયા ઓસરીમાં હિંડોળે બેઠા હતા. સૈયદાણીને વિચાર આવ્યો કે લાવને શૌહર અત્યારે એકલા બેઠા છે, રાત્રી તો વેરાન થઇ ચુકી છે. બપોરે તેમણી સાથે પ્રેમની બે–ચાર વાતો કરી લઉં. સૈયદાણી હજુ પ્રેમની વાતો ભરી શરૂઆત કરે ત્યાં

તો ગોરામિયા કહેવા લાગ્યા તમે બેનબાનુ બરોબર ધ્યાન તો રાખો છો ને ? બહેન આજ બપોરે કેમ ઓછું જમ્યા, બહેનને આ શાક તો જરાય ભાવતું નથી એ વાતનું તમે ધ્યાન રાખજો. અને જોવો તો ખરા, બેહને આજે નવી ઓઢણી ઓઢી છે, તે કેવી શોભે છે ? સૈયદાણીના પ્રેમઅગ્નિ પર જાણે કે કોઇએ પાણી નાખી દીધું હોય તેવો તેને ભાસ થયો. પોતાનો શૌહર તો બસ દિવસ હોય કે રાત પોતાની બહેનની જ માળા જપે છે. સૈયદાણીમાં સ્ત્રીસહજ ઇર્ષ્યાભાવ દિવસેને દિવસે વધવા લાગ્યો. તે વિચાર કરવા લાગી કે જયાં સુખી નણંદ પરણીને સાસરે નહીં ચાલ્યા જાય ત્યાં સુધી પોતાના સુખના દિવસો આવશે નહીં. તેથી તેના લગ્ન વેળાસર થઇ જાય તેવા મનસુબા ઘડવા લાગી.

સૈયદાણી ગોરામિયાને વારંવાર કહેવા લાગ્યા અરે જુઓ તો ખરા બહેનબા ઉંમરલાયક થઇ ગયા છે. તમને તો બહેનબાને લાડકોડ પુરા કરવામાં એ પણ દેખાતું નથી. રાજા હોય કે ભિખારી કોઇની પણ બહેન–દિકરીઓ કદી ઘેરના શોભે એ તો તેના ખરા ઠેકાણે એટલે કે સાસરીયે જ શોભે. ગોરામિયાને ગોરબાનુ ના સગપણ કરવા દબાણ કરવા લાગ્યા. ગોરામિયાએ ગોરબાનું માટે યોગ્ય મુરતિયો શોધવાની વાત વહેતી કરી એટલે દુર દુરના ગામથી સારા ઠેકાણા આવવા લાગ્યા. પરંતુ ગોરામિયાની ઇચ્છા હતી કે બહેનનું સગપણ આજુબાજુના ગામમાં થાય તો બહેનનું મોં જયારે જોવું હોય ત્યારે જોઇ શકે. બહુ શોધખોળના અંતે પીપરાળી ગામની બાજુના ગામ લોલીયાણામાં એક મુરતિયો પસંદ આવ્યો એટલે ગોરાબનું સગપણ નકકી કર્યું.



ગોરબાના નિકાહના દિવસે મંગળ ગીતો ગવાઇ રહયા છે. આખુ ગામ નિકાહ માણવા ગોરામિયાના આંગણે એકઠા થઇ આનંદ–કિલ્લોલ કરે છે. આવા ખુશીભર્યા માહોલમાં પણ એક વ્યકિત ઘરના ખુણે બેસી રડી રડીને પોતાની આંખો લાલચોળ કરી મુકી છે તે વ્યકિત બીજુ કોઇ નહી પણ ખુદ ગોરામિયા છે. ગોરબાનુની પરિસ્થિતિ ગોરમિયા જેવી જ થઇ ચુકી છે તે પર રડી રડીને પોતાની ચુનરી ભીની કરી દીધી છે. કારણ કે તે જાણે કે પોતાનો આ ઘરની વિદાય થવાનો દિવસ છે. જેમ જેમ વિદાયની ઘડી નજદીક આવતી જાય છે તેમ તેમ બંને જણાના શરીર ઢીલા પડી જાય છે. સૌ કોઇ ગામવાસીઓ જાનને વળાવવા પાદરે એકઠા થયા છે. શરીરથી આત્મા જાણે કે છુટો પડયો હોય ! ઘરે પહોંચી ગોરામિયાને કોઇ જગ્યાએ ચેન પડતુ નથી ઘર સાવ સુનુ સુનુ લાગવા લાગે છે. કારણ કે ભાઇ–બહેન જીંદગીમાં કોઇ દિવસ એકબીજાથી કયારેય અલગ પડયા નથી.

હવે તો કયારે સવાર પડે ને બહેનને મળવા તેના સાસરે જાવું તેવા સુખદ વિચારોથી આખી રાત ગોરામિયા નિંદવિહોણી વિતાવે છે. જેવા સુર્યનારાયણે પોતાના પ્રથમ કિરણો વડે ધરતીને આલીંગન આપ્યું એટલે ગોરામિયાએ ઘોડા પર સવાર થઇ લોલીયાણા તરફ રવાના થયા. બીજી તરફ ગોરાબાનું પણ પોતાના વીરની આંખો પર નેજવા દઇ કાગવાટે રાહ જોઇ રહયા છે. ઘોડા પરથી ગોરામિયા નીચે ઉતરી જેવા ગોરબાનું પાસે આવ્યા એટલે ગોરબાનું બે ભાઇના ઓવરણા લીધા ભાઇ–બહેન ભેટી પડયા. જાણે કે એક રાતના નહીં પણ એક યુગથી બંને જણા ભેગા થયા હોય !

ગોરામિયાને બહેનના સાસરીયે રોકાણ કર્યાને ચાર દિવસ થઇ ગયા. પીપરાળીથી સૈયદાણીએ ઘણીવખત સમાચાર મોકલાવ્યા કે બહેનના સાસરો આટલા દિવસો સુધી રોકાવુ સારુ ન કહેવાય જલ્દીથી ગામે આવી જાવો. બનેવીને પણ ગોરામિયા સાથે મિત્રતા થઇ ગઇ હતી. બનેવીને પણ એ વાતની જાણ હતી કે બંને ભાઇ–બહેન એકબીજાને પોતાના જીવથી પણ અધિક હેત કરે છે. એટલે તેણે ગોરામિયાને હજુ રોકાઇ જાઉં, હજુ રોકાઇ જાઉ કહી અઠવાડીયુ રોકી રાખ્યા. એ જોઇ ગોરાબાનુના સાસુ, જેઠાણી અને નણંદ ગોરાબાનુને મેણા મારવા લાગ્યા. આખા બોલી નંણદે તો ત્યાં સુધી કહ્યું કે, હે, ભાભીજાન મારા ભાઇ તમને બંને ભાઇ–બહેન સાથે નિકાહ કરીને આવ્યા છે ? ગોરાબાનુને મન પર લાગી આવ્યું કે આ ત્રણેય મને ભલે ગમે તેટલા મેણાટોણા મારવા હોય તો માટે પણ મારા ભાઇ વિશે હું કોઇ ખોટું–ખરું સાંભળવા માંગતી નથી એટલે તેણે ગોરામિયાને પીપરાળી જવા માટે સમજાવ્યા.

ગોરામિયા પોતાના ગામ પરત ફરવા સહમત થયા પોતાના બનેવીને કહ્યુ કે ગામ જતા પહેલા હું એક વિનંતી કરવા માંગું છું કે અમે ભાઇ–બહેન એકબીજાને જોયા વગર જીવી ના શકીએ. તમે તેને લઇ ઘરજમાઇ બનો એ યોગ્ય ન કહેવાય અને હું બહેનના સાસરીયે રોકાણ કરુ એ ઠીક ન કહેવાય. તેથી હું પીપરાળીયા એક મિનારો બંધાવુ અને તમે લોલીયાણામાં એક મિનારો ચણાવો. અમે ભાઇ–બહેન મિનારે જઇ રોજ દિવો કરીશું. એ દિવાને જોતા જ અમે જાણે કે એકબીજાને રૂબરૂ મળ્યાનો અહેસાસ થઇ ગયો હોય તેવી લાગણી અનુભવીશું. ભોળા મનના બનેવીએ આ વાતને કબુલ રાખી. બંને ભાઇ–બહેન મિનારા બંધાઇ ગયા બાદ દિવા જોઇને જ રાત્રીનું ભોજન કરીશું. એવો નિયમ રાખ્યો. થોડા મહિનામાં જ પીપરાળી અને લોલીયાણામાં

જાણે કે બે સગાભાઇઓ હોય તેવા મિનારા ચણાઇ ગયા. ભાઇબહેનો રોજ સાંજે મિનારા પર જઇ એકબીજાના દિવા જોઇ એકબીજાને રૂબરૂ મળ્યા હોય તેવો આનંદ અનુભવે. ઋતુઓ બદલ્યા કરે પરંતુ ભાઇ–બહેન રોજ સાંજે એકબીજાને દિવો બતાવવાનું ભુલે નહીં. સવાર પડતા જ જ બંનેના મનમાં એક જ વિચાર ઘુમ્યા કરે કયારે સાંજ પડે ને એકબીજાને દિવા બતાવીએ. ગોરામિયાને એકવાર ગામતરેજવાનું થયું સૈયદાણીને ભલામણ કરતા કહ્યુ કે અષાઢ મહિનો છે વરસાદ પડવાની સંભાવના છે. એટલે કદાચ આવવામાં મોડુ પણ થઇ જાય એટલે સાંજ થતા જ તમે બહેનબાને દિવો બતાવવાનું ભુલતા નહીં. જો બેન સાંજે દિવો જોશે નહીં તો એ ચિંતા કર્યા કરશે અને રાત્રે જમશે પણ નહીં એટલે ગમે તેવુ કામ હોય તો પણ તમે દિવો મુકવાનું ભુલતા નહીં.



લોલીયાણામાં ગોરાબાનું પોતાના રોજીંદા ક્રમ્ર અનુસાર સાંજ થતા જ મિનારે દિવો કરવા ગયા. દિવો કરી પીપરાળી પર નજર કરી પીપરાળીમાં આવો ભેકાર અંધકાર, મિનારા પર દિવો નથી ? મિનારા પર કેટલીય ઘડી સુધી નજર હટાવી નહીં. પોતાના વીર કયારે દિવો બતાવે એની આતુરતાથી રાહ જોઇ રહયા. જેમ જેમ દિવાનું દિવેલ ખુટતુ ગયુ જાણે કે ગોરાબાનું હૈયુ વધુને વધુ અમંગળા ભણકારામાં ગરકાવ થતુ ગયું. સુરજ ઉગવાનું ભુલી જાય. પૃથ્વી પરિભ્રમ્રણ કરવાનું બંધ કરી દે. પરંતુ મારો ભાઇ ગમે તેવા સંજોગોમાં પણ જીવતેજીવ દિવો બતાવવાનું મોડુ ન કરે. જયારે મન દુઃખી હોય ત્યારે મગજમાં હંમેશા નકારાત્મક વિચારો જ મોટો ભાગ ભજવતા હોય છે. જરૂર મારો વીર ધરતી પર રહયા નથી તેવો અમંગળ વિચારી ગોરાબાનુએ પીપરાળી પર એક દૃષ્ટિ કરી મારા વીર હું તમને એકલા જવા નહીં દઉં, હું પણ તમારી રાહે જન્નત આવી પહોંચી કહી ગોરાબાનુંએ મિનારા પરથી પડતુ મુકયું. જમીન પર પડતા જ ગોરાબાનુંનો દેહ નિષ્પ્રાણ થઇ પડયો.

હબસીના વર્ણ જેવી ઘનઘોર કાળી રાત્રીમાં ગોરામિયા ઘોડે બેસી પીપરાળી આવી રહયા છે. ઝરમર ઝરમર વરસાદની બુંદો બંનેને ભીંજવી રહી છે. ગોરામિયા ઘોડાને પ્રેમથી કહેતા જાય જલ્દી દોડ, નહીં ને સૈયદાણી બેનબાને દિવો બતાવવાનું ભૂલી ગયા હોય ! ઘોડી પણ પોતાના માલિકનો બોલ અનુસરીને પોતાનું કર્તવ્યપાલન કરી રહયો હોય તેમ ગોરામિયાને પીપરાળી લઇ આવ્યો. ઘરે પહોંચતા જ ગોરામિયાએ દરવાજો ખુલતા પ્રશ્ન કર્યો તમે દિવો બતાવવાનું ભુલી તો નથી ગયા ને ?

અરેરે, હું તો કામમાં સાવ ભૂલી ગઇ, સૈયદાણીએ હાથ એકનો નિસાસો નાખ્યો. લાવો જલ્દી હું બહેનને દિવો તાવી દઉં ગોરામિયા ઉતાવળથી મિનારા તરફ ચાલવા લાગ્યા, અરે ચાલવા શું દોડવા જ લાગ્યા ! મિનારા પર ચડતા ગોરામિયાના પગ ભારેખમ થવા લાગ્યા. ગોરામિયા વિચાર કરવા લાગ્યા કે આ તો મારો રોજનો ક્રમ છે તો આજ આવુ કેમ થાય છે ? જલ્દીથી મિનારે દિવો કરી નજર લોલીયાણા તરફ કરી. જેવા વિચારો ગોરાબાનુને આવ્યા હતા તેવા જ અમંગળ વિચારો ગોરામિયાના મગજમાં ઘુમવા લાગ્યા. કેમ કે બંનેના શરીર અલગ હતા. મનને આત્મા એક જ હતા ! ગોરમિયાને ગોરબાનનું તો વાત્સલ્યભર્યો ચહેરો નજર સમક્ષ તરવરી રહયો. ગોરામિયાએ મિનારા પરથી પડતું મુકયું. બહેનબા બહેનબાના શબ્દો હવામાં ગુંજી ઉઠયા. જન્નત પહોંચતા સુધીમાં બંનેના આત્મા એક થઇ ગયા. પીપરાળી ગામનો મિનારો પડી ગયાને પચાસ વર્ષો જેટલો સમયગાળો થઇ ગયો. લોલીયાણામાં આજે પણ મિનારો જર્જરીત હાલતમાં ઉભો છે. જીવનમાં આવેલા દુઃખ–સુખમાં સદાય સાથે જીવેલા અને મૃત્યુ પામેલા ભાઇ–બહેનના લાડ પ્રેમને કોટી કોટી વંદન


## વિશ્વકર્મા વિશ્વ
### લવાજમ ભરવા માટે...

**મોરબી**

**રાજુભાઇ કથેચા :** C/o. રાજુ વીડિયો, રુદ્ર પ્લાઝા કોમ્પ્લેક્ષ, શોપ નં. ૧૭, પહેલા માળે, શનાળા રોડ, મોરબી. મો. ૯૮૭૯૦૧૫૬૬૮

**રાજકોટ**

**રમેશભાઇ વાઘસણા** - મો. ૯૮૨૪૮ ૭૪૫૩૨

**મુંબઇ**

**પ્રવીણ બોરાણીચા** - મો. ૯૮૨૦૯ ૫૩૦૧૦

**જામનગર**

**હીનાબેન અઘેડા** - મો. ૭૪૦૫૬૫૧૭૦૮

**બરોડા**

**ચેતનભાઇ સુથાર** - મો. ૯૫૭૪૩ ૮૪૫૯૩

**ઓનલાઇન લવાજમ ભરવા માટે...**

**Visit : www.vishwakarmavishwa.com**

# વિદ્યાલયની વિદાય વેળાએ


નટવર આહલપરા

જુદા હોતે હુએ જબ કોઇ કહેતા કે ખુદાહાફિઝ, નિગાહે તકતી રહ જાતી હૈ, દિલ માસુમ હોતા હૈ

વિદાય માત્ર દુ:ખદાયક છે. માનવીને જીવન જીવતાં જીવતાં નાની મોટી કંઇ કેટલીયે વિદાયો લેવી અને આપવી પડે છે. હરકોઇ પ્રકારની વિદાયવેળાએ વસમી કહીને માનવી નિ:સ્વાર્થ નાખે છે. 'બસ ! હવે જવાનુ ?

આ ત્રણ શબ્દોમાં ભારોભાર વેદના ભરેલી છે. સુખ–દુ:ખ, આનંદ–શોક, ભરતીઓટ, ચડતી પડતી અને તડકા–છાયાની જેમ મિલન વિદાય પણ એકબીજાની સાથે અતૂટપણે સંકળાયેલા છે એટલું જ નહીં, એક સિક્કાની બાજુઓ જેવા છે.





માનવીની કેટકેટલી વિદાયની ઔપચારિક વિધિમાંથી પસાર થવું પડતું હોય છે. કન્યા વિદાયનો પ્રસંગ તો ભારતીય સંસ્કૃતિનો આગવો કહી શકાય એવો કરુણમંગલ પ્રસંગ છે. ઘણા વર્ષો સુધી કોઇ એક સ્થળે નોકરી કર્યા પછી બદલી યા નિવૃત્તિનો વખત આવે ત્યારે મિત્રો, મુરબ્બીઓ અને સ્નેહીજનોથી લેવી પડતી વિદાય કાંઇ ઓછી કરુણ નથી હોતી !

પરદેશ જતાં પુત્ર કે પુત્રીને વિદાય આપવી, અવસરે ભેગાં થયેલા સ્વજનોને વિદાય આપવી અને મૃત્યુ સમયે આ ધરણીનાં કણેકણને વિદાય આપવી–આ નથી વિવિધ પ્રકારની વિદયા, પછી એ નાની હોય કે મોટી સારી હોય કે ભભકાભરી દુ:ખદ જ છે. શાળાના એક એક તાસ, એકએક વર્ષ અને એકેક ક્ષણ હજુ મનમાં જીવંત છે. સંસ્કૃતની ઉકિતમાં કહેવાયું છે ને કે...

'તે હિનો દિવસો ગતા:' જે દિવસો ગયા તે ગયા એ પાછા આવતા નથી... માના પ્રેમ જેવો જ વિશેષ પ્રેમ મને મારી શાળાએ આપ્યો છે તેને કેમ ભૂલું ?

ભૂતકાળનાં સમુદ્રમાં ઉંડે ઉતરીને ડૂબકી મારતાં અનેક સ્મરણો મારા ચક્ષુ પર ઉપસી આવે છે. આજે એક ચિત્રપટનાં દૃશ્યની જેમ એ દિવસોને કેમ ભૂલી શકશી ? કેવો હતો શાળાનો સુમધુર પ્રથમ દિવસ ?

મને કેટલો આનંદ થયો હતો જયારે શાળાએ દાખલ થયો ત્યારે ? ત્યારે કાંઇ ખબર હતી કે ગઇકાલના મસ્ત જીવ એક પિંજરામાં પૂરાઇ રહયો છે !

પરંતુ માનશો ? મારા માટે એ કેદનું પિંજરું નહોતું, મારે માટે તો એ સાચી મુકિતનું ધામ બની ગયું હતું એવું આજે જણાયા વિના રહેતું નથી.

મેં જોયું તો અત્યારે સૌના મન પર એક જ વિચાર હતો કે, સંસ્કૃતિની સૌરભ છલકાવતા શાળાના આ નંદનવન સમા કુંજવિહારોમાં ગુરુદેવોની છત્રછાયા નીચે આનંદથી કિલ્લોલ કરવાં, જિંદગી જીવવાની અને જીતવાની સંજીવની પ્રાપ્ત કરતાં સૌ પંખીઓને હવે ઉડી જવાનું છે !

એક કુશળ ચિત્રકાર પોતાના ચિત્રમાં જે કરુણતા જ ભરી શકે, એક સંગીતકાર ભૈરવીમાં જે કરુણા ન ગાઇ શકે, અને એક માતા પુત્રનાં વિરહમાં પોકારમાં જે દર્દ લાવી ન શકે, એ દર્દ, એ વ્યથા, એ કરુણા અમારા હૃદયમાં છવાયી હતી.

અને જે ઘડીની અમે રાહ જોઇ રહયા હતા તે આવી પહોંચી. શાળાના આચાર્યશ્રી ઉભા થયા. તેમના પ્રેમાળ શબ્દો કાને પડયાં. તેમણે અમારા ઉજજવળ ભાવિ વિશે મંગળ ભાવના વ્યકત કરી અને જીવનમાં સાદાઇ, સ્વચ્છતા, શિસ્ત, સેવા અને સહનશીલતા ઉતારવાનો આદર્શ રજુ કર્યો. 'તમારાં જે સદવિચાર અને સત્કર્મ હોય તેનું સેવન કરજો. બીજાનું નહીં, તમારો માર્ગ કલ્યાણમય હો. શિવાસ્તે પત્થાન સન્તુ' કહી પ્રેમથી હૃદય ઠાલવી બેસી ગયાં. વર્ષો વીતી ગયા પછી પણ ડોકટર, વકીલ, એન્જિનીયર, કવિ, લેખક, રમતવીર, ઉદ્યોગપતિ, પત્રકાર કે નેતા બનેલા વ્યકિતઓ પોતાની શાળાને કદી ભૂલી શકતા નથી.

પોતાની નજર સામે સ્ટીમર તૂટતી હોય ત્યારે ચાલક ખુબ રડે છે. તેનાથી જુદા પડતા તે વ્યાકૂળ બની જાય છે. વર્ષો સુધી સ્ટીમર સાથેનો લગાવ તેને ગદગદિત બનાવી દે છે. આવી છે વિદાય !!

શાળાના મંગલ વાતાવરણમાં કરુણતા અનુભવી હું શાળાના આચાર્યશ્રી અને સર્વગુરૂજનોને મળ્યો. તેમના પ્રત્યે આભાર અને આદરની ભાવના વ્યકત કરી, આંસુભરી આંખે, ગૌરવભર્યા હૈયે શાળા માતાને નમસ્કાર કરીને નીકળી પડયા. ભલે ! મને કોલેજ જીવનમાં અનેક સ્મરણ સાંપડશે પણ શાળાજીવનને ભૂલવું તો મારા માટે દોહલું છે.

છતાં 'માણ્યુ તેનું રટણ કરવું એ ય છે એક લહાણુ' કવિ કલાપીના શબ્દોને યાદ કરી જીવન વિતાવવું જ રહ્યું.

કરુણતાનું મહાકાવ્ય ગાતો, કુંદનમીય કહાણી કહેતો અને વસમી વિદાયની મૂક વ્યથા ભર્યો હતો શાળાનો એ અંતિમ દિવસ.

એકડેએકથી આજ પર્યંત જીવનની વ્યાખ્યાની સમજૂતિ આપનાર મારા આદરણીય ગુરુજનો અને જેની સાથે શાળા જીવનના ખટમીઠા, તુરા–કડવા, ગળ્યા–મોળા સંબંધો બાંધ્યા છે એવા વિદ્યાર્થી મિત્રોને કેમ ભૂલું ?


આંખમાં છે. મનમાં અરમાનો છે પણ દિલમાં અપાર વેદના છે. કોને કહું હૈયાની વાત ? પણ તમને સૌનો તો હૈયાની વાત કહેવાય જ ને ? તમે સૌ તો મારા સ્વજનો છો. બચપણમાં જયારે આપણને શાળામાં ભણવા બેસાડયા હશે ત્યારે આપણે શાળાએ ન જવા રહયા હશું ! પગ પછાડયા હશે ! ધમપછાડા કર્યા હશે ! શાળાના હાઉથી કયારેક તાવ આવી ગયો હશે.

પણ આજુ તો ઉલટું પરિણામ દેખાય છે. આજે કોઇ પગ પછાડતું નથી. આજે કોઇને તાવ નથી આવી ગયો. હા આજે આપણા સૌનું દિલ રડી રહ્યું છે.

શાળારૂપી આંબાના અમે તો કુણા પાન અમને શા માટે વિદાય આપો છો ? અરે અમને શા માટે પીઢ બનાવી દીધા ? અમને અમારી નિર્દોષ મસ્તીમાં રહેવા દો.


વિશ્વકર્મા વિશ્વ

ઘર બેઠા લવાજમ ભરો,
ઘર બેઠા વિશ્વકર્મા વિશ્વ મેળવો.



Paytm G Pay

મો. ૯૦૯૯૯ ૪૯૫૬૫ પર
Paytm અથવા G Pay કરો

અને આજ વોટસએપ નંબર પર આપનું એડ્રેસ મોકલી જાણ કરો...

www.vishwakarmavishwa.com પર તેમજ વિશ્વકર્મા વિશ્વની મોબાઈલ એપ ડાઉનલોડ કરીને પણ આપ લવાજમ ભરી શકો છો...

વિશ્વકર્મા વિશ્વ 19 Years વિશ્વકર્મા જયંતી વિશેષાંક

# રાજકોટમાં ગીડચવાળા દુદકીયા પરિવારની અનોખી 'દુદકીયા બેંક'

જયંતીભાઇ નગેવાડિયા





## કોઇપણ કારણ પુછયા વગર ૫૦ હજાર અને એક લાખ રૂપિયાની લોન

આજે બેંકમાંથી લોન લેવી પહેલાના સમય કરતા ઘણી આસાન છે. વ્યાજનો દર પણ ઘણો ઘટતો જાય છે. જયારે એક સમય હતો કે રાજકોટની એક સહકારી બેંક કે જેમાં ૧૫ થી ૧૮ ટકા જેવાં ઉંચા વ્યાજના દરે પાંચ હજારની લોન લેવા માટે પણ તમે બેંકના શેરધારક હોવા જોઇએ અને બે શેર ધારક જામીન જોઇએ. એ જામીન ગોતવા બહુ મુશ્કેલી પડતી કારણ કે કોઇ અંગત સગા–સંબંધી સિવાય કોઇ જામીન થવા તૈયાર થતા ન હતાં. આજે એ જ બેંકમાં હવે લાખ–બે લાખ કે વધારેની લોન માટે પણ આજ પ્રક્રિયા છે. જો કે આજે હવે પ્રાઇવેટ બેંકમાંથી ૨૫–૫૦ લાખની હાઉસીંગ લોન તો આસાનીથી મળી જાય છે અને પણ તમારે ફકત લોન પાસ થઇ ગયા પછી છેલ્લે લોન એગ્રીમેન્ટમાં સહી કરવા જ બેંકે જવાનું બાકી લોન ફોર્મ ભરવા અને ડોકયુમેન્ટ બેંકના લોન એડવાઇઝર ઘરે આવી લઇ જાય છે.

બેંક અને લોનની પહેલાની હાલની આ બધી વાતો વચ્ચે આજે આપણા સમાજના એક પરિવારની એક અનોખી બેંકની વાત કરવી છે એ છે રાજકોટની 'દુદકીયા બેંક'.

દુદકીયા બેંકની વાત કરીએ તો આજની લગભગ ૮–૯ વર્ષ પહેલા એટલે કે ૨૦૧૧–૧૨માં મુળ ગીડચના મોહનભાઇ રાઘવજીભાઇ દુદકીયા, લાલજીભાઇ રાઘવજીભાઇ દુદધીયા તથા મકનજીભાઇ રાઘવજીભાઇ દુદકીયા પરિવારના પુત્રો–ભાઇઓ બહાર જમવા ગયા. ત્યાં એક ભાઇને વિચાર આવ્યો કે આપણે બધા ભાઇઓ થોડા થોડા પૈસા એકઠા કરી જેમાંથી જે કોઇને જરૂરીયાત હોય તેને પૈસા આપવા. જેથી આપણે બીજા કોઇ પાસે ઉછીના ન લેવા પડે. આ વિચારને ધીરે ધીરે મૂર્તિમંત કરવાનું આયોજન રાજકોટના મહેશ મોટર બોડી વર્કસથી ગેરેજનું કામકાજ કરતા રવિભાઇ મનુભાઇ દુદકીયાએ એક વ્યવસ્થિત બેંકની સિસ્ટમથી આયોજન કર્યું.

શરૂઆત એવી રીતે કરવામાં આવી કે દરેક સભ્યોએ ૯–૯ હજાર રૂપિયા કાઢયા(શેર મુડી) જેમાં દુદકીયા પરિવારના ૨૦ સભ્યો, બાકી બે–ત્રણ સગા અને એકાદ મિત્ર એમ પચ્ચી સભ્યોથી શરૂઆત કરી. શરૂઆતમાં ૧૫ હજાર અને ૨૫ હજાર એમ બે લોન નકકી કરવામાં આવેલ અને બેંક વ્યાજથી પણ થોડુ ઓછુ વ્યાજ લેવાનું નકકી થયું. જેમાં લોન લેનારને કયાં કારણોસર લોન જોઇએ છે ? તેવી કોઇ પુછપરછ નહીં કરવાની. પછી તે પ્રસંગ માટે સામાજીક કાર્ય કે ધંધાકીય ઉપયોગ માટે પણ ઉપયોગ કરી શકે. પછી ધીમે ધીમે બહારના સગા અને મિત્રોને તેમની જે તે વખતની ભાગે પડતી (શેર મુડી) મુડી પરત આપી તેમનું સભ્ય પદ કેન્સલ કર્યું. અને હાલમાં ફકત દુદકીયા પરિવારના ૨૦ સભ્યો જ છે. હવે અત્યારના સમય પ્રમાણે લોનની રકમમાં વધારો કરેલ છે અને હાલમાં રૂપિયા ૫૦ હજાર અને એક લાખની લોન આપવામાં આવે છે.

# પરિવારના સભ્યો જરૂરીયાત વખતે કોઈપાસે ઉછીના ન લેવા પડે અને સ્વમાનભેર રકમ ઉપાડી અને પરત કરી શકે તેવુ આયોજન

આ લોન માટે બેંકની જેમ થોડા નિયમો પણ રાખવામાં આવેલ છે. હાલમાં વ્યાજનો દર વાર્ષિક ૬ ટકા લેવામાં આવે છે. ૫૦ હજારની લોન ૨ વર્ષ (૨૪ માસ)માં પરત કરવાની જેનો માસિક હપ્તો રૂા. ૨૫૦૦/– તથા એક લાખની લોન ૩ વર્ષ (૩૬ માસ)માં પુરી કરવાની જેનો માસિક હપ્તો રૂા. ૫૦૦૦ રાખવામાં આવેલ છે. લોન પહેલી તારીખે આપવામાં આવે છે તો તેનો પ્રથમ હપ્તો તે મહિના પછીની તા. ૧ થી ૧૦ સુધી ભરવાનો એટલે લોન લીધા બાદ પ્રથમ હપ્તો ભરવામાં લગભગ ૪૦ દિવસનો સમય મળે. દરેક હપ્તા તા. ૧ થી ૧૦ સુધીમાં જમા કરવાનો રહે છે. તા. ૧૦ પછી ગમે ત્યારે એટલે કે તા. ૧૧મીએ પણ જમા કરાવે તો ૫૦ હજારની લોન વાળાને રૂા. ૨૫૦ તથા એક લાખની લોનવાળાને રૂા. ૫૦૦નો દંડ લેવામાં આવે છે. જેમાં કોઇ શેહશરમ રાખવામાં આવતી નથી. હાલમાં મોટાભાગની મુડી લોન રૂપે દેવાય જાય છે. જે હાથ ઉપર મુડી ન હોય કે ઓછી હોય તો જેમને લોન જોઈતી હોય તે તેમનું નામ વેઈટીંગ્માં લખવામાં આવે છે જેથી તેમને હપ્તાની રકમ જમા થતા એકાદ માસમાં તે રકમની લોન આપી દેવાય છે.

હાલમાં વ્યવસ્થા સંભાળતા રવિભાઇ દુદકીયાએ કહ્યુ આમા કોઇ બંધારણ નથી. કોઇ હોદ્દો નથી. આજથી ૮–૯ વર્ષ પહેલા ૯–૯ હજારની મુડીથી શરૂ કરેલ આ યોજના (બેંક)ની આજે દરેક વીસ સભ્યોની શેરમુડી ૯ હજારમાંથી ૩૪ હજાર જેટલી થઇ છે. દર વર્ષે માર્ચ માસમાં જમણવાર સાથેની મિટીંગ કરીએ છીએ. જેમાં વર્ષભરનો વહીવટ રજુ કરી દઇએ છીએ. આ દુદકીયા બેંક અંગે કોઇ જાતનું રેકોર્ડ કે કોઇ કાગળ પ્રિન્ટીંગ કરાવતાં નથી. એક સાદી નોટમાં યાદી રાખવામાં આવી છે અને હપ્તા જમા કરાવ્યાની નોંધ પણ તેમાં જ કરીએ છીએ.

આ બેંક યોજનાથી ફાયદો એ છે કે અમારા પરિવરના આ ૨૦ ભાઇઓમાં કોઇને પણ પૈસાની જરૂરીયાત હોય તો વિના સંકોચે લોન ઉપાડી શકે છે. અમારા કોઇ ભાઇઓ પાસે કે અન્ય સગા–સંબંધી–મિત્રો પાસેથી ઉછીના લેવા ન પડે અને એક સાથે કદાચ ૫૦ હજાર કે એકાદ લાખ રૂપિયાની રકમ ઉછીની ન મળે. જ્યારે અહીંથી આ રકમ અમો સ્વમાનભેર લઇ અને જરૂરીયાત પ્રમાણે ઉપયોગ કરી શકીએ છીએ. રવિભાઇ દુદકીયા વધુમાં કહે છે. અમારા દાદાના ત્રણ ભાઇઓના પરિવારના સિવાયના દુદકીયા પરિવારના અન્ય પરિવારને આમા સભ્ય બનાવતા નથી. અમારા ત્રણ વડીલોના પરિવાર પુરતુ જ સિમિત છે.

આમ આ દુદકીયા પરિવારની દુદકીયા બેંક ખરેખર આપણા સમાજના અન્ય પરિવારના અગ્રણીઓએ પોતપોતાના પરિવાર માટે આ રીતે આયોજન કરવા જેવું ખરું.

# આંગણાનું ઓજસ – દીકરી

તૃપ્તિ ઝીંઝુવાડયા(જાફરાબાદ)

'નારી તારા નવલા રૂપ'એ ન્યાયે સ્ત્રી પોતાના જીવનકાળ દરમિયાન અનેક ભુમિકાઓ ભજવે છે. જેમાં માતા, બહેન, પત્ની, દીકરી... સ્ત્રી પોતાના મૃત્યુપર્યંત આ દરેક પાત્રોને ન્યાય આપવા માટે તનતોડ પ્રયાસ કરતી રહે છે. આ દરેક પાત્રોમાં નિર્દોષ, સૌથી વહાલું અને સૌના હાર્દરૂપ ગણાતું જો કોઇ સ્ત્રીપાત્ર છે તો છે દીકરીનું પાત્ર. 'દીકરી' શબ્દ કાને પડતા જ ગમે તેવો ક્રુર કે હિંસક વ્યકિત હોય, પણ તેની આંખોમાંથી કરુણા, પ્રેમ અને લાગણીનો ખળખળ દરિયો વહેવા લાગે !

આપણી માતૃભાષામાં 'દીકરી' શબ્દના અનેક સામાનાર્થી શબ્દો જેવા કે, પુત્રી, તનયા, દુહિતા, તનુ, સુતા, નંદની વગેરે જોવા મળે છે. પણ દીકરી એટલે દીકરી ! દીકરી માટે કોઈપણ ઉપમા ઓછી પડે. દીકરી એટલે કાળજાનો કટકો, સંવેદનાનો સરોવર, વહાલનો દરિયો, હરખની હેલી, સ્નેહની સરવાણી, કુલડાની ફોરમ, વિશ્વાસનું વહાણ, શ્રદ્ધાનો સથવારો. કહેવાય છે કે પિતાનો અઢળક પ્રેમ અને માતાનું અઢળક વહાલ ભેગું થાય ને આકાશમાં હેલી ચડે ને વાદળી બંધાઇ જે આનંદ વરસે એનું નામ એટલે 'દીકરી'.

દીકરીનો જન્મ થવો એ આપણા માટે સૌભાગ્યની વાત છે. દીકરી જન્મે છે એ ઘરના આંગણે જાણે કોમળ કિરણોની કોમળતા અવતરે છે. આપણી જીવવાની ઝંખનાને પ્રજવલિત રાખતી જયોત એટલે દીકરી. દીકરી એટલે ઇશ્વરે આપણને કરેલું કન્યાદાન. દીકરી એટલે ઇશ્વરના આશીર્વાદ એમ ન કહેતાં આશીર્વાદમાં મળેલ ઇશ્વર એમ જરૂર કહી શકાય. એક લીલા પાનની આશા રાખી હોય અને આખી વસંત આપણા ઘરે લઇ આવે એનું નામ દીકરી આપણા શાસ્ત્રોમાં કહ્યું છે કે પુત્ નામના નર્કમાંથી ઉગારે એ પુત્ર, પરંતુ પુત્રી – દીકરી તો જીવતે જીવ મા–બાપના જીવનને સ્વર્ગ સમુ બનાવી દે છે, જેના એક મીઠા સ્મિતથી પિતાના આખા દિવસનો થાક અને કંટાળો દૂર થઇ જાય છે. ગુણવંત શાહે કહ્યું છે, 'મોગરાની મહેક, ગુલાબની ભવ્યતા અને પરિજાતની દિવ્યતા કોઇ ઝાકળબિંદુમાં એકઠી થાય ત્યારે પરિવારને દીકરી પ્રાપ્ત થાય છે.

દીકરી એટલે કદી ડિલિટ ન થતી અને સદા રિફ્રેશ રહેતી લાગણી. દીકરી એ બે ઘરની અજવાળતી દિવડી છે. જે ઘરમાં દીકરી હોય તે ઘરમાં પ્રેમ, લાગણી અને વત્સલ્યના ભાવની ભીનાશ હંમેશા અનુભવાતી રહે છે. પિતા જયારે પોતાની જાતને દુઃખો અને ચિંતાઓથી ઘેરાયેલ અનુભવે છે ત્યારે એ પિતાના વિષદગ્રસ્ત મનમાં નવચેતનાનો સંચાર કરનાર વ્યકિત તે દીકરી છે. આખા પરિવારમાં પિતાને ખખડાવવાનો અબાધિત અધિકાર એક માત્ર દીકરી પાસે જ હોય છે. પિતા અને પુત્રી વચ્ચેનો સંબંધ અનોખો અને ગહેરો હોય છે. દીકરી પણ માતાની જેમ જ પિતાની દેખભાળ અને કાળજી રાખે છે, તેથી જ દીકરીને 'સવાઇ મા' કહેવામાં આવે છે.

પિતાના ઘરે હંમેશા મારું...મારું... કહેનાર દીકરી એક દિવસે સઘળું જ છોડીને પારકા ઘરને પોતાનું કરવા ચાલી જાય છે. દીકરીએ એવી પુંજી છે જેને ભલે પારકી થાપણ ગણવામાં આવે તો પણ તે પોતાના માતા–પિતા પ્રત્યેનું કર્તવ્ય કદી ભૂલતી નથી. દીકરીના લગ્ન એટલે નદીને પાનેતર પહેરાવવાની ક્ષણો. દીકરીએ મા–બાપનો શ્વાસ છે, તેના હૃદયનો ધબકાર છે. કોઇ સામે ન રડનાર પુરુષ પણ એક બાપ બની જયારે પોતાની દીકરીને વિદાય આપે છે ત્યારે ચોધાર આંસુએ રડે છે.'અભિજ્ઞાનમ્ શાકુંતલ'માં શંકુતલાની વિદાય સમયે કણ્વમૂનિ કહે છે કે, 'સંસાર છોડીને સંન્યાસી બનેલા અમારા જેવા વનવાસીને પુત્રી વિદાયનું આટલું દુઃખ થતું હોય તો સંસારીઓને કેટલું થતું હશે ? કવિ દાદે પણ કન્યાની વિદાયને અનુરૂપ ગીત રચેલ છે. જે સાંભળનારની આંખો દીકરીની યાદમાં છલકાયા વિના રહેતી નથી.

'કાળજા કેરો કટકો, મારો ગાંઠથી છુટી ગ્યો, મમતા રૂવે જેમ વેળુમાં વીરડો ફૂટી ગ્યો.

# કોરોનાના વધતા કેસ અને સરકારની ગાઇડલાઇનને કારણે ગામેગામ વિશ્વકર્મા જયંતીની ઉજવણી સાદગીપૂર્વક થશે

**જામનગર :** ગુર્જર સુતાર જ્ઞાતિ જામનગર દ્વારા આ વર્ષે વિશ્વકર્મા જયંતીની ઉજવણી હાલની સરકારની કોરોનાની ગાઇડલાઇનને કારણે સાદગી રીતે ઉજવવામાં આવશે. આ દિવસે પંચેશ્વર ટાવર ખાતેના દાદાના મંદિરે દાદાની પુજા–આરતી કરવામાં આવશે. જ્ઞાતિજનો માટે મહાપ્રસાદ કે અન્ય કોઇ કાર્યક્રમ રાખવામાં આવેલ નથી. દાદાના દર્શને આવનાર જ્ઞાતિજનોને મોહનથાળના પ્રસાદના પેકેટ અપાશે તેમ ટ્રસ્ટી દિલીપભાઇ ભારદીયાએ ટેલીફોનીક વાતચીતમાં જણાવ્યું છે.

**ખંભાળીયા :** જામખંભાળીયા ગુર્જર સુતાર જ્ઞાતિ દ્વારા આ વર્ષે વિશ્વકર્મા જયંતીની ઉજવણી કોરોનાની ગંભીર પરિસ્થિતિની કારણે અને સકારની ગાઇડલાઇનને કારણે ગત વર્ષની જેમ ફક્ત દાદાની આરતી કરાવમાં આવશે. મહાપ્રસાદ બંધ રાખવામાં આવેલ છે દર્શન આવતા જ્ઞાતિજનોને ગુંદી–ગાંઠીયા–મોહનથાળના ફુડ પેકેટ આપવામાં આવશે તેમ જ્ઞાતિના પ્રમુખ હરૂભાઇ વઘાડીયાએ જણાવ્યું હતું.

**ગોંડલ :** ગોંડલ ગુર્જર સુતાર જ્ઞાતિ દ્વારા વિશ્વકર્મા જયંતીના દિવસે ગત વર્ષની જેમ દાદાની પુજા તથા આરતી રાખવામાં આવશે તે પણ સવારે બે કલાક પુરતુ જ રાખવામાં આવશે. જ્ઞાતિ મિટીંગ, મહાપ્રસાદ જેવા કોઇ કાર્યક્રમ કોરોના ગાઇડલાઇન તે કારણે રાખવામાં આવેલ નથી. તેમ ગોંડલ જ્ઞાતિના પ્રમુખ જયસુખભાઇ નગેવાડિયાએ જણાવ્યું હતું.

## મહાપ્રસાદ, શોભાયાત્રા તથા અન્ય કાયક્રમો બંધ

**મોરબી :** મોરબી ગુર્જર સુતાર જ્ઞાતિ દ્વારા આગામી વિશ્વકર્મા જયંતીના દિવે ફકત દાદાની આરતી પુજા જ રાખવામાં આવેલ છે. દર્શનાર્થે આવતા જ્ઞાતિજનોને પ્રસાદ આપવામાં આવશે. સમુહ ભોજન કે શોભાયાત્રા જેવા કાર્યક્રમો રાખવામાં આવેલ નથી. વસંત પંચમીનો તા. ૫–૨–૧૨ના રોજ સમુહલગનનું આયોજન છે. જેમાં બે નવદંપતી જોડાવાના છે. આ સમુહલગ્ન પણ સરકારની હાલની ગાઇડલાઇન પ્રમાણે જ યોજવામાં આવશે તેમ જ્ઞાતિના પ્રમુખ જશ્મીનભાઇ ભાલારાએ જણાવ્યું હતું.

**મુંબઇ :** વિશ્વકર્મા બાગ–મુંબઇમાં પણ આ વર્ષે વિશ્વકર્મા જયંતીના કોઇ કાર્યક્રમનું આયોજન હાલમાં નથી. કારણ કે મહારાષ્ટ્રમાં ૫૦ માણસોની જ મર્યાદાની છુટ હોવાથી કોઇ આયોજન આ વર્ષે હાલના તબકકે શકય નથી. તેવી વિશ્વકર્મા બાગમાં હિતેષભાઇ પંચાસરાએ જણાવ્યું હતું. (સંકલન : જયંતીભાઇ નગેવાડિયા)

# ગુર્જર સુતાર જ્ઞાતિ રાજકોટ દ્વારા વિશ્વકર્મા જયંતીના દિવસે ૨૩ સમુહલગ્નનું આયોજન તથા રકતદાનશિબિરનું આયોજન

### મહાપ્રસાદ બંધ, શોભાયાત્રા એક કે બે વાહનમાં જ નીકળશે, મંદિરે ધાર્મિક કાર્યક્રમો, જ્ઞાતિજનો દાદાના દર્શન કરી શકશે

ગુર્જર સુતાર જ્ઞાતિ–રાજકોટ દ્વારા વિશ્વકર્મા જયંતીના દિવસે દિવાનપરામાં આવેલ વિશ્વકર્મા મંદિર ખાતે દાદાની પુજા આરતી, ધ્વજારોહણ જેવા કાર્યક્રમો થશે. જ્ઞાતિજનો દર્શનાર્થે આવી શકશે. કોરોના ગાઇડલાઇનને કારણે શોભાયાત્રા પણ ગત વર્ષની જેમ એક કે બે વાહન જ મર્યાદિત માણસોની હાજરીમાં કાઢવામાં આવશે. મહાપ્રસાદ પણ બંધ રાખવામાં આવેલ છે. વિશ્વકર્મા જયંતીના દિવસે દર વર્ષે સમુહલગ્નનું આયોજન થાય છે. સમુહલગ્ન બે સ્થળે ત્રણ ભાગમાં રાખવામાં આવશે. જેમાં કેળવણી મંડળ ખાતે સવારે નવ લગ્ન અને બપોર બાદ બે વાગ્યા બાદ બીજા નવ લગ્ન. આમ કેળવણી મંડળ ખાતે દિવસ દરમ્યાન ૧૮ સમુહલગ્ન કરવામાં આવશે. બાકીના પાંચ લગ્ન પ્રગતિ મંડળ ખાતે સવારે રાખવામાં આવશે. જેમાં બંને પક્ષે ખુબ જ મર્યાદિત માણસોની છુટ આપવામા આવશે. આ વિશ્વકર્મા જયંતીના દિવસે ત્રણ સ્થળે મહારકતદાન શિબિરનું પણ આયોજન કરવામાં આવેલ છે. જેમાં વિશ્વકર્મા મંદિર, વિશ્વકર્મા કેળવણી મંડળ ખાતે સવારે ૮ થી સાંજે ૭ વાગ્યા સુધી તેમજ પ્રગતિ મંડળ ખાતે સવારે ૮ થી બપોરના બે વાગ્યા સુધી રકતદાન શિબિરનું ચાલુ રહેશે.

આ સમુહલગ્નમાં નવદંપતીને આશીર્વાદ આપવા પ.પૂ. શ્રી દિગમ્બર ગનનગીરી બાપુ–ગીરનારી બાપુ બાડા આશ્રમ–નિકોલ–મહુવા તેમજ મુખ્ય મહેમાન તરીકે જયભાઇ તથા હિતેષભાઇ મનોહરભાઇ તલસાણિયા, અતિથિ વિશેષશ્રીઓમાં ચંદ્રકાંતભાઇ કરગથરા, અમુભાઇ ભારદીયા પરિવાર તથા દિનેશભાઇ અને વિજયભાઇ શાંતિલાલ પંચાસરા–લંડન(યુકે) તેમજ આમંત્રિતોમાં રાજકોટના સંસદ સભ્ય, મેયરશ્રી, ડે.મેયર, સ્ટેન્ડીંગ ચેરમેન સહિતના રાજકીય અગ્રણીઓ પધારશે તેમ જ્ઞાતિના પ્રમુખ રસીકભાઇ બદ્રકિયાએ જણાવ્યું હતું.

## With Best Compliments..

**ANIL R. AHALPARA**
Mo. 98243 62050



# LABHAM
## KITCHEN
## 888

- Bakery Machinery
- Hotel and Restaurant Kitchen Equipment
- S.S. Tabel, Rack, Sink Etc.

Address : Labham Kitchen
Trapaj Market, Alang Road, Alang, Gujarat.
E-mail : anilahalpara@gmail.com

## વિશ્વકર્મા જયંતીની
## સૌને હાર્દિક શુભકામના...



**દિલિપભાઈ સિંહાર**
સિંહાર સ્કૂલ, પંચાયત ચોક, યુનિ. રોડ.
રાજકોટ. મો. ૯૦૯૯૯ ૮૦૭૦૭

( AN ISO 9001-2008 CERTIFIED COMPNY )

# SURELIA
WIRE-CUT PVT. LTD

# GHARANA
ENTERPRISE

PRECISION MACHINING ON
- CNG wire EDM
- Vertical Machining Center
- CNC Turning Machine
- CNC EDM & Micro Drill

WIRE-CUT : 2464826
SPARK EROSION : 2464599

**MAHENDRA INDUSTRIAL COMPLEX**
Nr. Maharani Laxmibai School, Tagore Road, Rajkot 360 002
Email : sureliawire@yahoo.com | website : www.sureliawire.com



HEC
Haresh Engineering Company
HAPPY
VISHWAKARMA
Jayanti
HECO Design Studio
HARESH ENGINEERING COMPANY
Garediya Kuva Road, Rajkot - 360001, Gujarat - INDIA
Call: 0281 2223138 / 2223724 | Mail: heco1958@gmail.com | Web: www.heco1958.com





૪૭ વર્ષના વિશ્વાસ સાથે
૩ વર્ષની વૉરંટી
An ISO 9001 : 2015 Certified Company
મોડ્યુલર ફર્નિચર પ્લાયવુડ મા
2BHK
ફક્ત ₹૩,૨૧,૦૦૦ થી શરૂ
3BHK
ફક્ત ₹૪,૧૧,૦૦૦ થી શરૂ
* Tax Extra
૧૦૦% રેડ એન્ડ વ્હાઇટ પ્લાયવુડ અને ૧mm લેમીનેટ માથી બનાવેલ
We're dealing in following cities...
Ahmedabad, Bhavnagar, Gondal, Jamnagar, Junagadh, Kutch, Morbi, Navsari, Rajkot, Surendrnagar & West Bengal
also looking for franchise in other city as well
Let's WORK TOGETHER
Godown Road, Nr. Tagore Road, Beside Shilp Tower, Rajkot - 2.
Mo. 94282 02697
ACCURATE®
Bedroom - Kitchen - Living - Office

# દિકરીનાં લગ્ન...

સ્વ. ડો. ફોરમ હર્ષદભાઇ ધ્રાંગધરીયા

દિકરી મોટી થાય ત્યારે તેના મા–બાપને દિકરીના લગ્નની ચિંતા થાય છે. અને યોગ્ય પાત્ર મળતા જ દિકરીનું બાકી જીવન તેની સાથે પુરું કરવાનું હોય છે. લગ્નના સમયે જે વિધિ કરવામાં આવે છે ત્યારે તે દરેક વિધિઓ દીકરીની અને સભ્યો વચ્ચેનો મર્મ હોય છે.

જ્યારે દિકરીના લગ્નનો દિવસ ઉગે ત્યારે પહેલા જ સારા મુહુર્તમાં ગણેશજીની સ્થાપના કરવામાં આવે છે ત્યારે દિકરી ગણેશજીને એટલું કહેતી હોય છે કે જ્યારે મારો જન્મ થયો ત્યારે તમને યાદ કર્યા હતા. મારા માતા–પિતા માટે કદાચ હું તમારી શીષ નમાવું છું. આ ઉઘાડે માથે જ કારણ કે અત્યારે હું હજુ એક દિકરી છું. પણ આજના  દિવસ પછી મારું તમને એ બાપની દિકરી તરીકે નહીં પણ એક સ્ત્રી તરીકે અત્યાર સુધી તારી પાસે જે કંઇ માગતી તે માર માતા–પિતા માટે અને પછી મારા માટે હવે પહેલા માંગવું પડશે પતિ માટે કદાચ મા–બાપનું સ્થાન હવે માંગવામાં બીજા નંબરે આવે માટે આજે હું તમારી પાસે એક દિકરી તરીકે છેલ્લીવાર મારા મા–બાપ માટે માંગુ છું હે પ્રભુ ! મારા માં–બાપ પર હંમેશા મારી છત્રછાયા રહે, હંમેશા તારા આશીર્વાદ રહે અને તમે તો દુઃખ હરતા છો માટે જ્યારે પણ તેના પર દુઃખ આવે તો તમે એ દુઃખને દૂર કરજો અને મારા મા–બાપની આંખમાં કયારેલ પણ આંસુ ન આવે. હંમેશા શાંતી બની રહે હંમેશા શા આ ઘરમાં તમારો વાસ રહે એટલી પ્રાર્થના કરી આંખમાં રહેતા આંસુ પાંપણમાં સંતાડી હૃદયની વેદનાને બહાર ન લાવતા હૃદયમાં જ રાખી ગણેશજી સામેથી પોતાનું માથું ઉંચુ કરે છે.



તેને પોતાના દિલ પર પથ્થર રાખ્યો હોય તેમ તે બધુ સહન કરી, અને એનું દર્દ બહાર હાસ્યરૂપે લાવે છે.

ત્યારબાદ બીજી વિધિ આવે છે, મીંઢોળ બાંધવાની ગોરજી કન્યાના હાથ પર મીંઢોળ બાંધે છે અને મીંઢોળ બાંધ્યા બાદ કન્યાને ઘરની બહાર નિકળવાની મનાઇ હોય છે. કારણ કે માતા–પિતા પોતાની દિકરીને આખો દિવસ પોતાની નજર સામે રાખીને તેને જોવા માંગતા હોય છે. તેનાથી અલગ કરવા માંગતા નથી કારણ કે બીજા દિવસે તે પારકા ઘરે ચાલી જવાની છે કે ફરી આ નાની–નાની પગલી પાડતી દિકરી ઘરની રજને કયારેય પાવન કરશે નહીં માટે દિકરી આખો દિવસ ઘરે રહે તો ઘરના એક એક રજકણ તેના પગથી પાવન થઇ જાય છે. ઘરની દિવાલો તેના મધુર અવાજને પોતાનામાં સમાવી લે છે, કારણ કે તેના ગયા બાદ આ જ સ્વરોના પડઘા આ ઘરમાં પડવાના છે ઘરની દરેક ચીજ તેના સ્પર્શનો અનુભવ કરી લે અને દુનિયાની નજરમાંથી બચાવીને માં–બાપ પોતાની નજરમાં હંમેશા દિકરીને આ રૂપમાં ઉતારવા માંગતા હોય છે.

મંગલ સમય જોઇને સગા–સંબંધીઓની સ્ત્રીઓ ગામમાંથી વેરુ લેવા જતા હોય છે. ત્યારે નાની–નાની દિકરીઓને વેરુ ઉપડાવે છે. કારણ કે દિકરી નાની–નાની પગલી ભરી વેરુ ભરીને ગામમાં નિકળતી ત્યારે ગામની શેરી તેને જોતી હતી તે હવે નીકળી ન શકે માટે દિકરી પોતાના તરફથી આ નાની દિકરીઓને મોકલે છે. હવે મારી મજામાં છોડી દો હું આવતી કાલે પારકી થઇ જવાની છું. છેલ્લી વખત મારા નાનપણના સ્વરૂપની કલ્પના તમે આ નાની દિકરીઓને જોઇને કરી લો જ્યારે વેરુ ભરાતી હોય ત્યારે દરેક કણ ઉછળતા હોય છે. કારણ કે તેને નાનપણની બહેનપણીઓને મળવું હોય છે. ત્યારબાદ આ વેરુનો ઉપયોગ કરી માણેક સ્તંભને પકડે છે. અને દિકરી તેમા વેરુ નાખે છે એ એટલું જ કહેવા માંગે છે કે જ્યારે વિપરીત સમય ઘર પર અને કુટુંબ પર આવશે ત્યારે મારી ગેરહાજરીમાં મારા હૃદયના તાર સાથે વણોયેલી મારી કૃત્રિમ અને કુદરતી વસ્તુ તમારો સાથ આપશે.

મામા એટલે માં ના પ્રેમની ખાલી જગ્યાને પુરી કરનાર વ્યકિત,

મામા એટલે માં થી પણ બમણો પ્રેમ આપનારી વ્યક્તિ, બહેનને વિપરીતીમાં જોઈને રાખડી બંધાવનાર ભાઈ બહેનને દિલાસો આપવા માટે છે અને દિકરીને છેલ્લી વખત દિકરાના રૂપમાં જોતા મામેરાના બહાને આવે છે. દિકરી રીસાઈને ન જાય તેને માટે પાનેતર લઈ આવે છે. આ પાનેતર જોઈને મામાના મનમાં ખુશી અને દુઃખના મોજા ઉછાળતા હોય છે. કારણ કે ખુશીની વાત એ છે કે પોતે લાવેલા પાનેતરને પહેરીને કાલે દિકરી ઢીંગલીની જેમ શણગાર સજસે એ દુઃખની વાત છે કે આ જ પાનેતરમાં તે દિકરી કાલે પારકી થાપણ બની જશે. સમય ધીમે-ધીમે થોડો વિતતો જાય છે અને અંતે સાંજે પીઠી ચોળે છે. પોતાની લાડકવાયી દિકરીને ભગવાને સુંદર તો બનાવી જ છે. પરંતુ આ સુંદરતા ઓછી છે એવું માં ને લાગે છે માટે કન્યાના શરીર પર પીઠી ચોળે છે અને ફઈ તેના વાળની લટમાં વીટી પહેરાવે છે. જ્યારે મામાએ કન્યાની માં ને એટલે કે એની બહેન ને કન્યાની વિદાય સમયે સંભાળવા આવે તેમ પિતા માટે તો તેના હૃદયનો ટુકડો પોતાનાથી અલગ થાય છે. તો તેના માટે જમાઈનો આધાર કાફી નથી માટે તે સમયે વીટી પહેરાવવાના બહાને ફઈ આવે છે અને કન્યાના પિતા કુટુંબના બધા જ સભ્યો કન્યાને મળવા માટે બહાનું ગોતતા હોય છે. અને ભેટના બહાને તેને મળતા હોય છે અને સાથે જ બધી સ્ત્રીઓ ગીતો ગાતી હોય છે. દુઃખ તો દિલમાં છે જ પરંતુ આ દુઃખો સુખની ઘડીમાં ફેરવવા માટે ગીતો ગાઈ છે. આ રાત દિકરી માટે તેના પિતાની ઘરે છેલ્લી રાત સુવા માગતી હોય છે પણ ઉંઘ તો શાની આવે ? ત્યારે દિકરીના મનની વ્યથા સાગરમાં આવતા મોજા કરતા પણ વધારે ઉછળતા હોય અને દુઃખનું પુર લગભગ દુનિયાના બધા મહાસગરના પાણી કરતા પણ વધારે ઉછળતા હોય છે. અને દુઃખનો જો તે રાત્રે અશ્રુની દેવી આવીને અશ્રુને રોકે તો પણ દિકરીની આંખમાંથી વરસતા અશ્રું બંધ ન થાય અને બીજી સવારનો સમય આવે ત્યારે કન્યા એક દુલ્હનના રૂપમાં તૈયાર થતી હોય છે. અને બીજી બાજુ બાપ પોતાની દિકરી લેવા આવતા ઘોડા પર સવાર થયેલા અને પોતાનાથી અલગ કરવાની રાહ જોતા હોય છે. તેમાં એક મોજુ સુખનું અને બીજું દુખનું. સુખનું મોજું જેવું કિનારે પહોંચે કે તરત જ તેની પાછળ દુખનું મોજું આવી જાય છે. પરંતુ દિલ પર પથ્થર મુકી બાપ મોં પર હસી રાખતો હોય છે. માં-બાપની આંખો તો પોતાની દિકરીને જ ગોતતી હોય છે ને અંતે દિકરી દુલ્હનનાં રૂપમાં તૈયાર થઈ જાય અને રૂપમાં બેઠી બેઠી પોતાના માં-બાપની દુર લઈ જનાર અને પોતાના ઘરની વહુ બનાવનારની રાહ જોતી હોય છે.



અંતે જાનનું આગમન થાય છે, ત્યારે ઢોલ અને ફટાકડાનો અવાજ દિકરીના કાને પડે છે ત્યારે અચાનક જ હૃદયમાં ધબકારા વધી જાય છે. અંતે જાન ઉતારા પર પહોંચે છે.

જ્યારે વરરાજાને માંડવામાં પ્રથમવાર લઈ આવે ત્યારે સૌ કોઈને નજર વરરાજા પર હોય છે  જ્યારે માં-બાપની નજર ઢીંગલીની જેમ પાનેતરમાઃ સજીને નીચે આવતી દિકરી પર હોય છે. ત્યારે બાપને યાદ આવે છે કે આ એ જ દિકરી છે જે પોતે પા પા પગલી ભરી મને ગળે મળતી હતી તે આ ઘરને પલભર પછી છોડશે અને અત્યારે કોઈને ફુલની માળા પહેરાવવા દિકરી પહેલીવાર માંડવામાં આવે છે. ત્યારે માં ની મમતાને પાલવ છુટો મુકાય કારણ કે, અત્યાર સુધીમાં પોતાની દિકરીને જે જગ્યા પર જવું હોય ત્યાં પ્રેમથી મોકલતા અને પછી તેના આવવાની રાહ જોતા હોય છે. પરંતુ આ વખતે દિકરી માંડવામાં પ્રવેશ્યા બાદ હવે સીધી દિકરી વિદાય લેવા માટે માં ને મળશે.

દિકરી માંડવામાં પ્રવેશે છે અને પોતાના પતીને હાર પહેરાવે છે. ત્યારે એ એમને એટલું જ કહેવા માંગે છે કે તને પહેરાવેલા હારના કદાચ ફુલની ફોરમ અને પ્રેમ તો છે જ પણ સાથે સાથે માં-બાપને મારાથી અને મને મા-બાપની અલગ થવાનું દુઃખ પણ છે. આ માત્ર હું તમને જરા અહેસાર કરાવવા આવી છું. બની શકે તો આમા રહેતા વિરહના સમય મને મારા માં-બાપ સાથે વિતાવવા છે. આટલું કદી દિકરી ફરી પોતાના રૂમમાં ચાલી જાય છે. ત્યારબાદ વરરાજાના સાસુમાં પોખવા આવે છે ત્યારે તેની નજર ઉતારી ચારે બાજુ નાખે છે. આનું એ જ કારણ છે કે ચારે દિશામાંથી આવતી ખરાબ નજર વરરાજાને ન લાગ કારણ કે તેને પોતાની ફુલ જેવી દિકરી તેને આપવાની છે. ત્યારબાદ વરરાજો માંડવામાં બેસીને વહુની રાહ જોતો હોય છે. ગોર અમુક વિધી પતાવીને કન્યાને મંડપમાં પધરાવવાનું સૂચન કરે છે. ત્યારે પહેલી વાર ગોરજી કન્યા ધરાવો સાવધાન કહે ત્યારે દિકરીના માથે જાણે આભ તૂટી પડવાનું હોય તેવું લાગે છે. કારણ કે એને માંડવે મુકવા માટે માડી જાય વિરો આવવાનો છે. એ રાખડીને બાંધનાર મુકવા આવે છે. એ હાથ પકડીને મંડપમાં જવાનું કહે છે. જે હાથ પકડીને નાનપણના આંબલી-પીપળી રમ્યા હતા એ જ હાથ પકડીને દોડયા હતા.

જ્યારે બીજી વખત કન્યા પધરાવો સાધવનની સાથે ભાઈ સામે આવે છે. ત્યારે તેને બહેનની નાનકડી નખરાળી આંખના આંસુ અને દિલમાં ભરેલા દુઃખ સાથે જોવા મળે છે. ભાઈ જ્યારે હાથ પકડીને બહેનને મંડપ બાજુ મુકવા જતો હોય છે ત્યારે તેને એવો વિચાર આવે છે કે દુનિયાના બધા જ પરપુરુષની નજરથી બચાવીને રાખી હતી અને આજે એક એવા જ અજાણ્યા પુરુષના હાથમં તેની લાડકવાયી બહેનનો હાથ મુકવાનો અને અંતે ભાઈ-બહેન હાથમાં હાથ રાખી આવતા હોય ત્યારે તેને જોઈને માં-બાપની આંખમાં આંસુ આવે છે આ એ જ ભાઈ-બહેન છે જે એકબીજા સાથે રમવા માટે હાથ પકડતા હતાં અને આ એ જ ભાઈનો હાથ છે જે આજે બહેનનો હાથ પકડીને તેને મંડપમાં લઈ જાય છે. અને બહેન

છેલ્લા વિશ્વાસની નજર ભાઇ પર મુકીને મંડપમાં બેહતા વરરાજાની સામે બેસી જાય છે. ગોરજી દિકરીના માં–બાપને કન્યાદાન આપવા માટે બોલાવે છે. જ્યારે કન્યાદાનની વિધી ચાલુ થાય ત્યારથી દિકરીની નજર પોતાના માં–બાપ પર હોય છે અને જ્યારે એ માંડવામાં આવે ત્યારથી માંડવો છોડી જાય ત્યારે સુધી ઉચી નજરથી જોઇ નથી. કારણ કે જો તે ઉંચી નજર કરે તો પોતાની આંખમાં છુપાયેલા આંસુ દેખાય જાય. તેના માં–બાપને દુઃખ આપવા માંગતી ન હોવાથી તે નજર ઉંચી કરતા નથી. જ્યારે કન્યાદાનની વિધીમાં પોતાના પિતા વરરાજાના પગનો અંગુઠો ધોતા હોય છે. ત્યારે તેની સામે રહેલા પોતાના થનાર પતિ પર અચંબો લાગે છે. કારણ કે અત્યાર સુધી તેના પિતાને નીચે પડેલી વસ્તુ લેવા માટે પણ નીચે નમવા ન દેતી હતી. એ દિકરી માટે આજે અજાણ્યા છોકરાના પગ ધોવો પડે છે. જ્યારે કન્યાદાનની વિધી પુરી થાય ત્યારે પિતાને તેનું હૃદય પોતાનાથી અલગ થઇ ગયું હોય તો લાગે છે. તેની પોતાની ફુલ જેવી દિકરીનું દાન દુનિયાના રીત–રીવાજ માટે આપી દીધું ત્યારે આખી દુનિયા પિતા માટે કાંટાની માફક છે, જ્યારે હસ્તમેળાપ થાય છે. ત્યારે પિતા એવું વિચારે છે કે આ મારી એ જ દિકરીનો હાથ પકડીને હું ચાલતા શીખવતો હતો. તે જ હાથ આજે મારે અજાણી વ્યકિતના હાથમાં હંમેશા માટે આપવો પડે છે. આનાથી મોટું દુઃખ એક પિતા માટે શું હોઇ શકે ?



હવે દિકરી ગણાતી એ દીલનો ટુકડો વહુના રૂપમાં પરણવા જાય છે. પોતાના જીંદગી હવે અડધી બીજાની થવા જાય છે. એ વખતે મંગલ ફેરા શાસ્ત્રોએ દુનિયા માટે અલગ છે. પણ દુનિયા કરતા દિકરી માટે આ અલગ જ વાજા છે.

જ્યારે પહેલા ફેરા માટે વીરને જવતલ હોમવા બોલાવે છે ત્યારે ભાઇ એમ કહેવા માટે આવે છે કે જ્યારે મુસીબત આવે ત્યારે હું તારી મદદ કરીશ. તારીએ મુસીબતમાં અડધો અડધ મારી મુસીબત છે. અને આટલું કહી ભાઇ બહેનનો હાથ જમાઇના હાથમાં આપે છે. જ્યારે પહેલા ફેરામાં પતિ આગળ અને પત્ની પાછળ હોય છે. ત્યારે માત્ર એટલું જ કહે છે કે હું તારા ભરોસે આખી જીંદગી વિતાવવાની છું. મારા અમૂલ્ય અને સર્વશ્રેષ્ઠ ગણાતા માં–બાપ તથા તેનો પ્રેમ છોડીને આવું છું.

જયારે બીજા ફેરામાં ભાઇ જવતલ હોમવા આવે છે. ત્યારે ભાઇ–બહેન પાસેથી વચન માગે છે કે તું આખા વર્ષમાં એક વખત એટલે કે રક્ષાબંધનના દિવસે મારી પાસે આવી દરેકની જેમ મારા કાંડે રક્ષા બાંધજે તે સમયે તું આ દુનિયાની સ્ત્રી નથી તું કોઇ માં–બાપની દિકરી નથી તું કોઇ ઘરની વહુ નથી તું કોઇની પત્ની નથી માત્ર તું મારી બહેન હોઇશ આવું વચન લઇ ભાઇ જવતલ બહેનના હાથમાં આપે છે. બીજા ફેરામાં પત્ની તેના પતિને એમ કહે છે કે મારા દિલની વાત જાણી લેનાર એ ભાઇની બહેન આજે તમારી સાથે આવી રહી છે. આખી જીંદગી વિતાવવાની છે. માટે હું મારા કુટુંબના બધા જ સંબંધો છોડીને તમારી સાથેનો સંબંધ બાંધુ છું.

જયારે, બીજા ફેરા માટે ભાઇ જવતલ હોમવા માટે આવે છે ત્યારે બહેન ભાઇના પ્રશ્નના ઉતરમાં કહે છે કે દુનિયાના ગમે તે ખૂણામાંથી હું રાખડી બાંધવા આવીશ અને હું તારી જીંદગીનો આભારી રહીશ કારણ કે, હું માત્ર રેશમના તાર બાંધુ છું. જયારે કોઇ મારા પક્ષમાં ન હોય ત્યારે તું મારો સાથ આપવા તૈયાર થઇ જાય છે. ભલે હું સાચી હોય કે ખોટી એ વાતની પરવા કરતો નથી. અને ભાઇ બહેનના હાથમાં જવતલ હોમી દે છે. ત્રીજા ફેરામાં પત્ની પતિને એમ કહે છે કે મારી લાગણી અને વિશ્વાસ મારું ઘર ઉભુ છે. મારા ઘરને મારા વગર રહેવાની આદત જ નથી માટે જ્યારે મારું ઘર પોકાર પાડે ત્યારે માત્ર મારા ઘરને હાથ દેવા માટે મને રજા આપશો. હું મારા બધા જ સગા–સંબંધીઓનો પ્રેમ તમારામાં ગોતીશ અને જે નહીં મળે તો તમારામાં નિર્માણ કરવાની કોશીશ કરીશ આજ સાથે મારી સહેલીનો સાથ છોડીને હું તમારી સાથે આવું છું. બની શકે તો આખી જીંદગી તમે મારી સાથે એક જીવનસાથી નહીં એક દોસ્ત બનીને રહેશો તો મને મારી સહેલીની યાદ આવશે નહીં.

જ્યારે ચોથા અને છેલ્લા ફેરામાં ભાઇ તેની બહેનની આખરી સંદેશો દેવા આવે છે. ત્યારે એ કહે છે કે ગમે તે થાય તારો પોતાનો સાથ ડગલે ને પગલે આપજે તું ક્યારેય પણ મર્યાદા ઓળંગતી નહીં અને પોતાની ખુશી પહેલા અમારા ખુશી વિચારતી હતી. હવે અમારો વિચાર કરતા પહેલા તારો પોતાનો વિચાર કરવાનો રહેશે. તારે પિયરનો મોહ છોડીને સાસરીયાની માયા બાંધવી પડશે. તારા સાસુ–સસરાની છબીમાં અમારી છબી જોજે. અને હંમેશા તેની સેવા કરજે પરંતુ માં–બાપનું દિલ એમ કહે છે કે જો તારા પતિ રજા આપે તો અમુક સમય વિતાવવા જરૂર આવજે અને એમ કહી જવતલ બહેના હાથમાં આપે છે. ચોથા ફેરામાં પત્ની પતીની પહેલા આવે છે. કારણ કે માં–બાપે આપેલી શીખામણ સ્વીકારીને એમ કહે છે કે જીવનની દેરક ખુશીમાં તમે આગળ છો અને તમારા જીવનના દેરક દુઃખમાં હું આગળ રહીશ અને અંતે એટલું જ કહે છે કે જો મોત આવે તો હું તેની પાસેથી તમારો જીવ લઇને મારો જીવ આપી દઇશ. અને આ સાથે ચાર મંગલ ફેરા પુરા થયા તે એક બીજા સાથે વચનમાં બંધાય છે. અને માં–બાપના વચનમાંથી દિકરી મુકત થાય છે.

હવે, કંસાર બનાવવાનો વારો આવે છે અને આ સમયે માત્ર કંસાર ગળ્યો કહેવાનો જ હોય છે. કારણ કે જેનું બધું લૂંટાઇ ગયું હોય તો તેના માટ સ્વાદનું શું મુલ્ય છે ? છતા પણ સમાજના રીત રિવાજમાં બંધાયેલી માં કંસાર બનાવવા માટે મંડપમાં આવે છે અને છેલ્લી વખત પોતાની હાથે બનાવેલી વસ્તુ પીરસે છે. બધાં માટે તો એમ કે દિકરીના લગ્ન થાય છે. તેની ખુશીમાં એકબીજા મોં મીઠા કરે છે ત્યારે આ કહેવું યોગ્ય લાગશે કે....

ગોળ વિના મોળો કંસાર, દિકરી વિના સુનો સંસાર

સગા સંબંધી ભેટના બહાને દિકરીને છેલ્લી વખત મળવા આવે છે, હવે દિકરીના જીવનની એક એવી ગતિ આવે છે કે જેનાથી એક

બાપની એક ઘરની વહુ બની જશે. જયારે દિકરી ને સસરા પક્ષના લોકો મંગલસૂત્ર અને સેથો પુરવા લઈ જાય છે ત્યારે દિકરીનો બાપ નજર રાખીને જોતો હોય છે. કારણ કે આ હવે છેલ્લી ઘડી છે. જેમાં બધા પોતાની દિકરીને માત્ર એક દિકરી તરીકે જોઈ શકે. બીજા કોઈનો હક તેના પર નથી જયારે પતિએ દિકરીને માત્ર એક દિકરી તરીકે જોઈ શકે. બીજા કોઈનો હક તેના પર નથી જયારે પતિએ દિકરીના ગળામાં મંગલસૂત્ર અને પાથીમાં કંકુથી સેથો પુરે તયારે એ દિકરીના દિલમાં રહેતા દુઃખના દરીયામાંથી એક બિંદુ રૂપે આંસુ બની નયનમાંથી બહાર આવે છે. અને એ આંસુમાં એટલું દુઃખ હોય છે કે જો તેને દુનિયાના ગમે તે દુઃખ સામે ત્રાજવાના પલ્લામાં મુકવામાં આવે તો પણ દુનિયાના દુઃખનું પલ્લુ ઉચું થાય નહીં આ દુઃખની સાથે દિકરી બાપની સામે આવે છે ત્યારે બાપ સર્વત્ર રીતે લૂંટાયેલા માનસ કરતા પણ ગરીબડી સ્થિતીમાં હોય છે છતા હિંમત રાખીને પોતાની જાતને સંભાળી લે છે.

હવે સમાજના નિયમ પ્રમાણે જમવા બોલાવે છે અને જમવાના બહાને છેલ્લી વખત પોતાના ઘરની રસોઈ જમવા માંગતી હોય છે. જયારે પોતાની મા અને બાપની દુનિયા હતી ત્યારે કયારેય પણ તડકાનો, ઠંડોનો કે વરસાદનો અનુભવ થયો જ નથી. જયા કયારેય પણ પ્રેમનો ભંડાર ખૂટયો નથી. કયારેય પણ દુઃખ શું છે? તેનો અનુભવ થયો નથી. તેવી આ દુનિયા છોડીને બીજી એક એવી દુનિયામાં પગ મુકવાનો છે. જ્યાં શું થવાનું છે ? એ પોતાને પણ ખબર નથી. હવેતે છેલ્લી વખત ગણેશ સ્થાપના પાસે જાય છે અને ગણેશજીને એટલું કહે છે આ તમારી દિકરી હવે દિકરી નહીં પણ ઘરની વહુ બની ગઈ છે. અને જ્યારે મારું ઘર મદદ માટે બોલાવે ત્યારે પહેલાની જેમ જ આવું માટે બોલાવે ત્યારે પહેલાનવી જેમ જ આવું ભલે હું આ ઘરમાંથી જતી હોય પણ મારું મન તો અહીં જ છે માટે આવતા જન્મમાં દિકરી બનવાનો વિચાર હોય તો આ જ શરીરમાં આ જ મન અને મારામાં જ જીવ નાખી, આજ સરનામે મોકલજે. મારા ગયા પછી મારા ઘરની રક્ષા હંમેશને માટે કરજો. આટલું કહીને અંતે વર્ષો જુની છુપાયેલી દુઃખના દરીયાને છુટા મુકે છે અને આ જ દરિયા આંખો માંથી આંસુ બની બહાર આવે છે.



વિદાયનો સમય આવે ત્યારે દિકરીમાં પાસે જતા પહેલા બાપ પાસે જશે. જ્યારે તેને આ ઘર છોડવાનું છે. ત્યારે હવે છેલ્લી વખત પોતાના પિતાને મળવાનું હોય છે. ત્યારે તે લાજ, શરમ અને માન મર્યાદા ઓળંગી તેને ગળે મળે છે. થોડી ક્ષણોમાં પોતાની આખી જીંદગીનું સુખ વીણી લે છે. પછી ભલે આખી જીંદગી દુઃખ મળે પણ આ ક્ષણે તે પોતાના હૃદયમાં હૃદયરૂપી ડબી, માં એ સુખને પેક કરી નાખે છે. અને જયારે તેના પિતાની યાદ આવે છે. ત્યારે તે છબીમાંથી યાદ જોઈને પાછી મુકી દેશે. જયારે દિકરી પોતાના પિતાને મળી તેના માતાને મળવા જાય છે. ત્યારે તે પિતા મન મુકીને રડી શકતા નથી. કારણ કે તે એક પિતા છે, ત્યારે તે પિતા એવું વિચારતા હોય છે કે આ એ જ હાથ છે, જેનાથી મે તેને પા...પા...પગલી ભરતા શીખવાયું હતું. અને આજે હું તે હાથ પકડીને ઘરની બહાર મુકવા જાઉ છું. આ એ જ દિકરી છે, જેની આંખમાં કયારેય પણ આંસુ જોયા ન હતા. આ દિકરી મારા આખા ઘરને પોતાની કાલી બોલીથી ભરી દેતી હતી, આજે એના જવાથી એક ઘર મકાન બની જશે તેના વગર હવે પિતા પછી બોલાવશે તો ખરી પણ દિકરીની વાણીમાં જે પ્રેમ હતો એ કયાંથી રહેશે અને અંતે માતાને મળે ત્યારે જાણે બે જીવ મળ્યા હોય અને ક્ષણ પછી ભવ-ભવ માટે અલગ થવાના હોય તેવું લાગે છે તેઓને અલગ પાડયા છતા પણ તે એક બીજાથી અલગ પડતા નથી. એ સમયે માને યાદ આપે છે કે મને પહેલી વખત પ્રેમથી માં બોલાવનાર એ શીખી હતી. આજે એ પારકી થઈ ગઈ મારા જીવનના દુઃખની ભાગીદારી અને નખરા કરતી દિકરીને કયા જઈ શકીશ ? હવે હું વ્હાલી દિકરી કહીને કોને બોલાવીશ ? પરંતુ સમય રેતીની જેમ હાથમાંથી સરકીજાય છે. માતાને મળીને દિકરી પોતાની બહેનને મળવા જાય છે. ત્યારે તેની આંખમાં વ્હેતા આંસુ જાણે કે મેઘરાજ કોપાયમાન થઈને વરસતા હોય તેમ વરસે છે. નાનપણમાં નાની-નાની વાતમાં બહેન સાથે બાથોબાથ આવતી હતી. તેને આજે હું એક જ ક્ષણમાં મૂકીને ચલી જઈશ? મારા વગર તો તેને રહેવાની આદત જ નથી, એમ કહેતી હોય છે કે મારા ગયા પછી માં-બાપનું અને આ ઘરનું ધ્યાન રાખજે એની જવાબદારી તારા પર છે કયારેય આંચ પણ ન આવવા દેતી.


અંતે દિકરી વીર પાસે જાય છે, હું કેમ મારા વીરને છોડીને જઈ શકું તે એકલો પડી જશે તો ? હું કોની સાથે રમીશ? હું કોની સાથે પ્રેમ ભરી વાતો કરશી? મારા કાન કોણ ખેંચશે ? આખા દિવસની ફરીયાદ પપ્પાને કોણ કરશે ? મમ્મીના મારથી મને કોણ બચાવશે ? અને એક ભાઈ માટે જાણે બહેનમાં સર્વસ્વ છુપાયેલું હોય અને એ સર્વસ્વ છોડવાનો વખત આવ્યો હોય તેવું ભાઈને લાગે છે આ રીતે દિકરી બધા જ સગા વ્હાલાને મળીને અને છોડીને જયારે પોતાની ડોલીમાં બેસવા જાય છે, ત્યારે ફરી પાછું વળીને જુએ છે. ત્યારે તેના પિતા દેખાય છે જે પોતે પિલ્લોર પકડીને ઉભા હોય છે. અને એમ કહેતા હોય છે કે....

મારી દિકરી મારી પાસે આવી જા, તારે કયાંય જવું નથી એ દિલની વાત દિકરી પાસે પહોંચે તે પહેલા તો દિકરી તેના પિતાને ભેટી પડે છે. અંતે તે પિતા તેનો હાથ પકડીને ડોલીમાં બેસાડે છે. અને એ સંપૂર્ણ રીતે તુટી પડે છે. તે પોતાની દિકરીને ડોલીમાં જુએ છે અને આંખમાંથી અશ્રુનો વરસાદ થાય છે કે જાણો આખી દુનિયા ડૂબી જાય. અંતે એકાંતમાં જઈ મન મૂકીને દિકરીને યાદ કરીને રડે છે. પથ્થર પણ પીગળી જાય છે. અંતે એટલું જરૂર કહે છે. ભગવાન આગલા જનમાં દિકરી જરૂર દેજો, પણ એવી જે આખી જીંદગી મારી સાથે રહે....


OM SANTI Tradelink
Dipak Gajjar - +91 98253 11220
Gates POWERING PROGRESS
Mfg. & Trad. Of :
Hydraulic Hoses
End Fittings
VERTICAL
HOSE CRIMPING MACHINE
MODEL : OMT – 210V
TECHNICAL PARAMETERS
Capacity Hose Size (ID) ¼" to 2" R2
1.¼" R13
Max. Opening (mm) Die Size +24
Work Head Through Bore ϕ 120mm
Crimping Force (T) 300
Cycle Time 45 Sec. Max.
Motor (HP) 2 HP / 440V AC
Controls Micro Meter
Dei Segments ¼" to 2" (9 Nos.)
Master Die Shoe Length 100
Overall Dimension (WxLxH) 720 x 450 x 1050mm
Weight (Approx.) 250 Kg.
Hydraulic Hose, Pneumatic Hose
SS Teflon Hose, SS Corrugate Hose
Food Process Hose
MS Fitting, SS Fitting & All Type of Fittings
Hydraulic
Assemblies MADE IN MINUTES
15,Rajan Estate, Near Reliance Petrol Pump, Gondal Road, Rajkot-2. Email : omsantitradelink@gmail.com


AEW
ALIGHT
ENGINEERING WORKS
MANUFACTURER OF BRASS PARTS & M. S. PARTS AUTOMATIC MACHINERY
INDEXING SLOTTING MACHINE
SCREW SLOTTING MACHINE
SCREW CHEMPER MACHINE
Raw Type Shed No. 83/3, G.I.D.C.
Shankar Tekri, Udhyognagar,
Jamnagar - 361004. INDIA
Phone : +91 288 2568107
E-mail : alighteng@gmail.com
Website: www.alight.co.in
Contact Person:
Mukesh B. Gajjar +91 98251 32193
Hiren B. Gajjar +91 94272 75922
TAPPING MACHINE
TURNING MACHINE
VIBRATOR BOWL FEEDER
Design by: Ajay Sanchaniya (ajay@sanchaniya.com)


With Best Compliments....
Jayesh N. Kharecha
94262 35358
Sanjay N. Kharecha
98248 83840
KHARECHA
INDUSTRIES
Plastic Injktion Mould, Blow Mould & Pressure Die Casting Die.
4, Navrangpara, Behind Bhaktinagar Station,
Rajkot 360 004 Tel. +91 281 2371865
Email : kharechsind@yahoo.com


With Best Compliments...
Shailesh Khambhayata
Mo. 98242 16122
Sagar Khambhayata
87587 51523
RAVI
GLASS & METAL
All Type of Aluminium Section and Glass Traders
Shop No. 5/6, Krishna Complex-3, Rajnagar Chowk, Nana Mava Main Road, Rajkot.
E : rglassmetal@gmail.com


Mfg : All Type Of Motor Shaft, & Pump shaft
Contact Person : Pramod Sankdecha
+91 99246 35541- +91 94295 62241
Ratan
Industries
Opp. Krishna Park, Maldhari Fatak
Rail way cross, Somnath Industrial Area- 05,
Street No. 3 Plot No. 54, Kotharia, Rajkot-360 022
ratanindustriess@yahoo.com
www.ratanindustries.in
need GRAPHIC- 9723471105 - 95869 12044


Hiteshbhai Pitroda
pitroda138@gmail.com
CNC PLASMA CUTTING
CNC OXY-FUEL CUTTING
VISHWAKARMA
Profile Cutting
ડ્રોઈંગ મુજબ સી. એન. સી. માં કટીંગ કરી આપશું
15-Atika Ind. Area, Opp. Dhobisamaj Ni Wadi,
Rajkot-360002(Gujarat)
Mo. 98254 45264, 99241 55552
E-mil : vishwakarma.cutting@gmail.com
જય શ્રી કૃષ્ણ
Mo. 98254 45264
Mo. 94281 58782
Banding & Strait Work For Pipe, Pata, Square, Round, Also Work in Metal Gurder & Convair Varam Also Cutting in Square of Round Sape, Also ms/ss Cutting
VISHWARMA
Banding House
"Vishwakahma Krupa" Pipaliy Hall Main Road,
Damiji Mapa Plot, Nr. Samarpan School, Rajkot

# બકરાણિયા પરિવાર રાજકોટ દ્વારા સ્નેહમિલન યોજાયું

## દાતાશ્રીઓનું સન્માન તથા વિદ્યાર્થીઓને ભેટ વિતરણ કરાયું












બકરાણિયા પરિવાર રાજકોટ દ્વારા પરિવારનું તૃતીય સ્નેહમિલન તા. ૨-૧-૨૨ રવિવારના રોજ ગોંડલ રોડ પર આવેલ ગુર્જર સુતાર પ્રગતિ મંડળ ખાતે યોજાઇ ગયું. જેમાં નવા વર્ષનું સ્નેહમિલન દાતાશ્રીઓનું સન્માન તથા પરિવારના દરેક વિદ્યાર્થીઓને ભેટ વિતરણનો કાર્યક્રમ યોજાયો હતો.

આ સ્નેહમિલન કાર્યક્રમમાં બકરાણિયા પરિવારનાં વડીલશ્રીઓ, મુખ્ય દાતાશ્રીઓ તથા ગુર્જર સુતાર જ્ઞાતિ રાજકોટના પ્રમુખ રસીકભાઇ બદ્રકીયા, પ્રગતિ મંડળના ટ્રસ્ટી, કિશોરભાઇ બકરાણિયા, અધ્યક્ષ અરવિંદભાઇ સોંડાગર, વોટસએપ અવસાન નોંધ ગ્રુપના, અમરશીભાઇ બકરાણિયા, જુનાગઢ એફએસએલ અધિકારી ધર્મેશભાઇ બકરાણિયા, ચાર્ટર્ડ એકાઉન્ટમાં સફળતા મેળવનાર વિરેનભાઇ બકરાણિયા તેમજ પરિવારજનો પધાર્યા હતા.

કાર્યક્રમના પ્રારંભમાં બકરાણિયા પરિવારના દુઃખદ અવસાન પામેલ સ્વજનોને શ્રદ્ધાંજલી આપવામાં આવેલ. બાદમાં કાર્યક્રમના સંચાલક નીતિનભાઇ બદ્રકિયાએ સ્વાગત પ્રવચન કરેલ. બાદમાં પધારેલા આમંત્રિત મહેમાનો તથા વડીલોનું કારોબારીના સભ્યો તથા અગ્રણીઓ દ્વારા સ્વાગત કરવામાં આવેલ. બાદમાં પધારેલા મહેમાનો તથા વડીલોના હસ્તે દીપ પ્રાગટય કરવામાં આવેલ.

બકરાણિયા પરિવારના આ સ્નેહમિલન કાર્યક્રમમાં રૂા. ૧૫૦૦ કે તેથી વધુનુ અનુદાન આપનાર દરેક દાતાશ્રીઓનું તેમજ આમંત્રિત મહેમાનોનું પરિવારના સભ્યો દ્વારા શાલ ઓઢાડી સન્માન કરવામાં આવેલ. તેમજ બકરાણિયા પરિવારના કે.જી. થી કોલેજ સુધીના લગભગ એકસો જેટલા વિદ્યાર્થીઓને બે ફુલ સ્કેપ ચોપડા, પેન, બોલપેન, શાર્પનર સહિતની વસ્તુ ભેટ આપવામાં આવેલ.

આ પ્રસંગે રાજકોટ, મોરબી ઉપરાંત રાજકોટ નજીકનાં ગ્રામ્ય વિસ્તારનાં પરિવારજનો મળી લગભગ ૪૭૫ જેટલા પરિવારજનો ઉપસ્થિત રહયા હતા અને કાર્યક્રમના અંતે સૌએ ભોજન લીધેલ.

આ કાર્યક્રમને સફળ બનાવવા બકરાણિયા પરિવાર રાજકોટના પ્રમુખ પ્રફુલભાઇ ભગવાનજીભાઇ, ઉપપ્રમુખ સુધીરભાઇ ગોપાલજીભાઇ, મંત્રી ઉમંગભાઇ હર્ષદભાઇ, ખજાનચી, હરેશભાઇ મણીભાઇ, સભ્યો નીતિનભાઇ મગનભાઇ, જયદીપભાઇ ચમનભાઇ, કૃણાલભાઇ દિનેશભાઇ તથા પરિવારના સભ્યોએ જહેમત ઉઠાવી કાર્યક્રમને સુંદર અને સફળ બનાવેલ. કાર્યક્રમનું સંચાલન નીતિનભાઇ બદ્રકિયાએ કર્યું હતું.

અહેવાલ : જયંતીભાઇ નગેવાડિયા

# વિશ્વકર્મા રાઇટર્સ ગ્રુપનો ત્રિવિધ કાર્યક્રમ સફળતાપૂર્વક સંપન્ન થયો













વિશ્વકર્મા રાઇટર્સ ગ્રુપનો ત્રિવિધ કાર્યક્રમ તા. ૧૬–૦૧–૨૦૨૨ને રવિવારે બપોરના ૩.૦૦ થી સાંજના ૭.૦૦ કલાક સુધી શ્રી અમૃત વિદ્યામંદિર, નવલનગર–૩, રાજકોટ ખાતે યોજાયો હતો. આ કાર્યક્રમના પ્રારંભમાં રાજકોટના પ્લેબેક સિંગર શ્રી જયંત ગજ્જરે માં સરસ્વતીની પ્રાર્થના રજુ કરી હતી. ત્યારબાદ ગ્રુપના સભ્ય સ્વ. જીતેન્દ્રભાઇ ગજ્જર(અમદાવાદ), સ્વ. લતાબેન પિલોજપરા તેમજ અન્ય દિવંગત સ્નેહીમિત્રો માટે બે મિનિટનું મૌન પાળીને શ્રદ્ધાંજલી આપવામાં આવી હતી.

શ્રી અમૃત વિદ્યામંદિરનાં આચાર્ય અને રાઇટર્સ ગ્રુપના સ્થાપક મેમ્બર માલતીબેન મેસવાણીયાએ સ્વાગત પ્રવચનમાં શ્રી કિશોરભાઇ જાદવાણી, શ્રીમતી ઉત્પલાબેન જાદવાણી, શ્રી નિખિલભાઇ પિલોજપરાનો પરિચય કરાવ્યો હતો. સખીવૃંદના પૂર્વપ્રમુખ સ્વ. લતાબેન પિલોજપરાની કાર્યદક્ષતા અને સેવાભાવનાનો ઉલ્લેખ કરીને સૌએ હૃદયસભર આવકાર આપ્યો હતો. વિશ્વકર્મા રાઇટર્સ ગ્રુપ વતી સ્થાપક દિનેશભાઇ ગજ્જર, ભરતભાઇ સુરેલીયા, માલતીબેન મેસવાણીયાએ સર્વે મહેમાનોનું પુસ્તક આપીને અભિવાદન કર્યું હતું.

વિશ્વકર્મા રાઇટર્સ ગ્રુપએ વિશ્વકર્મા વંશજ કવિઓ–લેખકો અને નવોદિત યુવાનોને સાહિત્યક્ષેત્રે સ્ટેજ પુરુ પાડતું સંગઠન છે જેની સ્થાપના વર્ષ : ૨૦૧૫માં સુરેન્દ્રનગરના દિનેશભાઇ ગજ્જરે કરેલ હતી. પ્રતિવર્ષ બે થી ત્રણ રૂબરૂ સાહિત્ય બેઠક કરતું આ ગ્રુપ કોરોના સમયમાં રૂબરૂ બેઠક કરી શક્યુ નહોતું. આવા સમયે સોશ્યલ મીડિયામાં અને વિશ્વકર્મા રાઇટર્સ ગ્રુપના ફેસબુક પેઇજ અને યુ–ટ્યુબ ચેનલના માધ્યમથી સૌની કૃતિઓને રજુ કરવાના ટાસ્ક આપવામાં આવ્યા હતા. આ બેઠકમાં સ્થાપક દિનેશભાઇ ગજ્જરે તમામ લેખકમિત્રોને સંબોધતા કોરોના લોકડાઉન સમયે માર્ચ–૨૦૨૦થી જાન્યુઆરી–૨૦૨૨ સુધીમાં કુલ ૧૦૩ ટાસ્ક આપ્યા અને દરેક ટાસ્કમાં માઇક્રોફિક્શન, હાઇકુ, પિરામીડ, મુક્તકો, એકાવનાક્ષરી, કવિતા, ગઝલ, વક્તવ્ય, વિડીયોની શ્રેષ્ઠ રચના દ્વારા વધુ સારા પરિણામ અંગે વિગતે માહિતી આપી હતી.

આ બેઠકમાં ટાસ્ક ૧૦૦માં નારી, લીડર અને નીડર વ્યકિતત્વ વિષય ઉપર નિબંધ સ્પર્ધા યોજવામાં આવી હતી જેમાં વિજેતાઓ (૧) મીરા ખારેચા, મોરબી (૨) ભારતીબેન વડગામા, જામનગર (૩) રાજુભાઇ ગજ્જર બનાસકાંઠા, પ્રથમ, દ્વિતીય અને તૃતિય વિજેતાને દિનેશભાઇ ગજ્જર તરફથી શિલ્ડ અને નિખિલભાઇ પિલોજપરા તરફથી રોકડ ઇનામ, ઉત્પલાબેન જાદવાણી તરફથી એમના પિતાજીનું પુસ્તક ભેટ આપવામાં આવ્યું હતું. ઉપરાંત ચાર આશ્વાસન ઇનામો (૪) કિનલ વેકરીયા, રાજકોટ (૫) તૃપ્તિ ઝિંઝુવાડીયા, જાફરાબાદ (૬) શિતલ ભાડેશીયા, રાજકોટ (૭) વર્ષા રાણપરિયા, રાજકોટને પણ શિલ્ડ અને રૂા. ૩૫૧ના રોકડ પુરસ્કાર, કેલેન્ડર તથા પુસ્તકથી સન્માનિત કરવામાં આવ્યા હતા. દરેક વિજેતાઓને નિખિલભાઇ પિલોજપરાએ મોરારીબાપુની સંમતિથી ચિત્રકુટ ધામમાં હનુમાનજી મહારાજની મુર્તિના પાડેલા ફોટોગ્રાફ અર્પણ કરવામાં આવ્યા હતા.

આ ઉપરાંત વિશ્વકર્મા રાઇટર્સ ગ્રુપના ફેસબુક પેઇજ ઉપર શૌર્યગાથા પરમવીર ચક્રનાં વક્તવ્યની વિડીયો સીરીઝ ચાલે છે જેના નવેમ્બરથી ૨૬ જાન્યુઆરી સુધીમાં કુલ ૧૧ એપીસોડ રજુ કરવામાં આવ્યા. આ ૧૧ એપિસોડના વક્તા તરીકે કિંજલ કડેચા, ચિરાગ સચાણિયા, દીપિકા જાદવાણી, દીપ્તિબેન અખિયાણીયા, દેવીના સાંકડેચા, ભાવિન કથ્રેચા, મયુરીબેન ત્રાટીયા, નેહલ સાકડેચા, જયોતિબેન ગજ્જર, હેતલ ગજ્જર અને દિનેશ ગજ્જરને પણ ઉત્પલાબેન જાદવાણી તરફથી એમના પિતાજીનું પુસ્તક તથા પ્રવીણભાઇ ગજ્જર તરફથી કેલેન્ડર ભેટ આપવામાં આવ્યું. કેળવણી મંડળના પ્રમુખશ્રી કિશોરભાઇ



જાદવાણી, આમંત્રિત મહેમાનો તથા ગજ્જર સખીવૃંદના પ્રમુખશ્રી રશ્મિબેન ખંભાયતાના હસ્તે આ વકતાઓનું સન્માન કરવામાં આવ્યું ઉપરાંત ખાસ શ્રી અમૃત વિદ્યામંદિરના સંચાલક શ્રી હિંમતભાઇ ગોવિંદીયા વતી માલતીબેન મેસવાણિયાને શિલ્ડ અને પુસ્તક આપીને સંસ્થાનું અભિવાદન કરાયું. માલતીબેન મેસવાણીયાએ આભાર વ્યક્ત કરતા શ્રી હિંમતભાઇ ગોવિંદીયાનો શુભેચ્છા સંદેશ વાચ્યો હતો અને શિતલબેન ભાડેશીયાએ પ્રો.ડી.જે. બાવળેચા સાહેબનો શુભેચ્છા સંદેશ વાંચ્યો હતો. વિશ્વકર્મા વિશ્વ મેગેઝીન વતી ગ્રુપના સભ્યશ્રી જયંતીભાઇ નગેવાડિયા ઉપસ્થિત રહ્યા હતા અને તમામ મિત્રોને પ્રવીણભાઇ ગજ્જર તરફથી આપવામાં આવેલ કેલેન્ડર ભેટ આપ્યા હતા.

સન્માન સમારોહ બાદ ઉપસ્થિત તમામ લેખક–કવિ મિત્રોને પોતાની એક કૃતિની રજુઆત કરવાની તક આપવામાં આવી હતી. જેમાં શિતલ ભાડેશીયા, મીરા ખારેચા, ભારતીબેન વડગામા, કિનલ વેકરીયા, હિના સિનરોજા, ચિરાગ સચાણિયા, અમૃતલાલ સચાણિયા, દિપ્તીબેન સાકડેચા, દિક્ષીતા ઘોરેચા, ભાવિન કથ્રેચા, પ્રફુલ્લ ઘોરેચા, મયુરીબેન ત્રાટીયા, નટવરભાઇ ભારદીયા, વર્ષાબેન તલસાણિયા, મનિષા સાકડેચા, અશોક દુદકીયા, હેતલ ગજ્જર, માલતીબેન મેસવાણીયા, નટવરભાઇ આહલપરા, દિનેશભાઇ ગજ્જરે સ્વરચિત કૃતિઓ રજુ કરી હતી.

અતિથિ વિશેષ તરીકે શ્રીમતિ ઉત્પલાબેન જાદવાણીએ પોતાના પિતાજીનું ગીત એવું મારું મન અને કવિ રમેશ પારેખનું હું ને ચંદુ છાના–માના ગીત ગાઇને લોકોને આનંદિત કર્યા હતા. નિખિલભાઇ પિલોજપરાએ પોતાના વકતવ્યમાં સ્વ. લતાબેન પિલોજપરાની સ્મૃતિઓને વાગોળી હતી, શ્રી કિશોરભાઇ જાદવાણીએ રાઇટર્સ ગ્રુપની પ્રવૃતિઓને બિરદાવી હતી. શ્રી હસુભાઇ પિલોજપરાએ સમગ્ર કાર્યક્રમની સુંદર ફોટોગ્રાફી કરીને આ સાહિત્ય બેઠકને યાદગાર બનાવી હતી. આ સમગ્ર કાર્યક્રમનું સંચાલન શ્રી નટવરભાઇ આહલપરાએ કર્યું હતું.

# મુંબઇના ગુજરાતી પરિવારની દિકરીઓના સમુહલગ્નનું આયોજન કરતું ગુજરાતી સેવા સમાજ–મુંબઇ

## તા. ૨૮ જાન્યુઆરીએ વિશ્વકર્મા બાગ ખાતે નિકિતા કનોજીયાના લગ્ન યોજાયા





ગુજરાતી સેવા સમાજ–મુંબઇએ મુંબઇના કોઇપણ ગુજરાતી પરિવારની દીકરીઓના સમુહલગ્નનું આયોજન કરે છે. આ સંસ્થા એક સાથે ૧૫–૨૦–૨૫ જેવા સમુહલગ્ન નથી કરતી પરંતુ એક સાથે વધુમાં વધુ બે જ સમુહલગ્ન કરે છે. વધારે લગ્ન હોય તો જુદા જુદા દિવસે બે–બે લગ્ન ગોઠવી આપે છે. મુંબઇની આ સંસ્થામાં વિશ્વકર્મા બાગ–મુંબઇના ટ્રસ્ટી તુષારભાઇ નાગજીભાઇ કથ્રેચા પણ આ ગુજરાતી સેવા સમાજમાં હોદ્દેદારો તરીકે જોડાયેલા છે.

આ ગુજરાતી સેવા સમાજના તુષારભાઇ કથ્રેચા દ્વારા તાજેતરમાં તા. ૨૮–૧–૨૨ વિશ્વકર્મા બાગ–મુંબઇ ખાતે આપણા સમાજના ભરતભાઇ જીવનભાઇ કનૌજીયાની સુપુત્રી નિકિતાના લગ્ન આ સમુહલગ્નમાં યોજવામાં આવ્યા. આ લગ્નમાં સંસ્થા દ્વારા કન્યાને સોનાની ચુંક, મંગળસુત્ર, ચુંદડી, પાનેતર, પંજાબી સુટ–૫, ગેસસ્ટવ, કુકર, મિકસચર જેવી અનેક ગૃહઉપયોગી વસ્તુ આપવામાં આવેલ. વરરાજાને પણ સુટ સાફો આપવામાં ઓલ.

આ લગ્ન પ્રસંગે વિશ્વકર્મા બાગ ટ્રસ્ટ કમિટી દ્વારા ગુજરાતી સેવા સમાજના હોદ્દેદારોનું સન્માન કરવામાં આવેલ. હજુ પણ આગામી સમયમાં ગુજરાતી સેવા સમાજ તરફથી સમુહલગ્નનું આયોજન કરવામાં આવશે તો મુંબઇમાં રહેતા ગુજરાતી પરિવારના કોઇપણ જ્ઞાતિબંધુઓને આ સમુહલગ્નમાં વિનામુલ્યે જોડાવવું હોય તો તુષારભાઇ કથ્રેચાનો મો. નં. ૯૮૩૩૪૮૧૨૩૮ પર સંપર્ક કરવો.

# ગુર્જર સુતાર જ્ઞાતિના ૫૫૦ જેટલા શ્રમજીવીઓને ઇ-શ્રમ કાર્ડ વિતરણ

## આગામી દિવસોમાં ફરી કેમ્પ યોજાશે : રસીકભાઇ બદ્રકિયા







રાજકોટ ગુર્જર સુતાર જ્ઞાતિ દ્વારા તા. ૨-૧-૨૨ના રોજ અમાસના પવિત્ર દિવસે વિશ્વકર્મા પ્રભુજી મંદિર ખાતે ધારાસભ્ય ગોવિંદભાઇ પટેલના સહયોગથી શ્રમયોગી કલ્યાણ બોર્ડ દ્વારા ૧૬ થી ૬૦ વર્ષના શ્રમજીવીઓને ઇ-શ્રમ કાર્ડ કાઢી આપવાના કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. સવારના ૯ વાગ્યાથી શરૂ થયેલ આ કેમ્પમાં રાજકોટના અલગ અલગ વિસ્તારમાંથી શ્રમજીવી ભાઇઓ અને બહેનો ઉમટી પડયા હતા. સવારે ૯ વાગ્યાથી શરૂ થયેલ કેમ્પ રાત્રીના અગિયાર વાગ્યા સુધી ચાલ્યો હતો.



આ સમય દરમ્યાન ગુર્જર સુતાર સમાજના ૫૫૦ ભાઇ-બહેનોને ઇ-શ્રમ કાર્ડનું વિતરણ કરવામાં આવ્યું. ઇ-શ્રમ કાર્ડ કઢાવવા સમાજે સારો રસ દાખવ્યો છે. અને હજુ ઘણા લોકો ઇ-શ્રમ કાર્ડથી વંચીત રહી ગયા છે. આવા વંચીત રહી ગયેલા લોકોને પણ ઇ-શ્રમ કાર્ડ મળી રહે તે માટે આગામી દિવસોમાં ફરી આવો કેમ્પ યોજવાનું આયોજન રસીકભાઇ બદ્રકિયા કરી રહયા છે.

કેમ્પ દરમ્યાન લેબર ઓફીસર મિતેશભાઇ જોષી, પ્રોજેક્ટ મેનેજર વિપુલ જાનીએ પણ મુલાકાત લઇ આયોજકોને સુંદર આયોજન માટે અભિનંદન આપ્યા હતા.

કેમ્પ દરમ્યાન ઇ-શ્રમ કાર્ડનું વિતરણ જ્ઞાતિના પ્રમુખ રસીકભાઇ બદ્રકિયા, અધ્યક્ષ મુકેશભાઇ વડગામા, ઉપપ્રમુખ કાંતિભાઇ તલસાણિયા, કારોબારી સદસ્ય દિલીપભાઇ પંચાસરા સહિતના આગેવાનોના હસ્તે શ્રમજીવીઓને કાર્ડ અપાયા હતા.

કેમ્પ દરમ્યાન પ્રમુખ રસીકભાઇ બદ્રકિયા, અધ્યક્ષ મુકેશભાઇ વડગામા, ઉપપ્રમુખ કાંતિલાલ તલસાણિયા, મંત્રી પ્રદીપભાઇ કરગથરા તથા સભ્યો હર્ષદ બકરાણિયા, હરીભાઇ સીનરોજા, દિલીપભાઇ પંચાસરા, મિતેશભાઇ ધ્રાંગધરીયા, શાંતિલાલ સાંકડેચા, કિશોરભાઇ બોરાણિયા, જનકભાઇ વડગામા ઉપરાંત નિતીનભાઇ બદ્રકિયા, વિપુલ સંચાણિયા વગેરેએ સવારથી કેમ્પ પુરો થયો ત્યાં સુધી હાજર રહીને આયોજન સફળ બનાવ્યું હતું.

## વિશ્વકર્મા જયંતીના શુભદિવસે રાઠોડ મશીન ટુલ્સનો ૪૪માં વર્ષમાં મંગલ પ્રવેશ






રાજકોટમાં ફુડ પ્રોસેસીંગ મશીનરી તથા શીટ મેટલ મશીનરીનાં ઉત્પાદક રાઠોડ મશીન ટુલ્સ, ૨-મવડી પ્લોટ, રાજકોટમાં છેલ્લા ૪૩ વર્ષથી કાર્યરત છે. આગામી વિશ્વકર્મા જયંતીના શુભદિવસે રાઠોડ મશીન ટુલ્સ ૪૪માં વર્ષમાં મંગલપ્રવેશ કરશે. રાઠોડ મશીન ટુલ્સની આ ફુડ પ્રોસેસીંગ તથા શીટ મેટલ મશીનરીની 'તિરૂપતિ' બ્રાન્ડ દેશ-વિદેશમાં ખુબ જ પ્રચલિત છે અને કંપની આઇએસઓ ૯૦૦૧ સર્ટીફીકેટ ધરાવે છે જે મશીનરીની ક્વોલીટીનું પ્રતિક છે. રાઠોડ મશીન ટુલ્સ દેશ-વિદેશમાં યોજાતા ઇન્ડસ્ટ્રીયલ એક્ઝીબીશનમાં પોતાનો સ્ટોલ રાખી ભાગ લ્યે છે.


SINCE - 1978

TIRUPATI ®

RAJKOT

**RATHOD MACHINE TOOLS**

An ISO 9001-2008 Certified Company
RATHOD MACHINE TOOLS 44 YEARS 1978 TO 2022




Manufacturers & Exporter

**CIRCLE CUTTING MACHINE**

15", 18", 24", 36", 48" - 20 Swg. To 10 Swg.
Ph. 0281-2362401, Mo. 98253 55868
INDIA - GUJARAT - RAJKOT

**ડો. દેવેન સંચાણીયા**
M.B.B.S. (Reg. No. G-46090)
Fellowship In Diabetes
(Royal Liverpool Academy, UK)
D. MSc DM (RCGP, UK)
Consultant Diabetologist

**ડો. ઉર્વી સંચાણીયા**
B.H.M.S.
Ex. MO Doshi Hospital
Ex. MO VCC Hospital
Diabetes Educator & Counselor

**ડાયાબિટીસ / બી.પી. / કોલેસ્ટેરોલ**
**વજન નિયંત્રણના નિષ્ણાંત**

અપોઈન્ટમેન્ટ / વધુ વિગત માટે

Gluco Care
Diabetes Centre
*We Make You Healthier*

**88497 35501** OR
Book Online @
glucocarediabetescentre.com

સવારે ૯.૦૦ થી ૧.૦૦, સાંજે ૪.૩૦ થી ૯.૦૦
(અપોઈન્ટમેન્ટ લઈને જ બતાવવા આવવું)

**ક્રિએટીવ ઈલેક્ટ્રોનિક્સ, જીત્રિયા હનુમાન મંદિર પાસે, મવડી મેઈન રોડ, રાજકોટ-૪.**

With Best Compliments From

**KIRITBHAI GHORECHA**
Mo.: 93741 17374 / 76220 17174
**MAHESHBHAI GHORECHA**
Mo.: 96874 84894

**Mark's INDUSTRIES**

**MANUFACTURER : INVESTMENT CASTING DIE'S, MOULDING DIE'S, PATTERNS**

1, RANI INDUSTRIAL AREA, PLOT NO. 11,
B/H. PARIN FURNITURE, N. H. 27, GONDAL ROAD, VAVDI,
RAJKOT-4 I E-Mail : marksindustries@hotmail.com

॥ શ્રી ગણેશાય નમઃ ॥

રતિભાઈ મિસ્ત્રી
૯૪૨૬૯ ૬૮૬૯૨
૯૭૨૭૬ ૨૨૨૦૨

બોરવેલ રીપેરીંગ તથા રોડલાઈન રીપેરીંગ
દરેક પ્રકારનું જોબવર્ક કરી આપનાર



**શ્રી વિશ્વકર્મા એન્જીનીયર્સ**

ગોંડલ રોડ, રાજકમલ પેટ્રોલ પંપની પાછળ,
પુનિતનગર મેઈન રોડ, રાજકોટ.

મહેશ વિરમગામા
૯૯૨૫૪ ૦૯૯૪૨
૯૪૨૬૪ ૬૦૦૯૬

॥રામ॥ સંદિપ
બોડી વર્કસ એન્ડ ફેબ્રીકેશન
અતુલ શક્તિ થ્રી વ્હીલર્સ, સ્ટાન્ડર્ડ ડબા, પીયાગો રીક્ષાના સ્પેશ્યાલીસ્ટ



ગોંડલ રોડ, ૮- બી નેશનલ હાઈવે, શાપર ચોકડી, પરફેક્ટ હોટલની બાજુમાં, શાપર (વેરાવળ)

જયેશ એમ. વડગામા મો. ૯૯૭૮૯૬૫૦૭૪
તેજશ એમ. વડગામા મો. ૯૯૭૪૦૯૧૩૧૬
કિશન જે વડગામા મો. ૯૯૨૫૯૬૫૦૭૪

ॐ

ACTIVE

મેન્યુફેક્ચર : ટર્બાઈન પંપ, પલ્વેરાઈઝર, નેઈલ મેકીંગ મશીન પાર્ટસ
1, Aarati Society, Dhebar Road South, Rajkot-2



# શ્રદ્ધાંજલી

## સ્વ. વજુભાઈ ગોરધનભાઈ તલસાણિયા

(પ્રમુખશ્રી વિશ્વકર્મા ધુન મંડળ)
દિવાનપરા, રાજકોટ.

**સ્વ. તા. ૨૭-૦૧-૨૦૨૨**

આપની સ્નેહભરી સ્મૃતિનું અમૃત સરોવર, અમારા સૌના હૈયામાં નિરંતર વહેતું રહેશે,
આપના નમ્ર સ્વભાવની મધુર યાદો દસે દિશામાં રહેતા, સૌના હૈયામાં ધબકતી રહશે...
પ્રભુ પરમાત્મા આપના દિવ્ય અમર આત્માને પરમ શાંતિ અર્પે એ જ પ્રાર્થના...

## શ્રી ગુર્જર સુતાર જ્ઞાતિ - રાજકોટ

| | | | |
|---|---|---|---|
| મુકેશભાઈ રતિભાઈ વડગામા | (અધ્યક્ષશ્રી) | રસિકભાઈ દામજીભાઈ બદ્ધકિયા | (પ્રમુખશ્રી) |
| જગદીશભાઈ મોહનભાઈ સોંડાગર | (ઉપાધ્યક્ષશ્રી) | કાંતિભાઈ પ્રેમજીભાઈ તલસાણિયા | (ઉપપ્રમુખ) |
| દિનેશભાઈ નાનજીભાઈ ખંભાયતા | (ટ્રસ્ટીશ્રી) | પ્રદિપભાઈ કાંતીભાઈ કરગથરા | (માનદમંત્રી) |
| વિનયભાઈ મનહરલાલ તલસાણિયા | (ટ્રસ્ટીશ્રી) | અરવિંદભાઈ બાબુલાલ ત્રેટીયા | (ખજાનચીશ્રી) |
| મુકેશભાઈ કુંવરજીભાઈ ભાડેશીયા | (ટ્રસ્ટીશ્રી) | ગોરધનભાઈ પ્રભુદાસ ચાંપાનેરા | (સહમંત્રીશ્રી) |
| હર્ષદભાઈ રસીકભાઈ બકરાણિયા | (કા. સભ્યશ્રી) | હરિલાલ કેશવજીભાઈ સીનરોજા | (કા. સભ્યશ્રી) |
| કિશોરભાઈ મનસુખભાઈ અંબાસણા | (કા. સભ્યશ્રી) | જનકભાઈ નારણભાઈ વડગામા | (કા. સભ્યશ્રી) |
| દિલીપભાઈ બાબુલાલ પંચાસરા | (કા. સભ્યશ્રી) | કિશોરભાઈ રવજીભાઈ બોરાણીયા | (કા. સભ્યશ્રી) |
| શાંતિલાલ ધરમશીભાઈ સાંકડેચા | (કા. સભ્યશ્રી) | કેતનભાઈ મનસુખલાલ મહિધરીયા | (કા. સભ્યશ્રી) |
| મિતેષભાઈ શાંતિલાલ ધ્રાંગધરિયા | (કા. સભ્યશ્રી) | ઘનશ્યામભાઈ જાદવજીભાઈ દુદકીયા | (કા. સભ્યશ્રી) |

# જામનગર ગુર્જર સુતાર જ્ઞાતિ દ્વારા
# પટેલ કોલોનીની વાડી બાંધકામના દાતાશ્રીઓનું સન્માન કરાયું




શ્રી જામનગર ગુર્જર સુતાર જ્ઞાતિમાં પટેલ કોલોનીની જગ્યામાં જે આપણી જ્ઞાતિની જગ્યા આવેલ છે. એ જગ્યામાં વર્ષ ૨૦૧૪થી બાંધકામ, રૂમ, ડોમ તથા ફલોરીંગનું કાર્ય શરૂ કરેલ. આ કાર્ય પૂર્ણ થયા બાદ ૨૦૧૮માં નીચેનું ફલોરીંગ વાળું બાંધકામ તથા ફર્સ્ટ ફલોર ઉપર એ.સી. હોલનું બાંધકામ કરેલ જે બાંધકામમાં જામનગર ગુર્જર સુતાર જ્ઞાતિજનો તેમજ આપણી જ્ઞાતિના બહારગામ રહેતા દાતાશ્રીઓએ સામે ચાલીને ભરપુર ફંડ આપેલ. આવા દાતાશ્રીઓનું સન્માનનો કાર્યક્રમ તા. ૦૭-૦૧-૨૦૨૨ને શુક્રવાર યોજેલો. આ કાર્યક્રમમાં આ બાંધકામ વખતે તત્કાલીન મેયર શ્રી સ્ટેન્ડીંગ કમિટી ચેરમેન શ્રી સુભાષભાઇ જોષી, કોર્પોરેટર વોર્ડ નં. ૩ શ્રી અલ્કાબા જાડેજા તેમજ આ હોલની અને નવા બાંધકામની પ્રેરણા આપનાર 'જ્ઞાતિરત્ન ભામાશા' તેમજ તેમનું યોગદાન રૂા. ૫૧,૦૦,૦૦૦/-(એકાવન લાખ) આપેલ જેથી તેઓશ્રી મુખ્ય દાતાશ્રી તરીકે તેમનું સ્થાન સમાજમાં કાયમી રાખેલ. આવા તમામ દાતાશ્રીઓનું સન્માન મુખ્ય મહેમાન એવા ગુર્જર સુતાર જ્ઞાતિ-રાજકોટ પ્રમુખશ્રી રસીકભાઇ ડી. બદ્રકિયાને મુખ્યસ્થાનમાં શોભાવેલ. આ સન્માન કાર્યક્રમ શરૂઆતથી જ જેમના સન્માનો કરવામાં આવેલ.

(૧) રસીકભાઇ ડી. બદ્રકિયાનું સન્માન પ્રમુખશ્રી રમણીકભાઇ ગોરેચાએ, (૨) અતિથિ વિશેષ જગદીશભાઇ ભારદીયાનું સન્માન ટ્રસ્ટી દયાળજીભાઈએ, (૩) અતિથિ વિશેષ ધનજીભાઇ પંચાસરાનું સન્માન ટ્રસ્ટીશ્રી અશોકભાઇ આમરણીયા, (૪) અતિથિ મગનભાઇ બોરાણીયાનું સન્માન ભરતભાઇ વડગામાએ, (૫)પ્રતિભાબેન કનખરા પૂર્વ મેયરશ્રીનું સન્માન કુંદનબેન આમરણીયા-નીલાબેન ગોરેચા-પ્રભાબેન ગોરેચાએ, (૬) પૂર્વ સ્ટે. કે.ચે. સુભાષભાઇ જોશીનું સન્માન ડો. હિમાંશુ આમરણીયા-નિલેશભાઇ ખારેચાએ, (૭) કોર્પોરેટરશ્રી અલ્કાબા જાડેજા વોર્ડ નં. ૩નું સન્માન જાગૃતિબેન પેશાવરીયા, ભાવનાબેન વઘાડીયાએ (૮) કોર્પોરેટરશ્રી વોર્ડ નં. ૭ પ્રભાબેન ગોરેચાનું સન્માન સંગીતાબેન સાંકડેચા, મીનાક્ષીબેન સુરેલીયા, કિરણબેન અનુવાડીયાએ કર્યું હતું.

ઉપરોક્ત સન્માન થયા બાદ મુખ્ય દાતાશ્રી અમુભાઇ ખીમજીભાઇ ભારદીયાનું સન્માન એમના વતીશ્રી જગદીશભાઇ ભારદીયાનું સન્માન મુખ્ય મહેમાન રસીકભાઇ બદ્રકિયા, મગનભાઇ બોરાણીયા, ધનજીભાઇ પંચાસરા તથા જ્ઞાતિ પ્રમુખ રમણીકભાઇ ગોરેચાએ કરેલ. તેમજ આ બાંધકામના સર્વે દાતાશ્રીઓ આશરે ૩૨૩ લોકોએ દાન આપેલ તે તમામનું સન્માન મુખ્ય મહેમાન તથા અતિથિ વિશેષશ્રીઓ તેમજ જામનગર ગુર્જર સુતાર જ્ઞાતિ કમિટી, યુવક મંડળ, વિશ્વકર્મા સર્વિસ ગ્રુપ, જામનગર ગુર્જર સુતાર જ્ઞાતિ મહિલા મંડળ દ્વારા તમામ દાતાશ્રીઓને મોમેન્ટો આપી હાજર રહેલા દાતાશ્રીઓ આશરે ૨૫૪ વ્યક્તિઓને સન્માનિત કરેલ.

આ કાર્યક્રમમાં પ્રમુખ શ્રી રમણીકભાઇ ગોરેચા દ્વારા બાંધકામની તમામ વિગતો તેમજ આવકાર આપવામાં આવેલ ત્યારબાદ ટ્રસ્ટીશ્રી દયાળજીભાઇ ભારદીયાએ વિશ્વકર્મા મંદિર ગેઇટની બાજુમાં આવેલ દુકાનનો કબજો પરત મળી ગયેલ હોય જે જગ્યામાં કલાત્મક પ્રવેશદ્વાર બનાવવાની જાહેરાત કરેલ. આ પ્રવેશદ્વારની બનાવવાનો ખર્ચ આશરે રૂા. ૫,૦૦,૦૦૦/-(પાંચ લાખ) જેવો થવાનો છે એવી ચર્ચા કરતા આ પ્રવેશદ્વાર બનાવવાનો રૂા. ૫,૦૦,૦૦૦/-(પાંચ લાખ) સુધીનો ખર્ચ દાતાશ્રી સ્વ. ખીમજીભાઇ ભારદીયા

પરિવારના શ્રી જગદીશભાઇ ખીમજીભાઇ ભારદીયા પરિવાર તરફથી દાનની આ રકમ આપવાનું જાહેર કરેલ. આ તકે આ દાતાશ્રીનું શાલ ઓઢાડીને પ્રમુખ રમણીકભાઇ ગોરેચા, ટ્રસ્ટી દિલીપમામ, ટ્રસ્ટી અશોકભાઇ આમરણીયા, મંત્રી જેન્તીભાઇ પેશાવરીયા તથા ખજાનચી ડો. હિમાંશુભાઇ આમરણીયાએ ભાવભર્યું સન્માન કરેલ.

આ કાર્યક્રમમાં એક મહિનાથી ડો. હિમાંશુ આમરણીયાને પત્રિકા છાપવાથી માંડીને મોમેન્ટો તૈયાર કરવાનું કાર્ય સંભાળેલ, તેમજ આ કાર્યક્રમ સફળતાપૂર્વક પૂર્ણ કરવામાં પ્રમુખ રમણીકભાઇ ગોરેચા, ટ્રસ્ટી દિલીપમામા, ટ્રસ્ટી અશોકભાઇ આમરણીયા, કાર્યવાહક પ્રમુખ ભરતભાઇ વડગામા, મંત્રીશ્રી જેન્તીભાઇ વિસાવાડીયા, સહમંત્રી રાજેશભાઇ જી. ભારદીયા, ખજાનચી ડો. હિમાંશુભાઇ આમરણીયા, સભ્ય નિલેશભાઇ ખારેચા, સભ્ય કમલેશભાઇ પિસાવડીયા, સભ્ય રાજેશભાઇ અંબાસણા, સભ્ય સુરેશભાઇ ભારદીયા, સભ્ય નરેશભાઇ વિશરોલીયા, સભ્ય પ્રમોદભાઇ વિશરોલીયા, યુવક મંડળ પ્રમુખ વિમલભાઇ ગોરેચા તથા તેમની ટીમ તથા સર્વિસ ગ્રુપ પ્રમુખ નિલેશભાઇ વડગામા, મંત્રી વિશાલભાઇ બદ્રકિયા, સહમંત્રી કિરણબેન અનુવાડીયા, પૂર્વ સર્વિસ ગ્રુપ પ્રમુખ પ્રવીણભાઇ ભાલારા, પૂર્વ ખજાનચી નવિનભાઇ બોરાણીયા, સભ્ય સુરેશભાઇ જોલાપરા તથા મહિલા મંડળ પ્રમુખ કુંદનબેન આમરણીયા, ઉપપ્રમુખ સંગીતાબેન સાંકડેચા, ઉપપ્રમુખ ગીતાબેન અઘેડા, મંત્રી ભાવનાબેન વઘાડીયા, ખજાનચી જાગૃતિબેન પેશાવરીયા, સહમંત્રી મિતલબેન આમરણીયા, સભ્ય નીલાબેન ગોરેચા, સભ્ય હિનાબેન અઘેડા, સભ્ય મીનાક્ષીબેન સુરેલીયા, સભ્ય ચેતનાબેન વાલંભીયા, સભ્ય દેવીકાબેન બકરાણીયા, સભ્ય હિરલબેન બકરાણિયા, સભ્ય રિધીબેન વાલંભીયા, સભ્ય દેવાંગીબેન વડગામા, તેમજ સહયોગી કાર્યકરો મણીભાઇ વડગામા, અરવિંદભાઇ અંબાસણા, જીવનભાઇ વેકરીયા, અરવિંદભાઇ સુરેલીયા, પ્રશાંતભાઇ અઘેડા, નિલેશભાઇ ઇસલાણીયા, તથા અજયભાઇ અંબાસણાએ જહેમત ઉઠાવેલ. આ કાર્યક્રમનું સંચાલન ડો. હિમાંશુભાઇ આમરણીયા, પ્રવીણભાઇ ભાલારા, સંગીતાબેન સાંકડેચા, ચેતનભાઇ વાલંભીયા, કિશોરભાઇ ગોરેચાએ કરેલ.

# દુદકીયા પરિવાર-રાજકોટ દ્વારા સ્નેહમિલન સાથે રજતજયંતી મહોત્સવરૂપે હોદ્દેદારોનું સન્માન કરાયું








તા. ૦૯-૦૧-૨૦૨૨ને રવિવારે સાંજે ૬ થી ૮ વાગ્યા સુધી શ્રી રાજકોટ વિશ્વકર્મા કેળવણી મંડળ ખાતે શ્રી ગુર્જર સુતાર દુદકીયા પરિવાર(રાજકોટ) દ્વારા સ્નેહમિલન રજત જયંતિ ઉત્સવ અને ભોજન સમારંભ ખુબ જ સફળતાપૂર્વક સંપન્ન થયો હતો.

કાર્યક્રમના પ્રારંભે પરિવારની પાંચ બાળાઓએ વિશ્વકર્મા પ્રભુજીને દીપ પ્રાગટ્ય કરી વંદના કરી હતી. ત્યારબાદ વર્ષ ૨૦૨૦-૨૧માં રાજકોટ દુદકીયા પરિવારમાંથી જે સ્વજનોનું અવસાન થયું હતું તેમના માટે બે મિનિટ મૌન પાળી શ્રદ્ધાંજલી આપવામાં આવી હતી.

સ્વાગત પ્રવચન અને વાર્ષિક હિસાબનું વાંચન કમિટી સભ્ય શ્રી મહેન્દ્રભાઇ વનમાળીભાઇ દુદકીયાએ કર્યું હતું. દુદકીયા પરિવારની સ્થાપના દિવસે તા. ૨૧-૧૦-૧૯૯૬ ના રોજ નિમણુંક પામેલ સૌપ્રથમ કમિટીના હોદ્દેદારોનું તેમજ આજ સુધીની કમિટીના અન્ય પ્રમુખનું મોમેન્ટો આપી સન્માન કરવામાં આવ્યું હતું.

આ ઉપરાંત જમણવાર, મીઠાઇ તથા આઇસ્ક્રીમના સ્પોન્સરશ્રીઓનું, આજીવન દાતાશ્રીઓનું અને વાર્ષિક સ્પોન્સરશ્રીઓનું પણ મોમેન્ટો આપી સન્માન કરવામાં આવ્યું હતું. સમગ્ર કાર્યક્રમનું સંચાલન શ્રી નટવરભાઇ આહલપરાએ કર્યું હતું.

સન્માન કાર્યક્રમ બાદ સૌ પરિવારજનોએ સાથે મળીને સ્વાદિષ્ટ ભોજન અને આઇસ્ક્રીમનો સ્વાદ માણ્યો હતો. દુદકીયા પરિવાર(રાજકોટ)ની કમિટીના પ્રમુખ, ઉપપ્રમુખ, મંત્રી, સહમંત્રી, કારોબારી તેમજ સલાહકાર સમિતિના સભ્યો વગેરે દરેક હોદ્દેદારોએ જહેમત ઉઠાવી સરકારશ્રીની કોરોના ગાઇડલાઇન અનુસાર સમગ્ર કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.

# શ્રી સૌરાષ્ટ્ર ગુર્જર સુતાર જ્ઞાતિ યુથફોરમ-નવાવાડજ, અમદાવાદ

# ડે નાઈટ ટેનિસ બોલ ક્રિકેટ ટુર્નામેન્ટ ૨૦૨૨

# ૯મો શ્રી વિશ્વકર્મા કપ





૯મો શ્રી વિશ્વકર્મા કપ, જોશ, જુસ્સો અને ઝનૂનના નજારાના આબેહુબ પરિદર્શન તા.૦૧/૦૧/૨૦૨૨ ના દિનની રમણિય અને વિશાળ સવુલિયતસભર પાર્થ પ્લે ગ્રાઉન્ડ પર થયા હતો. ટેનિસ બોલ ક્રિકેટ ટુર્નામેન્ટનો તા.૦૧/૦૧/૨૦૨૨થી ધમાકેદાર– ઉત્સાહભેર પ્રારંભ થયો. હર્ષચિચિયારી અને ઉમંગ ઉછાળથી તા.૦૯/૦૧/૨૦૨૨ ના રોજ તેનું સમાપન થયું. ભવ્યાતિભવ્ય આ પ્રતિયોગિતામાં 300ની કોરેમોરે તરવરિયા અને લડાયક યુવાનો પાર્થ મેદાનમાં વિજયચિન્હ (ટ્રોફી) માટે શ્રેષ્ઠતા પૂરવાર કરવા ગળાકાપ હરિફાઈનો માહોલ સર્જેલો. હર કોઈ ટીમ પૂરી સજ્જતા અને પ્રતિબધ્ધતાથી મેદાનમાં ઉતરી વિજયતાજ હાસંલ કરવા તનતોડ–ગાત્રનિચોડ મહેનત દ્રશ્યમાન થતી હતી. તા.૦૧/૦૧/૨૦૨૨ના મંગલ વર્ષના પ્રવેશ દિને પ્રારંભ થયેલ આ રસપ્રદ ટુર્નામેન્ટની પ્રતિસ્પર્ધામાં ૨૩ દળો (ટીમો) મેદાનેજંગ હતી. કુલે ૨૧ પ્રતિયોગિતાના અંતે ૨૨મીની અંતિમ (Final) મુકાબલામાં યુથફોરમ ઇલેવન–અમદાવાદ અને બ્રધર્સ ઇલેવન–અમદાવાદ શિરમોર જયચિન્હ (Champion Trophy) માટે રણશીંગાના નાદ સાથે સ્પર્ધાક્ષેત્રમાં ઉતરેલ. યુથફોરમ ઇલેવને ટોસ જીતી અને તેમની વ્યુહાત્મક ગણતરી અને વ્યુહ મુજબ પુરવાર થયો અને બ્રધર્સ ઇલેવન ૨૦ ઓવરમાં સિર્ફ ૮૫ રન કરી શકી જે લક્ષ્યાંક યુથફોરમ ટીમ માટે child's play (બાળક્રીડા) સાબિત થયો. જયઘોષની ગુંજ સાથે યુથફોરમ ટીમ સર્વશ્રેષ્ઠ દલ પુરવાર થયું. રનર્સ અપ ટ્રોફી બ્રધર્સ ઇલેવનને અને ખેલદિલી દર્શન અને શિસ્તબદ્ધતાથી રમત દેખાવ માટે ફેર પ્લે ટ્રોફી યુથફોરમ બી ના ફાળે ગઇ હતી.

૧) ચેમ્પિયન ટ્રોફી, યુથફોરમ ઇલેવન અમદાવાદ–સ્વ શ્રી મનસુખભાઈ ટી છનિયારાના સ્મરણાર્થે પ્રદાન શ્રી રમેશભાઈ છનિયારા (સમાજ અગ્રણી) શ્રી પરેશભાઈ છનિયારા (શિક્ષણવિદ) તથા શ્રી ધનશ્યામભાઈ છનિયારા (બિઝનેશમેન)

૨) રનર્સ અપ ટ્રોફી, બ્રધર્સ ઇલેવન– શ્રી ઓમીન જગદીશભાઈ ઝાલેરા, પ્રદાન શ્રી જગદીશભાઈ ઝાલેરા (સમાજહિતૈષી બિલ્ડર)

૩) ફેર પ્લે ટ્રોફી, યુથફોરમ બી ઇલેવન– શ્રી પ્રફુલભાઈ સુરેલીયા (પ્રમુખશ્રી યુવકસંઘ)

૪) મેન ઓફ ધ ટુર્નામેન્ટ, રવિ માંડવિયા (ગુણસુચક નામઃ ટોમ)– અનુદાતા શ્રી ધર્મેન્દ્રભાઈ જી ખંભાયતા (સમાજ અગ્રણી)

૫) મેન ઓફ ધ મેચ (દરેક મેચ) દરેક મેચ તથા ફાઈનલ શ્રી રિકેન પંચાલ (ફાઈનલ)– સ્વ શ્રી પરસોત્તમભાઈ આર ભકોડિયાના સ્મરણાર્થે પ્રદાન શ્રી ભીખાભાઈ પી ભકોડીયા (સમાજહિતૈષી)

૬) બેસ્ટ બેટ્સમેન, રવિ માંડવિયા–અનુદાતા શ્રી હસમુખભાઈ એન પનમારા (સમાજઅગ્રણી તથા ઉદ્યોગપતિ)

૭) બેસ્ટ કેચ ઓફ ધ ટુર્નામેન્ટ, શ્રી વિશાલ બકરાણીયા– શ્રી વિરલભાઈ વડેચા (સમાજ અગ્રણી)

૮) પાર્ટીસીપેટીંગ ટીમ મેડલ–શ્રી રમેશભાઈ તલસાણીયા (ટ્રસ્ટી વેજલપુર ગુર્જર સુતાર પરિવાર)

૯) મેક્સીમમ સિક્સર્સ ઇન ધ ટુર્નામેન્ટ, શ્રી રવિ માંડવિયા– શ્રી હિતેશભાઈ આર ખારેચા (આર્કીટેક્ટ)

૧૦) ઇમર્જીંગ પ્લેયર, શ્રી રિકેન પંચાલ– શ્રી મનુભાઈ પિસાવડિયા (સમાજ અગ્રણી ઉદ્યોગપતી)

૧૧) બેસ્ટ બોલર ઓફ ધ ટુર્નામેન્ટ, શ્રી કૌશલ ગજ્જર– અનુદાતાઃ બ્રધર્સ ઇલેવન ટીમ

૧૨) પ્લેયર ઓફ ધ ડે, શ્રી રિકેન પંચાલ– શ્રી અશોકભાઈ દશાડિયા (પૂર્વ પ્રમુખ યુવકસંઘ યુથફોરમ)

૧૩) બેસ્ટ ફિલ્ડર, શ્રી રિંકુ પંચાસરા– શ્રી નિતીનભાઈ પનારા

( સમાજહિતૈષી)

તા.૧ જાન્યુઆરીના રોજ રોમાંચ, જોશ–ખરોશ અને તહલકા સાથે પ્રારંભ થયેલ આ ટેનિસ ક્રિકેટ ટુર્નામેન્ટ માનવંતા મહેમાનો, અભિષેક સમાજ બંધુઓ અને હિતેષી શુભેચ્છકોથી અતિ શોભાયમાન અને ઉલ્લાસ ભરપુર રહી. પ્રતિયોગિતાનું ઓપનીંગ ટીમોના ખેલાડીઓના માર્ચ પાસ્ટ (અભિમુખ પ્રયાણ) થી થયેલ બેન્ડની ધૂન પર થયેલ. આ એક અનોખો નજારો હતો. માર્ચ પાસ્ટની પૂર્ણતા બાદ સાંસ્કૃતિક કાર્યક્રમ જેમાં પંજાબી ભાંગડા અને રાજસ્થાની નૃત્યો રજુ કરવામાં આવેલ. પ્રેક્ષકગણ આ પ્રદર્શનથી હર્ષિત થયેલ.

આ કાર્યક્રમ માણ્યા બાદ મહેમાનોની વાણીગંગાનો પ્રવાહ ચાલ્યો. ચેમ્પિયન ટ્રોફીના અનુદાતા શ્રી પરેશભાઇ છનિઆરાએ પ્રસંગોચિત શબ્દ દ્વારા સમાજ સંગઠનની વાત પર ભાર મુકેલ. રાજકોટથી પધારેલ યુવાપ્રિય અને નેતૃત્વ માહીર ગજ્જર સ્પોર્ટસ કલબના પ્રમુખશ્રી યોગિનભાઇ છનિયારાએ રમતગમતની જીવનમાં અગત્યતા અને તેનાથી થતા લાભોની વાત કરી (સંગઠન એ જ શક્તિ છે) પર ભાર મુકી એકતાની હાકલ કરેલ શ્રી રમેશભાઇ છનિયારાએ એમની આગવી શૈલીમાં પ્રતિયોગિતાના ભરપૂર પ્રસંશા કરી અને સંસ્થાને અભિનંદન પાઠવ્યા. યુવા સંગઠન સમાજમાં આમૂલ પરિવર્તન આણી શકે છે તેવી વાત કરી યુવાવર્ગને સમાજની સદ્‌પ્રવૃત્તિઓમાં જોડવાનું આહવાન કર્યુ હતું. સંસ્થાના પ્રમુખશ્રી શાંતિભાઇ ખોડદિયાએ મહેમાનોને શબ્દશ્રુંગારથી આવકાર્યા અને બૂકે અર્પણ કરી સન્માનિત કરેલ.



પ્રથમદિનના ભોજનના સહયોગી શ્રી શંકરભાઇ સોલગામા (ઉપપ્રમુખ યુથફોરમ), શ્રી હીરાભાઇ સોલગામા (સમાજહિતૈષી), ડો.ભાવેશ શાંતિભાઇ ખોડદિયા, શ્રી કલ્પેશભાઇ બાસોપીયા (પૂર્વ પદાધિકારી), શ્રી રૂપેશભાઇ તલસાણીયા (બરોડા સીઇઓ), શ્રી કિશોરભાઇ પંચાસરા (બિઝનેસમેન), શ્રી રમણિકભાઇ સચાણીયા (બિઝનેસમેન) તથા શ્રી દર્શનભાઇ જાદવાણી (ઉદ્યોગપતી) રહ્યા હતા. તા.૦૨/૦૧/૨૦૨૨ થી તા.૦૮/૦૧/૨૦૨૨ એટલે કે ૭ દિવસ ૧૦૦ થી ૧૫૦ ખેલાડીઓ તથા આગંતુક મહેમાનોને ભોજનનું અનુદાન ધર્મપરાયણ અને સદાશય શ્રી અરવિંદભાઇ ખારેચા તથા શ્રી બકુલભાઇ ખારેચા (ગાંધીનગર) તરફથી પ્રાપ્ત થયેલ હતું. અંતિમદિન તા.૦૯/૦૧/૨૦૨૨ ફાઇનલના દિનનું સ્નેહભોજન (૧૦૦૦ સંખ્યા) ઉદારચરિત– વિશાળહૃદયી શ્રી ધનશ્યામભાઇ વણોદિયા (પૂર્વ પ્રમુખશ્રી વેજલપુર ગુર્જર સુતાર પરિવાર) ની ભેટ હતી. ખેલાડીઓને રિફ્રેશમેન્ટ (નાસ્તો)નું અનુદાન ઉદાર શ્રી જિતેન્દ્રભાઇ એમ સચાણીયા તરફથી મળેલ.

સમાપનના દિને મુખ્ય અતિથિ તરીકે શ્રી કેતનભાઇ ગજ્જર (પિલોજપરા) ડેપ્યુટી કમીશ્નર ઇન્કમટેક્ષ, તેમના જીવનસંગીની આરતીબેન (મામલતદાર) સંગ ઉપસ્થિત રહી સમારોહને દૈદિપ્યમાન અને શોભામય બનાવેલ શ્રી યોગીનભાઇ છનીયારા, પરેશભાઇ છનીયારા, સુનિલભાઇ પંચાલ (પ્રાઇડ ઓફ પંચાલ) પ્રાસંગીક વકતવ્ય આપેલ શ્રી કેતનભાઇ યુવાનોને ઉજળા ભાવી માટે સખ્ત મહેનત કરવા શીખ આપી અને પ્રતિયોગીતાના સફળ આયોજનને અભિનંદીત કરેલ અંતમાં ટ્રોફી વિતરણ અને સન્માનચિન્હનું વિતરણ થયેલ. ચેમ્પિયન ટ્રોફી વિજેતા યુથફોરમ ઇલેવન તેના જશ્નમાં મશગુલ બની હતી. આ કાર્યક્રમની પૂર્ણતા પછી સૌએ સહભોજન લઇ પુનઃમિલન કરીશું તેવા ઉમદા ભાવ સાથે વિદાય લીધી હતી.

શ્રી હરેશભાઇ ગજ્જર (યુવા સંગઠન), શ્રી કાલુરામ લુહાર, શ્રી ધનજીભાઇ પંચાલ (પ્રાઇડ ઓફ પંચાલ)ની હાજરી ઉત્સાહપ્રેરક કરી હતી. પારૂલબેન ગજ્જર (એન્કર ), સી.જે.ગજ્જર (મીડીયા), અંકીત તથા શ્રી બીપીનભાઇ જાદવાણી (વિશ્વકર્મા વંશજ)નો સારો સહકાર રહ્યો હતો. એ ઉપરાંત શ્રી કાંતીભાઇ સુરેલીયા, શ્રી દિલિપભાઇ કનોજીયા (હાઇ કોર્ટ એડવોકેટ), શ્રી લક્ષ્મણભાઇ છનીયારા, શ્રી પરેશભાઇ કલોલીયા, શ્રી પ્રવીણભાઇ કલોલીયા, શ્રી ચંદુભાઇ ભાલારા, શ્રી રાજુભાઇ અંબાસણા (ટેનીસ બોલ અનુદાતા), શ્રી યોગીનભાઇ છનિયારા, શ્રી ભૂમિ એન્જિનિયરિંગ, (શ્રી જીગ્નેશ સચાણીયા તથા મિત્રો, રાજકોટ), શ્રી વિનોદભાઇ સાપાવાડિયા, શ્રી ભુપેન્દ્રભાઇ દુદકીયા, (ગાંધીનગર), શ્રી પંકજભાઇ જાદવાણી, શ્રી જયેશભાઇ તથા કેતનભાઇ પંચાસરા, શ્રી ધર્મેન્દ્રભાઇ બાવળેચા, શ્રી પરેશભાઇ બાવળેચા(નિકોલ), શ્રી રાજેશભાઇ પાણીસિનિયા, શ્રી બળદેવભાઇ જમનાપરા, શ્રી જયંતીભાઇ વરમોરા, શ્રી દિનેશભાઇ ઘોરેચા, શ્રી ધનશ્યામભાઇ અનુવાડીયા, શ્રી જગદીશ છનીયારા અને શ્રી તેજસ અનુવાડીયા, ગજ્જર ગ્રુપ (ઇસનપુર)એ ઉપરાંત મુંબઇ રાજકોટ, જામનગર, સુરેન્દ્રનગર, વડોદરા (શ્રી અનિલભાઇ નગેવાડીયા) તથા શ્રી કીરીટભાઇ બદ્રકીયા, મોરબી, કચ્છ, ધંધુકા (પ્રકાશભાઇ ખારેચા), આણંદ, જામખંભાળિયા (શ્રી રમણીકભાઇ સુરેલીયા) તરફથી મેળલ યોગદાન સાર્થક પ્રતિયોગીતાનું પરિબળ રહ્યું હતું. સલામ કરી કહેવું પડે કે અસંખ્ય અન્ય દાતાઓના અને કાર્યકરોના સહયોગથી આ કાર્નીવલને ઝળહળતી સફળતા મળી હતી. શ્રી શાંતિભાઇ ખોડદીયા, પ્રમુખ પ્રત્યક્ષ યા પરોક્ષ (નામી–અનામી) રીતે સહભાગી સૌ પ્રતિ આભાર વ્યકત કરી અને આગામી સમયમાં વધુ લાગણી–સ્નેહની વિનંતી સાથે સૌને સારી આવતીકાલની શુભેચ્છાઓ પાઠવી.

અહેવાલ–શ્રી શાંતિભાઇ ખોડદિયા મો.૯૭૨૫૦–૬૬૩૦૪


RAJ LAXMI
FLUID POWER CREATIVES
HI-TECH HYDRAULIC HOSE CRIMPING MACHINES
HYDRAULIC, PNEUMATIC, HYDRO POWERED ,
AUTOMATIC, SEMI-AUTOMATIC, MANUAL
4MM TO UPTO 200MM
Model : RLC - 206
Hose Crimping Machine (Vertical)
Upto 2" Cap.
Hand Operated
HoseCrimping Machine
Upto 1" Cap.
Model :RLC - 208
Hose Crimping
Machine
(Horizontal)
Upto 4" Cap.
Model : RLC - 207
Hose Crimping
Machine
(Horizontal)
Up to 2" Cap.
Model: RLC -208
Hose Crimping
Machine
Upto 2"
(Horizontal)
Automatic
Model: CH -215
Hose Crimping Machine
Upto 2"(Horizontal) Automatic
Low Pressure Motorised Hose
Crimping Machine Upto 1"
Hand Operated
Low Pressure Hose
Crimping Machine
Hose Skiving Machine
Hose Testing Machine
Hose Cutting Machine
Roll
MarkingM
achine
Ramnik J. Gajjar : 98250 75288
Vijay P. Gajjar : 82386 57687
Bhavesh R. Gajjar :98250 144 94
Manufacturer :
RJ
INDUSTRIES
1 - Paresh Estate,
Opp. Jaynath Complex,
Makkam Chowk,Gondal Road,
Rajkot 360 002
Email : r.jgajjar78@gmail.com.
rjinds@yahoo.co.in

# ONE STOP SOLUTION FOR HYDRAULIC HOSES & FITTINGS

Authorised Distributor :
(Saurashtra & Kutch)

Gates USA

POWERING PROGRESS

Manufacturer :

**R.J INDUSTRIES**

THE WORLD'S MOST TRUSTED NAME IN HYDRAULICS HOSES AND FITTINGS

Ramnik J. Gajjar : 98250 75288
Vijay P. Gajjar : 82386 57687
Bhavesh R. Gajjar : 98250 14494

1, Paresh Estate, Opp. Jaynath Complex, Makkam Chowk, Gondal Road, Rajkot 360 002. Email : r.jgajjar78@gmail.com / rjinds@yahoo.co.in





MANUFACTURE OF :
HYDROAULIC
HOSES END FITTINGS

Gates POW ERRING PROGRESS

HYDROAULIC HOSES, BELTS END FITTINGS

## PRESSURE OR RANGE, NO LIMITS....

- RUBBER BARIDED & SPIRAL HIGH PRESSURE HOSE
- AIR LESS PAINT SPRAY HOSE
- PNEUMATIC TOOL HOSE
- CEMENT GROUTING HOSE
- CHEMICAL HOSE
- WATER SUCTION/DISCHARGE HOSE
- PETROL DISPENSING HOSE
- MOBILE EQUIPMENT & EARTHMOVING HOSE
- OIL GAS ON OFF SHORE HOSE
- PVC BRATDED CLEAR HOSE
- JACK HOSE (MORE SAFE ECONOMICAL)
- TEFLON HIGH TEMPERATURE & PRESSURE HOSE
- STEAM HOSE
- HEAT RESISTANT CARBON FREE CABLE
- COOLANT HOSE
- ASBESTOS STANLESS STEEL CORRUGATED HOSE

FOR CATER PILLER, HITACHI, TEREX, JCB, POCLAN AND ALL TYPES OF EARTHMOVING MACHINERIES.
WE ALSO SUPPLY LOOSE HYDRAULIC HOSE & FITTINGS.

# Forging the Future

"આંતરરાષ્ટ્રીય ગુણવત્તા પ્રમાણે મોડર્ન ફોર્જીંગ ટેકનોલોજી તેમજ સી.એન.સી. મશીન દ્વારા બેરીંગ રીંગ, ગીયર બ્લેન્ક અને ઓટોમોટીવ પાર્ટસ્‌ના ઉત્પાદક. ભારત, અમેરીકા તથા યુરોપની નામાંકિત કંપનીઓ જેવી કે SKF, SCHAEFFLER, TIMKEN, TACO, NTN-SNR-ICSA, KOYO, NACHI, NBC, MAHINDRA GEARS & DANA-OERLIKON ના ગ્રીનફ્લો કેટેગરીના સપ્લાયર."







RTL®

## રવિ ટેકનોફોર્જ પ્રા.લી.

IATF 16949 : 2016, ISO 14001 : 2015 & ISO 45001 : 2018

ઉત્પાદક : બેરીંગ રીંગ, ગીયર બ્લેન્ક અને ઓટોમોટીવ પાર્ટસ્‌

રજીસ્ટર્ડ ઓફિસ એન્ડ ફેક્ટરી : સર્વે નં. 50/પી, ટોલનાકાની પાછળ, રાજકોટ-ગોંડલ નેશનલ હાઇવે નં.27, પીપળીયા, તા. ગોંડલ, જી. રાજકોટ. ગુજરાત (ભારત) ફોન : +91-2827-350200

E-mail : info@ravitechnoforge.com | Web : www.ravitechnoforge.com

VISHWAKARMA VISHWA(Gujarati), MONTHLY, RNI Regd. No. GUJGUJ/2013/49269. Post Reg. No. RAJKOT/497/2021-2023. Posted at Rajkot RMS on 10th of Every Month




VISHWAKARMA VISHAWA (GUJARATI-MONTHLY)
Editor-Publisher-Owner & Printer: Pravin Dayaljibhai Gajjar (Bhadeshia), Printed & Published at Ramy Printers, 'Meghavi', R.M.C. Nagar, Near Jain Boarding, Airport Road, Rajkot-360007, (Gujarat)
**If Undelivered Please Return : રમ્ય પબ્લીકેશન, ૩૨૦-હીરાપન્ના કોમ્પ્લેક્ષ, ડો. યાજ્ઞિક રોડ, રાજકોટ-૩૬૦૦૦૭**